કુમાર

સંસ્થાપક: સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી: સ્વ. બચુભાઈ રાવત


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક


વર્ષ ૫૮ · અંક ૬ · સળંગ અંક ૬૫૦


જૂન · ૧૯૮૧

તંત્રી


બિહારીલાલ ટાંક







જંતર-મંતર (ફોટો • અશ્વિન મહેતા) જયપુરના વિદ્વાન અને ખગોળ રસિયા મહારાજા જયસિંહે આકાશી નિરીક્ષણો માટે બંધાવેલી વેધશાળાનાં આ વિશાળ યંત્રોના આકાર તથા તેનાથી રચાતી તેજછાયાની અવનવી ભાતનું સૌન્દર્ય પ્રકટ કરતાં ત્રણ ફોટોચિત્રો.



કલાકાર વાન ગોઘ • નિજ અંતરવ્યથા અને સૌન્દર્યપિપાસાને દિલની વેદના જેટલી જ દારુણતાથી રંગના લચકા વડે કૅનવાસ પર ઢાલવી ગએલા આ કલાકારની બે સ્મૃતિઓ મુખ્ય છે : જાજ્વલ્યભરી રંગભભકવાળાં ચિત્રો અને દયાજનક દુ:ખી જિંદગી. આ છબીમાં એણે પોતાનો દેખાવ નહિ પણ પોતાના આંતરિક વ્યક્તિત્વને બતાવવાનો પ્રયત્ન કર્યો છે. પીંછીના એકેએક લસરકામાં તેના આંતરિક આવેગનો જુસ્સો જોવા મળે છે. આજે તો એના એક એક ચિત્રનું મૂલ્ય લાખો રૂપિયા અંકાય છે. પણ દસ જ વર્ષની તેની કલા-કારકિર્દીમાં એણે કરેલાં સેંકડો ચિત્રોમાંથી એના દરિદ્ર જીવનકાળમાં માત્ર એક જ ચિત્ર વેચાયું હતું. એની જોરદાર રંગાવટ અને પરંપરિત રીતથી ભિન્ન, તથા એ કાળે 'ખોટી' ગણાતી એની ચિત્રશૈલી ત્યારે તો માત્ર તેના અસ્વસ્થ માનસના પુરાવા રૂપ જ લેખાતી હતી. ચિત્રો અંગે લોકોની રુચિના આવા ફેરફાર તો હમેશાં થતા જ રહે છે. પરંતુ કલાકારને પોતાની કૃતિ દ્વારા જે કહેવું છે તે સમજવાની જેટલા નજીક આપણે પહોંચી શકીએ તેટલા પ્રમાણમાં આપણે તે માણી શકીએ. આ છબિચિત્રમાં વિરૂપતાથી વિશેષ જે છે તે સમજી શકાશે. અને એ સમજાવવાનો જ કલાકારનો ઉદ્દેશ છે. અને તેમાં જ તેની કલાસિદ્ધિ સમાએલી છે. (જુઓ આ અંકની 'કલાવાર્તા')

કુમાર

જૂન ૧૯૮૧

સળંગ અંક ૬૯૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે વધારે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ રીતે ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માટે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮-૦૦ અથવા પાઉન્ડ ૩-૦૦ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

જાપાન વિષે થોડું વધુ

'કુમાર'ના ૬૮૮ અંકમાં ડૉ. વૈદ્યના જાપાનના પત્રોના અનુસંધાનેત્યાંના વિષે થોડું વધુ:

છેલ્લા બે દાયકામાં તો જાપાન ઘણું બદલાઈ ગયું છે. પણ એ ફેરફારો મહદ્અંશે વૈજ્ઞાનિક અને આર્થિક છે. સાંસ્કૃતિક જાપાનમાં એટલો બધો ફેર પડ્યો નથી. છતાં બીજા વિશ્વયુદ્ધ 'પૂર્વેનું' જાપાન તો હવે નથી જ રહ્યું.

એ પશ્ચિમના લોકોને પૂર્વનો ને પૂર્વના લોકોને પશ્ચિમના રંગે રંગાએલો દેશ લાગે છે. તોકિયોમાં પૂર્વ-પશ્ચિમ બંનેનું મિલન જોવા મળે છે.

ભારત સિવાય બીજા કોઈ દેશની ભાષાઓમાં અનુસ્વાર હોવાનું જાણમાં નથી. જાપાની ભાષામાં પણ અનુસ્વાર નથી. અકારાંત શબ્દો પણ નથી, પણ નકારાંત શબ્દો છે. જેમ કે સાન, મિકાન, હ્યુકાન. આમાં 'ન' કદાચ અનુસ્વાર તરીકે હોય. જાપાની બારાખડી કા કી કુ કે કોમાં સીમિત છે. એટલે 'ઓતેમો ગાકુ' એ કદાચ 'ઓતેમો ગાકો' હશે. જાપાનીમાં શાળા માટે 'ગોકો' શબ્દ છે. જેનો ઉચ્ચાર 'ગાક્કો' થાય છે. 'દાઈગાક્કો' એમાં દાઈ એટલે મોટું, મહાન, વિશાળ. આમ, દાઈગાક્કો એટલે મહાશાળા. ઓસાકાની મોટી યુનિવર્સિટી 'હાનદાઈ'. આમાં 'હાન' એટલે ઓસાકા 'દાઇ' તે 'દાઇગાક્કો'નું ટૂંકું રૂપ. જાપાની ભાષામાં દરવાજા માટે 'તે' શબ્દ છે. પણ ભાષાને વધુ શિષ્ટ કે વિવેકી બનાવવા કેટલાક શબ્દોની આગળ 'ઓ' લાગે છે. આપણે ત્યાં આવોજી, બેસોજી, વગેરેમાં જેમ 'જી' તેમ આ 'ઓ'. જાપાનીઓ પણ રમૂજમાં કહે છે કે, અમારી ભાષામાં સંડાસ માટે 'બેન્જો' શબ્દ છે, પણ બોલાય 'ઓબેન્જો.' આમ ઓ લગાડવાથી બેન્જો શબ્દમાંની ગંદકી નીકળી જાય.

જાપાની લિપિ બહુ અઘરી છે. દરેક શબ્દ માટે એક અક્ષર હોય છે. જાપાની વિદ્યાર્થીઓ છેક મહાશાળા સુધી પહોંચે તે દરમિયાન દર વર્ષે થોડા નવા શબ્દો લખતાં શીખે છે. જાપાનની ભાષા જાપાની, પણ લિપિ ચીની છે. એટલે ચીનાઓ લિપિ વાંચી જુદો ઉચ્ચાર અને જુદો જ અર્થ કરે. આ લિપિ મૂળ તો પીછી વડે લખવાની છે, એટલે અક્ષરની દરેક રેખામાં જ્યાંથી લસરકો શરૂ થાય ત્યાંનો ભાગ જાડો ને લસરકો પૂરો થતો હોય ત્યાં અણિયાળો આવે. આજે યે શુભ પ્રસંગે કંઈ લખવું હોય તો તે કાળી શાહી અને પીછી વડે જ લખે. એમની લિપિ પીછીને અનુકૂળ છે, આપણી ક્તિાને.

જાપાનીઓ 'યસ સર'-હા જી કહેવા માટે 'હાઇ' શબ્દ બોલે છે, પણ બોલે એવી રીતે કે આપણને એ 'હેઈક' સંભળાય.

જાપાનની મહાશાળામાં કેટલાક ભારતીય પ્રોફેસરો પણ છે, જેમાંના એક પ્રો. ટાગોર તો ગુરુદેવ ટાગોરના વંશના છે.

જાપાનનો આધુનિક ઇતિહાસ સમ્રાટ 'તેન્ચી'થી શરૂ થાય છે. ઈ. ૬૭૧માં તેના અવસાન પછી સમ્રાટ 'ગોમાયો'એ 'નારા'ને રાજધાની બનાવી ત્યાં સુધી જાપાનનું કોઈ નિશ્ચિત પાટનગર નહોતું. જાપાનનો રાજધર્મ 'શિન્તો' છે, પણ પ્રજાનો મોટો ભાગ બૌદ્ધ ધર્મી છે. જો કે આજની પેઢી કોઈ ધર્મમાં માનતી નથી, અને એવો વર્ગ ઘણો મોટો છે. અલબત્ત, લગ્ન વખતે તે કઈ ધાર્મિક રસમથી કરવા એવો પ્રશ્ન ઊઠે છે. પણ ખ્રિસ્તીધર્મમાં લગ્ન કરવા સસ્તા અને અનુકૂળ હોઈ ઘણા લોકો કામચલાઉ ધર્માન્તર કરી ખ્રિસ્તી બની જઇને પરણે છે. શિન્તો ધર્મમાં શબને અગ્નિદાહ અપાય છે. જ્યારે બૌદ્ધો શબને દાટે છે.

ઈ. ૭૪૦માં 'નારા'માં ૫૫૦થી યે વધુ ટન વજનની તાંબાની એક ભવ્ય બુદ્ધ-પ્રતિમા સ્થાપવામાં આવી. આ પ્રતિમા જગવિખ્યાત છે અને 'તોડાઈજી' નામે ઓળખાય છે. આમ, જાપાનમાં બૌદ્ધધર્મનો પ્રસાર તો વધ્યો, પણ રાજ્ય અને 'સામુરાઈ' એટલે કે સામંત જાગીરદાર જેવા સરદારોએ તો શિન્તો ધર્મ જાળવી રાખ્યો. ધીરેધીરે નારામાં બૌદ્ધ સાધુઓ માથાભારે થવા લાગ્યા ને રાજકારણમાં પણ દખલ કરવા લાગ્યા એટલે ઈ. ૭૯૪-માં સમ્રાટ 'ક્વામ્મુ' એ 'ક્યોતો'માં પાટનગર ફેરવ્યું. ત્યાંથી બદલાઇને ઈ. ૧૮૬૯માં રાજધાની 'યેદો' લઈ જવામાં આવી 'યેદોગાવા' (યેદો નદી) પર વસેલું શહેર તે 'ઓયેદો' જેને આગળ જતાં 'તોકિયો' નામ અપાયું.

જાપાનમાં પાણીદાર વિદ્યાર્થીઓ માટે ત્યાંની મોટી પેઢીઓ પડાપડી કરતી હોય છે. તેઓ તેમને શિષ્યવૃત્તિ, લોન ને નોકરીનો કૉન્ટ્રેક્ટ કરીને પહેલેથી બાંધી લે છે. આમ જોઇએ તો બેકારી નથી, પણ સમાજમાં દરેક જગ્યાએ આગલી હરોળ માટે ગળાકાપ હરીફાઈ હોય છે. આથી તેજસ્વી યુવાનો એક પ્રકારના તનાવ નીચે જીવે છે અને નબળા લોકો તો તદ્દન ફેંકાઈ જાય છે.

જાપાનમાં પોતાના નામ પાછળ અભ્યાસની ઉપાધિઓ લગાડવાનો રિવાજ નથી. નામનાં પાટિયાં પર, વિઝિટિંગ કાર્ડ ઉપર કે અંગત સ્ટેશનરીમાં કોઈ પોતાની ડિગ્રીઓ છપાવતું નથી. એક માત્ર દાક્તરો જ પોતાના નામ સાથે તે દર્શાવે છે.

જાપાનનું નવું વર્ષ પણ જાન્યુઆરીની પહેલી તારીખથી આરંભાય છે. ત્યાંપણ નૂતનવર્ષાભિનંદન-પત્રો લખવાનો રિવાજ છે. અને એ નવા વર્ષના પંદરેક દિવસ અગાઉ પોસ્ટ કરી શકાય, પણ ત્યાં વહેંચણી તો નવા વર્ષના દિવસે જ થાય, ત્યાં સુધી એ ટપાલખાતાની ડિલિવરી ઑફિસમાં જ પડયાં રહે. એથી જ જાપાનથી આવતા નવા વર્ષનાં અભિનંદન પત્રો આપણને દસેક દિવસ વહેલાં મળે છે, કારણ એ વહેલા પોસ્ટ થયાં હોય છે.

વળી, ટપાલખાતા તરફથી પણ નવા વર્ષ નિમિત્તે માતાપિતા, સંતાનો, પતિ-પત્ની, મિત્રો, વેપારીઓ વગેરેને યોગ્ય સંદેશ-સૂત્રોવાળાં અભિનંદનપત્રો થોડાં વધુકા દરથી બહાર પાડવામાં આવે છે. આ કાર્ડ ઉપર અલગઅલગ સીરીઝ અને નંબર છાપેલાં હોય છે. નવા વર્ષને એકાદ માસ વીત્યે આ નંબરોનો લૉટરીની માફક ડ્રૉ થાય છે અને તદનુસાર મોટી સંખ્યામાં ઈનામો અપાય છે, પણ ઈનામ કાર્ડ મોકલનારને નહિ, કાર્ડ મેળવનારને મળે છે. આમ, નૂતનવર્ષાભિનંદન સાથે પાઠવેલી શુભેચ્છાઓ સાચા અર્થમાં ફળે છે. આપણે ત્યાં પણ આવું કંઈક ગોઠવવા જેવું છે.

જાપાનમાં 'ઉદોન' જેવી રસાદાર વાનગી અને લીલી પત્તીવાળી ચા વગેરે ગરમગરમ પીવાનો રિવાજ છે. અને એ પીતી વખતે સૂસવાટા બોલાવવાનું અશિષ્ટ નહિ પણ શિષ્ટ ગણાય છે. કારણ, તેઓ માને છે કે અણગમતી વાનગી જ માણસ ગુપચુપ અવાજ કર્યા વિના દવાની માફક પી જાય છે. આમ ચૂપચાપ પી જવું એ યજમાનના અપમાન સમું જ ગણાય. જો કે પશ્ચિમી દેશોનો સંપર્ક વધ્યા પછી હવે આ રસમ ક્યાં પાળવી ને ક્યાં ન પાળવી તે સમજી ગયા હોઈ તે પ્રમાણે તેઓ વર્તે છે.

વ્યવસાય અંગે સૂટબૂટમાં ફરતો જાપાની ઘેર આવીને તુરત 'યુકાના' (ઘરમાં પહેરવાનો પોષાક) પહેરી લઈ ચાકળા કે ગાદી પર ઊંધા પગ વાળીને બેસે ત્યારે જ એને સંતોષ થાય.

જાપાનના પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું સ્થાન બીજા નંબરનું છે, અને તે સ્થાન ત્યાંની સ્ત્રીઓએ સ્વેચ્છાએ અપનાવેલું છે. સારી ગૃહિણી અને માતા બનવામાં ત્યાંની સ્ત્રી ગૌરવ અનુભવે છે. જાપાનના લોકો ગમે તેટલો સંબંધ થાય તો યે સામાન્યતઃ પરદેશીઓને પોતાને ઘેર બોલાવતા નથી. આખા દેશની એક જ

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૪)

અવધૂ / રાજેન્દ્ર શાહ

અવધૂ !
સુણું અનહદનું ગાન.
સાધનનું નહિ કામ, નકામા કોલાહલના કાન.

સૂન સમંદર અહરહ કવનિત
નહીં તરંગની તાન,
આજ અવધિ અણુજાણુ રાગની કર અભિનવ પહિચાન.

સબદ પ્રગટ જે ભયો, થાય નહિ
એથી લવ અનુમાન,
અધર અડયા વિણુ બંસી-બોલ ! હો જાય સહજ પ્રણિધાન.

ચલત રહે ચલતા પથ પર ને
અચલનું અહીં મકાન,
તૃપ્તિ થતાં ય અધિકતર પ્યાસે હોય નિરંતર પાન.

કવનિત = કવણિત

અર્પણની એક વિરલ ક્ષણે / ઉશનસ્

(શિખરિણી • સૉનેટ)

વિસર્ગાવસ્થાની વિરલ પલમાં છું તમભણી:
ખડો ઉત્કંઠાએ, તમ ચહ્યુંકહ્યું ને રહ્યુંસહ્યું,
બધું દૈ દેવાના વિરલ વળમાં છું મનતણા;
કરાગ્રે સ્પર્શું જો જરીક, કરથી ખેંચી જ લિયો,
મને આખોઆખો; અલપઝલપે ચંચલપણે
અડે દૃષ્ટિ મારી, દગ જ હરી લ્યો, દૃષ્ટિ હરી લ્યો;
શું લૈ લૈ ને લેશો ? મનુજપણું મારું ? દઈ દીધું,
ન આમે મારાથી સહ્યું પણ – ગજા બહારનું–જતું.
ભલે, તો ચિંતા લ્યો ચૂંટી ચૂંટી, અરે, ચિત્ર જ લિયો;
વિશિષ્ટા સંજ્ઞા એ મનુકુળની હૈયે ઘણી કઠી.
લિયો: ચિંતા સાથે ચીતની બધી યે મિલ્કત દીધી;
સચેતાવસ્થાસ્તો મનુકુળની રામાયણ બધી;
વિકાસાવસ્થામાં મનનું ફૂટવું – શાપ – લઈ લ્યો,
જડાવસ્થા જૂની મન વગરની પાછી દઈ દ્યો.

ઉનાળાની બપોરે લક્કડખોદ

જયન્ત પાઠક

• ગાન •

તડકાના તીકમ જેવો આ ટચ ટચ લક્કડખોદ
ટોચે લાંબી ચાંચે ધીંગું વજ્જર જેવું ખોડ;

ખોડઘટા – અંધારત્વચાને ફોડે ધીમે ધીમે
ઊંડે ઊંડે અવાજ ખૂંપે ઠેઠ હવાના સીને;

કલગી – બીજો તીકમછેડો અવકાશોને ખોદે
કાળોપીળો પડે છોલ ને વ્હેર અવાજે ખોદે;

દિશદિશાનું બપોરિયું આકાશ ઊઠતું કંપી
ટચ ટચ ગોફણઘાવે અધ્ધર મરે મૌનનું પંખી !

ખરે બપોરે આ ઉદ્યમનો હશે કશો રે હેતુ
બખોલ બનશે વૃક્ષ, વૃક્ષ વા થશે હતું - ના - હોતું !

કોમલ આ અંધાર અગર તરુગર્ભતણો શું ફળશે:
મખમલિયાં પીછાંની ટાઢક લઈ રાત અવતરશે !

તમે આવો તો / દેવજી રા. મોઢા

• ગાન •

તમે આવો તો મૌન આજે તોડીએ,
વર્ષોથી બંધ રહ્યા બંનેના હોઠોને
ખોલીને વાણીથી જોડીએ !

હૈયા પર છાઈ ગયું કારમું આ મૌન,
વધુ જિવાશે ના એવું લાગે;
દેહ સાથે પ્રાણ રહ્યો કેવળ ટીંગાઈ
અહીં વળગીને પાતળે ધાગે:
દીવાની જ્યોત હવે જાશે વિલાઈ,
અને પડી રહેશે વાટ ખાલી કોડિયે ! –તમે૦

વિના અભ્યાસ હું ભૂલી ગઈ
અરે ! બોલતાં યે પ્રેમની ભાષા,
ને કહેવા છે તોય નથી કહી શકતી
કે મારા અંતરમાં ભાવ જાગે શા શા:
હવે વાણીનાં આણીગમ વાળો જો વ્હેણ,
અમે કરમાયાં તે પાછાં કૉળીએ ! –તમે૦

થાતું રહ્યું / કરસનદાસ લુહાર

• ગઝલ •

ઓગળી ઢેફું ને ડામરનું ઝરણ થાતું રહ્યું,
ધૂળિયાં સ્વપ્નાંઓનું શહેરીકરણ થાતું રહ્યું.

શ્વાસમાં ખળકી રહેલો લીમડો ક્યાં શોધીએ ?
આંખ જેવી આંખનું જ્યાં અપહરણ થાતું રહ્યું.

ખોબેખોબા કોણ ઉડાડે પછી લીલો ગુલાલ ?
કે હવે પથ્થર – હથેળીનું – પરણ થાતું રહ્યું.

મોરપીંછાં વીણવા કેન્વાસને વગડે જજો,
ટપમાં બંદી ટહુકાનું ઝરણ થાતું રહ્યું.

કરુણા

—પ્રફુલ્લ રાવળ

મણિલાલ દેસાઈની એક ગદ્ય કવિતાનું પ્રથમ વાક્ય છે: 'કરુણા તો અમદાવાદના ઊંટની આંખોમાં છે.' આ એક કવિનું દર્શન છે–સૂક્ષ્મ દર્શન છે. કરુણાની વ્યાપકતાનું નિદર્શન છે. ક્યારેક કરુણા સ્વયં થીજી જાય છે. વર્ષોથી માનવ કરુણતાનું યશોગાન કરતો આવ્યો છે, પરન્તુ આ સદીમાં તો માનવીની કરુણાનું બાષ્પીભવન થઈ ગયું છે. આથી એ કવિનું બીજું દર્શન વૈશ્વિક લાગે છે. માનવમાં કરુણા નથી એમ ન કહેતાં, 'માણસોને તો તો આંખો જ નથી' એવું એનું તારણ થીજેલી કરુણાની કરુણાન્તિકા સમું છે. પરંતુ મને તો અહીં-તહીં સર્વત્ર કરુણાનાં દર્શન થાય છે.

ઘડિયાળના ટકોરા જાણે કે કરુણાનું રણશિંગુ ફૂંકે છે. ચોમાસામાં છાપરાંનાં નેવાં ટપકે ત્યારે મને કરુણા ટપકતી લાગે છે. કોઈકની કરુણા અશ્રુ રૂપે ટપકી વાદળમાં રૂપાંતરિત થતી અનુભવીએ છીએ ત્યારે વીજળીના કડાકાનું રહસ્ય સમજાય છે. માનવ માત્રનું મન કરુણાનું સંગ્રહસ્થાન છે. કેટકેટલી કરુણા મારા બારણે ટકોરા દઈ રહી છે. એકાન્તમાં પગરવ સાંભળીને શેરીના કૂતરાની કરુણા સજીવન થાય છે. આયનો ક્યારેક કરુણાની પ્રતિકૃતિ ચીતરે છે. મારા ડ્રૉઈંગરૂમનાં ચિત્રોમાં ચિત્રકારની કરુણાની છબિ છે. પ્રત્યેક ક્ષણે કરુણા પ્રસવે છે. ક્ષણેક્ષણે વૃદ્ધિ પામે છે. એ ક્યારેક રૂપાળી લાગે છે, તો ક્યારેક સાવ કદરૂપી. એક જ રૂપે તેને બારણેબારણે ભમવાનું છે. ચોતરફનાં દ્વાર બંધ છે છતાંય ચોરપગલે તે પ્રવેશે છે. હવે તેનું રૂપ ક્ષીણ થઈ ગયું છે. અસ્તિત્વ ખવાઈ ગયું છે. એનું માનવમાં સમીકરણ થયું છે. કઈ ક્ષણે ભવભૂતિએ કહ્યું હશે 'એકો રસ કરુણઃ'? કરુણ નવરસનો બાદશાહ છે. એના શિરે કલગી છે, કૂકડાની કલગી જેવી રંગીન અને કોમળ!

બુદ્ધ કરુણામૂર્તિ કહેવાય છે. એમની આંખોમાંથી કરુણા નીતરે છે. આજે ય અજન્ટાનાં ભીંતચિત્ર કે બુદ્ધમૂર્તિમાં એ જ કરુણાનું દર્શન થાય છે. પરંતુ હવે માનવ તેને પારખે તેટલી સૂધબૂધ સાચવી શક્યો નથી. મને શહેરોની હૉસ્પિટલોમાં કરુણાનું ગાન સંભળાય છે. નર્સને જોતાં કરુણાદેવીનું ચિત્ર માનસ પર અંકાય છે.

'તે હિ નો દિવસા ગતાઃ' કહેનાર રામની કરુણા કંઈ ઓછી નહોતી. સરસ્વતીચંદ્ર ઘર ત્યજીને ભમવા લાગ્યો. તે કોઈ સુષુપ્ત કરુણાના સહવાસે જ.

મહાનગરની ઈમારતોની પ્રત્યેક ઈંટ કરુણાની ઈંટ છે. રિક્ષાની ઘરેરાટીમાં આ યુગના ગરીબોની કરુણા કણસે છે. મણિલાલને ભલે માનવ કરુણા-વિહીન લાગ્યો, પરંતુ મારી આંખ પ્રત્યેક સ્થળ-વ્યક્તિની કરુણાને જુએ છે, સાંભળે છે. ઘાસતેલ કે તેલની લાંબી હારમાળા કરુણાનું આત્મકથન છે. મંદિરમાં બે હાથ જોડીને ઊભેલો માનવ ઈશ્વર સમક્ષ કરુણાનું ગીત ગૂંજે છે. મધરાતે આકાશ તરફ મીટ માંડનારને તારાઓની કરુણા સ્પર્શે છે. ક્યારેક તારાઓ કણસે છે. તે અબોલ છે. દૂર છે, એથી એનું રુદન સાંભળી શકાતું નથી. પરંતુ કરુણાના બોજે ક્યારેક ખરી પડે છે ત્યારે કોઈને કંઈ જ થતું નથી. મારી અગાશીમાંથી મધરાતે તારો ખરતો જોઉં છું ત્યારે તારાની આત્મકથા લખવાનું સૂઝે છે. કલમ ઊપડે છે ને ઘડીમાં થંભી જાય છે. કલમની અણી પર કરુણા અટકી પડે છે.

ધુમ્મસ આકારની કરુણાનું ધૂંધળું ચિત્ર છે. પૃથ્વીના કરુણ ચિત્કારે વહેલી સવારે સૂરજ પૂર્વમાંથી પ્રવેશે છે. લૂ વાતી બપોરે સડક ચગદાઈને આક્રંદન કરે છે. વૃક્ષની ડાળમાં બેઠેલી કોયલનો રવ કરુણાના ગીતનો ઢાળ છે.

માનવ માત્ર માટે શ્વાસ છે કરુણા. એ જીવન-ગઝલના કાફિયા રૂપ છે. સંગીતના જ્ઞાતાઓ સમ પકડે છે ત્યારે ખરેખર તો કરુણા પકડાય છે. ક્યારેક રસ્તા પર કોઈ સૂરદાસને ગાતો સાંભળું છું ત્યારે તેના મુખ પરની કરુણા મારા અંતરંગને ભીંજવે છે. કદાચ પૂર્વાપર વગર આંખના ખૂણાને સ્પર્શી લઉં છું. એક ઢબથી ભીખ માગતાં નાનાં છોકરાંના ઉચ્ચારોમાં કરુણા છુપાઈને બેઠી છે. એને સ્વર-વ્યંજનોનું જ્ઞાન નથી, પરંતુ સ્વરના આરોહ-અવરોહથી સામેના હૃદયને ખિસ્સા તરફ વળે છે ને તેણે લંબાવેલા હાથમાં સિક્કો જઈને પડે છે. આ ઘડી કરુણાની ઘડી છે. દરેકને એ ઘડી સાંપડો! કોઈ શુભ ચોઘડિયે કોઈકની કરુણાનું રૂપાંતર થાય છે. અઢાર દિવસના મહાભારત યુદ્ધ પછી ઓગણીસમા દિવસના પ્રભાતનો સૂર્ય કરુણાનાં કિરણો વરસાવતો હતો. દ્રૌપદી-ગાંધારી ખુલ્લા દિલે પોતાની વ્યથા વાગોળે છે. પોતાનો પુત્ર હણાયો હોવા છતાં સ્વમુખે તે ન કહી શકનાર કુન્તીની કરુણા કોઈએ સાંભળી છે?

એક મિત્રના આંગણે એક મોર આવતો હતો. કલાકેક શાંત બેસીને ઊડી જતો. સતત સાત દિવસ આમ બન્યું ને આઠમે દિવસે એ મોર મૃત્યુ પામ્યો. મિત્ર એ દિવસે ખૂબ રડ્યો. આજે પણ ક્યારેક મોરની વાત નીકળે ત્યારે તેના ચહેરા પર ગ્લાનિ છવાઈ જાય છે. કેવું છે કરુણાનું રૂપ! એણે મોરની વાત કરી ત્યારે મને સાંભરી આવ્યો કાલિદાસનો મયૂર. આમ તો નૃત્ય એ છે મયૂરનો આનંદ, પરંતુ શકુન્તલાના વિરહે મયૂર નૃત્ય ત્યજે છે, એ અસહ્ય કરુણાના બળે જ. આજે પણ ક્યારેક સ્થિર-દુઃખસભર મોર જોઉં છું ત્યારે મને શકુન્તલાની વિદાય સાંભરી આવે છે.

કરુણા શબ્દ સાંભળતાં જ મારું ચિત્તતંત્ર સ્થિર બને છે. ઘડીભર રાજકપૂરની આંખો સામે તરવરતી લાગે છે. મારે મન રાજકપૂર આંખોની કરુણાનો જાદુગર છે. મધર ટેરેસાની આંખોમાં કરુણાનું નિવાસસ્થાન છે. રસ્તે રઝળતી અનાથ કરુણાને મધર ટેરેસાએ પોતાની આંખોમાં સમાવી લીધી છે. ક્યારેક થાય છે કે લાવ રાજકપૂર કે મધર ટેરેસા પાસેથી ચક્ષુદાન લઈ લઉં! □

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૧૪૨થી

ભાષા હોવા છતાં અંતરભેદે તે બોલવામાં ફર્ક પડે છે. 'કાન્સાઇ' (હોબે, ઓસાકા, ક્યોતો) પ્રદેશની ભાષા વધુ મૃદુ છે. જાપાનની ગેઈશા બહુધા આ પ્રદેશમાં જ છે અને તેઓ આ મૃદુ ભાષા બોલે છે. ગામઠી બોલી પણ, જેમ બધે તેમ અહીં પણ છે જ. 'એમ છે કે?' એમ કહેવા માટે જાપાનમાં 'સો દેસુ કા?' કહેવાય છે. પણ ગામઠી લોકો 'સો દેહ કા?' બોલે છે. જાપાની ભાષાનો શબ્દશઃ અનુવાદ લગભગ અશક્ય છે. જાપાની કથા પરથી એક અંગ્રેજી ફિલ્મ ઘણાં વર્ષો પહેલાં બનેલી. અંગ્રેજી નામ હતું 'ટી હાઉસ ઑવ ઑગસ્ટ મૂન'. આમાં જાપાની ભાષાનો ખરો અર્થ આવતો નથી. જાપાની નામનો કંઈક નજીકનો અર્થ તો થાય 'અષ્ટમાસી પૂર્ણિમા ચાઘર'. ચાઘરને જાપાનીઓ 'ઓચાયા' કહે છે. જાપાની નામ હતું 'દાચીતસુકી ઓચાયા'. બહુબહુ તો આપણે તેને 'પૂર્ણિમા હોટેલ' કહી શકીએ. પણ અસલ જાપાની શબ્દાર્થ તો ન જ આવે. છતાં જાપાની ભાષા બોલતાં શીખવી બહુ અઘરી નથી. આપણી માફક જ તેની વાક્યરચના કર્તા કર્મ ને ક્રિયાપદના ક્રમમાં બોલાય છે. આપણને તે શીખવી વધુ સરળ લાગે એ સ્વાભાવિક છે. પશ્ચિમી ભાષાભાષીઓ માટે એ મુશ્કેલ થઈ પડે ખરી.

(કાંદીવલી) —દિનકર જે. વ્યાસ



જીવનગંગોત્રીના સાહસિક યાત્રી

લાન્ઝા દેલ વાસ્તો

લેખક • કનુભાઈ જાની

જીવવું એટલે જીવનની સતત ખોજ કરવી; એની ખોજને ચાહવી – એટલી તીવ્રતાથી કે એ ખોજ જ બની બેસે જીવન! આવી રઢ સહેલી નથી. જીવનને ચાહવું એ એક સાહસ છે. એટલે જ, આ જીવન અને આવી રઢ બન્ને શ્લાધ્ય છે. રહસ્ય વિના રઢ કેવી? ને, રઢ વિના રસ કેવો? એ રસ જ અજાણ્યાનું ય આકર્ષણ ઊભું કરે છે. જ્યાં જાય ત્યાં લાન્ઝાને સહુ પૂછે છે: 'તમે કોણ છો?' ને, એ આવા પ્રશ્નોનો શો જવાબ દે?

આખું નામ તો એનું ગ્યુસેપ લાન્ઝા દેલ વાસ્તો. કવિ, શિલ્પી, ચિત્રકાર, સંગીતકાર, ફિલસૂફ, તત્ત્વજ્ઞાનમાં ડૉક્ટરેટ પામેલો સ્કૉલર, કોડીએક પુસ્તકોથી લેખક-પદને ય પામેલો; દેવના ચારે હાથ માથે પડ્યા હોય એવો રૂપ-ગુણ-સમ્પન્ન! ઊંચો, પડછંદ, ગોરો, રૂપાળો. ઝૂલતી સફેદ દાઢીમાંથી શિલ્પીએ જાણે બે પાંદડીઓ જુદી પાડી હોય તેવા પુષ્પિલ હોઠ; ને ગ્રીક શિલ્પીને ય અદેખાઈ આવે એવું જરા આગળ પડતું નમણું નાક; સ્વપ્નજળે ઠરેલાં હોય એવાં સહેજ ઊંડે ઊતરેલાં નેણ; ઢળતી પાંપણો અને આછી ભમ્મરોને શોભાવતું વિશાળ લલાટ, અને એને વિશાળતર બનાવતી આછા વાળવાળી ટાલ. જરા લાંબા મુખ પર લાંબી ગ્રીવા, હાથમાં લાકડી, ખભે ખડિયો; વેશમાં ધોતિયું ને આસમાની ઝભ્ભો, પગમાં ફાટ્યાં જેવાં ચંપલ, રજોટાયેલો પણ ફિરસ્તા જેવો દેહ. લોકો પાછળ પડે છે. પૂછે છે, 'તમે કોણ છો?' 'નામ શું?' 'ક્યાંથી આવ્યા?' 'ક્યાં જશો?' એને તો મૌન છે. કેવી રીતે જવાબ દે? ઝડપથી દોડે છે. લોક પીછો છોડતું નથી. એક નહેરને કિનારે એ બેસી પડે છે. પાછળ આવનાર વળી પૂછે છે: 'તમે કોણ છો?'

અંતે એ પોતાના ઝભ્ભાનો લીરો ફાડી, પાણીમાં વહાવી આંગળી ચાંધી બતાવે છે. જાણે સૂચવે છે કે 'એ ચીંદરડું તે હું.' (૫૯ : ૧૬૬)*

એ બન્યું '૫૪માં. એ પહેલાં ય ૧૯૩૮માં એક પોલીસમૅનને પણ લોકો જેવી જ જિજ્ઞાસા જાગેલી. ત્રણ દિ' પહેલાં એણે એને તગડી મૂકેલો. 'પૅલેસ્ટાઈન જવું છે' કહીને પોર્ટ સઈદમાં ઊતરતાં જેને રોકેલો, જેની પાસે નહોતો પરવાનો કે નહોતા પૈસા, કોક દયાળુ અજાણ્યાના જમીન પર જેને ઊતરવા દીધેલો—તે ય એ શરતે કે એ નગરની હદ ઓળંગે નહિ ને સાંજ સુધીમાં રખડીને પાછો હાજર થઈ જાય; પણ પછી જેની ભાળ કાઢતાં તો પોતાનો દમ નીકળી ગયેલો છતાં જે નહોતો મળ્યો, અને ભયંકર રણમાં પશુઓ પણ જ્યાં પગ ન મૂકે ત્યાં તો ન જ જાય છતાં, ત્રણ દિ' પછી પાછો આ પોર્ટ સઈદના સ્ટેશને ફૂટી નીકળ્યો, ત્યારે તેણે વિસ્ફારિત આંખે પૂછેલું: 'તમે છો કોણ? ક્યાં હતા અત્યાર સુધી?' અને જવાબમાં જ્યારે એણે રણ તરફ આંગળી ચીંધી ત્યારે એ ઘડીભર તો માની ય નહોતો શક્યો. પછી ખયાલ આવ્યો કે તો તો એ ભૂખ્યો હશે. કહ્યું, 'ચાલો, જમાડું.' આ કહે, 'મારે તો આજે શુક્રવારનો ઉપવાસ છે.'

'તો, તમારા માટે શું કરું?' પોલીસે પૂછ્યું.

'મુક્ત કરો.' મુક્ત તો હતો જ. એ ક્યાં ખાખી ડગલામાં જકડાયો હતો? (૭૧ : ૩૦૭)

અપરિચયે થયો આ બીજો પરિચય! ને ત્રીજો પ્રસંગ: એ જ લાન્ઝાને '૫૪ના જાન્યુઆરીની ૩૦મીએ કિન્જર ગામે, વિનોબાએ આવો જ પ્રશ્ન, જરા જુદી રીતે કર્યો: 'તમે છો કોણ? અત્યાર સુધીમાં તમે શું કર્યું છે?' (૫૯-૧૩૮)ને એનો જવાબ સાવ ટૂંકો છે: **'To do, one must first be.'**–કરવા પહેલાં તો થવું પડે. અને પોતાની મનીષાને કંડારવા ઊભા કરેલ 'આર્ક'ની એ વાત કરે છે. ચોપાસ ફેલાતી હિંસા સૌને વિચ્છિન્ન કરીને વેરી દે તે પહેલાં, કોઈ તરણી ('આર્ક' એટલે 'કિસ્તી') બનાવી-બતાવી શકાય કે? એવો સ્વસ્થ, સંવાદી, સ્નેહાળ સમાજનો નમૂનો...? ત્યારે ખબર પડી કે આ ઘુમક્કડ કેવળ મોજમાં ફરતો ફિલસૂફ જ નથી, જગતની ચિન્તાએ ચડેલો ફકીર છે. કારણ કે જીવનને એ છલોછલ ચાહે છે. પોતાના જીવન-પ્રેમ વિશે પોતે જ મુસ્તાક થતાં કહે છે: 'ડહાપણનો ડૉળ કર્યા વિના, બેધડક કહું કે, આ જીવનને મારા જેટલા નિર્વ્યાજ ભાવે બીજા કોઈએ ચાહ્યું નહિ હોય. એટલે જ, વિનાકારણ પણ મારા આ જીવનને હોડમાં મૂકવું મને ગમે છે. આખરે તો જીવનનો સાર મુક્તિ નથી? તો પછી, જોખમ વિનાની મુક્તિ કેવી? સાહસ વિનાના જીવનમાં રસ શો? એટલે જ હું માનું છું કે, શાણપણ સાહસમાં છે.' (૭૧-૩૦૦) કેવળ હૈયે હામ ને નજરમાં હરિ રાખીને, ચાળીસ માઈલનું ઘોર જંગલ, પગપાળા, સૂતાં-જાગતાં, રાત-દિ' ચાલતાં, પશુ-પંખીઓને ચાહતાં-ડારતાં, એમની વચ્ચેથી હેમખેમ પસાર કર્યાની વાત કરતા એ આમ

* વાસ્તોના જ આ શબ્દો છે. સંદર્ભોમાં ૭૧ છે તે એના પુસ્તક 'ધ રિટર્ન...' માટે, અને ૫૯ છે તે 'ગાંધી ટુ વિનોબા' માટે છે. પછી, પાનાંનો નિર્દેશ છે. આ સાથેની બે છબીઓ તેના પુસ્તકમાંથી લીધેલી છે.

કહે છે : 'Life without danger loses its savour. I therefore maintain that it is wise to dare.' (૭૧ : ૩૦૦) જોખમ વિનાનું જીવન તો સ્વાદ ગુમાવી બેસે. એટલે હું ખરું કરી બતાવું છું કે જોખમ ખેડવું એ ડહાપણ છે. પડકારોની વચ્ચે પડાવ એને વધુ ગમે છે. એને ઘર જ ક્યાં કોઈ એક સ્થળે છે? 'I have not a home, I have not a family, I have many homes and many families throughout the world.' (૭૧ : ૨૦૦) મારે ઘર નથી, મારે કુટુંબ નથી. પણ તો ય દુનિયામાં મારાં ઘણાં ઘર છે, ઘણાં ય કુટુંબ છે.

પણ આ જગપ્રવાસીના મનમાં કેવળ યાત્રા, માત્ર પ્રવાસ કે એકલા સાહસની જ નેમ નથી. આ કંઈ પરાક્રમ ખાતર પરાક્રમ કરવા નીકળી પડેલો સાહસશૂરો નથી. એ તો કહે : 'હું કંઈ પરાક્રમની શોધે, દેશ છોડીને નીકળી પડયો નથી. મારે તો પરાક્રમમાંથી મુક્ત થવું છે. ચોપાસની આ અંધાધૂંધીમાંથી મારગ કાઢવો છે.' (૭૧ : ૨૪૨) અને આ મારગ ઢૂંઢવાની એની લગની આગ જેવી પ્રબળ હતી–એક ધર્મલગની હતી.

આવી લગનીવાળો દરેક પોતાની લગનને એક આગવું નામ પણ આપતો હોય છે. એ રૂપકાત્મક હોય કે પ્રતીક પણ હોય. ગાંધીજીને એવું નામ મળ્યું હતું 'ફિનિક્સ'; લાન્ઝાને મળ્યું 'આર્ક'. બન્ને નામ પશ્ચિમની પુરાણકથામાંથી લીધેલાં.

न हि कल्याणकृत्कश्चित् दुर्गतिं तात गच्छति

એ શ્રદ્ધા ફિનિક્સની; સત્‌ની અમરતાની શ્રદ્ધા. તો 'આર્ક' એ પ્રલયમાંથી પણ ઊગરી શકવાની અમર આશા. 'આર્ક' (Ark) તો દેવદીધી તરણી. દેવનું વરદાન પણ માનવ-ઉગાર માટેનું. પ્રલયમાંથી આ તરણી દ્વારા ઊગરેલા માનવને પછી સપ્તરંગી મેઘધનુષી સેતુ (arc ની ઓથ મળે. એ ઇશ્વર અને માનવ વચ્ચેનો દિવ્ય કરાર. 'ફિનિક્સ' અને 'આર્ક' બન્ને એક આદર્શ માનવ-સમાજની સાકાર સંકલ્પનાના પ્રગલ્ભ પ્રયોગો હતા. 'ફિનિક્સ'નો પ્રયોગ પૂરો થયો; 'આર્ક'નો હજી ચાલુ છે. લાન્ઝાએ શરૂ કરેલી એ એક મોટી પ્રયોગશાળા છે. એની અનેક શાખાઓ હવે તો અનેક દેશોમાં છે. લાન્ઝાનું આ મોટામાં મોટું પ્રદાન. ચોપાસના રણનિનાદો, ભેરી-દુંદુભી-કોલાહલો વચ્ચે યે એની એક નાની બંસી બજી રહી છે. ક્યારેક લાગે છે, ક્યાંક હજી વૃન્દાવન છે ખરું.

આ બંસીનો નાદ લાન્ઝાને લાગ્યો કઈ રીતે? અને આ પ્રયોગ એણે કર્યો કઈ રીતે? આ બે પ્રશ્નોની બે આંખોથી લાન્ઝાના જીવનની ઝાંખી થઈ જાય.

ઈટાલીના એક અમીર વંશમાં ઈ. ૧૯૦૧માં સાન-વિતો-દેઈ-નૉર્માનીમાં એમનો જન્મ. બચપણથી બહુભાષી, પછી પણ અનેક ભાષાઓ શીખતા જ રહ્યા. ભણતર દરમિયાન જ ઈસુની સુવાર્તા 'ગૉસ્પલ'ની અસર તળે, આત્મનિર્ભર રહેવાનું શરૂ કર્યું. કામ કરતા જાય, ખર્ચ કાઢતા જાય, ભણતા જાય. એમ તત્ત્વજ્ઞાન સાથે પીએચ. ડી. થયા. રોમાં રોલાંકૃત ગાંધીચરિત અને અન્ય સંતોનાં ચરિત્રો હૈયે-હાથે ચડી ગયેલાં. એમણે પોતે જ બચપણનાં સ્મરણો ('Les Enfances d'une Pensee'માં) આપતાં જણાવ્યું છે કે તત્ત્વજ્ઞાન ને ધર્મ બધું ય ભેગું કરો તો ય જીવનના રહસ્યનો નાનકડો પ્રશ્ન ઊકલતો જ નથી! 'આ પતંગિયાનું હોવું શેણે?' અને આના જવાબની શોધે એ ખભે થેલો નાખી ચાલી નીકળ્યા.

ત્યારે ઘરની આથક સ્થિતિ નબળી હતી. એટલે કુટુંબ માથે પોતાનો ભાર જરા જેટલો ય ન રાખવો, એવો નિર્ણય કરીને જ નીકળેલા. વર્ષો સુધી યુરોપમાં ફરતા રહ્યા. જે નગરમાં જાય ત્યાં કામ શોધી લે. જે મળે તે કરે. ક્યારેક મજૂરી, ક્યારેક ચીતરવાનું કે શિલ્પ કોતરવાનું, ક્યારેક લૅટિન જેવી કોઈ ભાષા ભણાવવાનું. એશ-આરામ ન ખપે. નફો-બચત ન ખપે. ઈશ્વરમાં અપાર શ્રદ્ધા, એટલે કોઈ એક સ્થળે મુકામ પણ ન ખપે. ગરીબી તો હૈયે ચાંપી હતી. ભૂખ, દુઃખ, તિરસ્કાર અવગણના—એ બધાંનો અનુભવ આવકાર્ય હતો. દર-બ-દર ભટકવું ને સ્થિતિ-સ્થિતિનો અનુભવ લેવો એ જ ક્રમ રાખ્યો હતો. જીવનને ચોપાસથી જોતા હતા. નારા હતા : રાષ્ટ્રીયતા, આઝાદી, વિકાસ, યાંત્રિકતા, ઉત્પાદન, બજાર, ખપત, હરીફાઈ, વેપાર, વેગ; ઝૂંટાઝૂંટ! એક વિશ્વયુદ્ધની પૂછડીએ બીજાનાં ચિહ્નો કળાતાં હતાં! માણસને માણસનો વિશ્વાસ નહોતો! સમાજ બદલાયો હતો. વેપાર હતો, ઉત્પાદન હતાં, યંત્રો હતાં; બધું હતું, એક માણસ જ ખોવાયો હતો! હવે? પાછા ન જવાય, ઇતિહાસ ફેરવી ન શકાય. હવે અર્થકારણ વિના ન ચાલે; ઉત્પાદન વિના વિકાસ નથી; એ હવે બદલી ન શકાય!

લાન્ઝાને લાગ્યું કે આ વાત ખોટી છે. 'વિકાસ'ની દોટ ખોટી છે. 'The perfection of tools replaces man's skills and finally kills it.' (૭૧ : ૧૪૭) સાધનોની પરિપૂર્ણતા આદમીની આવડતને હટાવી અંતે એનો જ નાશ કરે છે. સાધન-સરંજામનો વિકાસ થાય છે એમ માનવ વધુ ને વધુ વામણો બનતો જાય છે! તનની ને મનની બન્નેની ખડતલતા ઓસરતી જાય છે. યંત્રોએ માણસનો એવો કબજો લીધો છે કે હવે એ માણસ પોતે જ યંત્ર બની ગયો છે! સંવાદિતા ઓસરી ચાલી છે. તેમાં ય રાજ આખું યંત્ર બની બેસે ત્યારે તો માણસ આપોઆપ એનું ઇંધન થઈ ઓરાયે જાય! આ ન જ ચાલે. સમાજપરિવર્તન માટે જોઈએ સાફ નજર ને દૃઢ નિર્ધાર. એ હોય તો બધું પલટી શકાય – ઇતિહાસ ને અર્થકારણ સુધ્ધાં! ક્રાઈસ્ટ તો એને હૈયે વસેલા અને ગાંધી વિશે યે એ જાણતા હતા. હા, એ એક માણસ પાસે કદાચ ઉપાય હશે. 'He is the first wise man in the East to prescribe work as a duty for every man and a road to salvation.' (૭૧ : ૧૧૧) ઉગમણા દેશોમાં એ જ પહેલો સમજદાર માણસ છે કે જેણે કાર્યરતતાને દરેક માણસની ફરજ ગણાવી અને મુક્તિનો માર્ગ દેખાડયો. નવો સમાજ, નવી વ્યવસ્થા, નવું જીવન આપે એવો એ જ એક છે.

અને લાન્ઝા દેલ વાસ્તો યુરોપથી પગપાળા નીકળી પડયા. હુ-એન-સંગ આ જ રીતે ધર્મજિજ્ઞાસાથી આવ્યો હતો – ધર્મ પામવા. તે પછી, આ અવાજવેગી વિમાનોના જમાનામાં પગપાળા નીકળી પડનાર આ લાન્ઝા જ પહેલા, ને કદાચ છેલ્લા હશે! વર્ષે દહાડે એ ભારત પહોંચ્યા. પહેલાં સીલોન અને ત્યાંથી ભારત.

સીલોનને કિનારે આ 'ફિલોસૉફિક વૅગબૉન્ડ', નવીનચન્દ્ર બનેલા સરસ્વતીચન્દ્રની માફક, વહાણેથી ઊતર્યા. ઘર, દેશ, સ્વજનો બધું છોડીને. ત્યાંથી એમની અપૂર્વ અનુભવયાત્રાકથા શરૂ થાય છે, તે કેરો બંદરેથી માતાને મળવા પાછા વહાણે ચડે છે ત્યાં પૂરી થાય છે! એકલવિહારીની એ અદ્‌ભુત કથા એમણે જાતે લખી છે 'રિટર્ન ટુ ધ સોર્સ' નામે. પાછો ફરેલ આ નવીનચન્દ્ર સરસ્વતીચન્દ્ર બની ગયો છે, પાછા ફરેલ લાન્ઝા-દેલ-વાસ્તો શાન્તિદાસ બની ગયા હોય છે! જગતની શ્રેષ્ઠ પ્રવાસકથાઓમાં આ પ્રવાસકથાની અચૂક ગણના થવાની. પ્રસિદ્ધ થતાં જ ફ્રાન્સમાં એની દસ લાખ નકલો ચપોચપ ઊપડી ગઈ, અને યુરોપની ભાષાઓમાં અનુવાદો થયા, એ અમસ્તું બન્યું નથી. એમાં કથાનો રસ તો, લેનારને મળે – લેખક કવિ છે, કલમ સરળ-સહજ રસાળ છે; પણ કથારસ કરતાં ય પદેપદે થતા અનુભવને સારવીસારવીને સમૃદ્ધતર થતું જતું જે મનોરાજ્ય તેના પાનેપાને ચમકે છે તે એનું અનોખું આકર્ષણ છે. એ એક સત્ત્વશીલ કૃતિ છે.

એમાં વાત તો છે ડિસેમ્બર ૧૯૩૬થી એપ્રિલ ૧૯૩૮ સુધીની, એટલે કે એક વર્ષ અને પાંચ માસની. પણ એ દોઢેક વર્ષનો અનુભવ લાન્ઝાના જીવનનું પરિવર્તનકારી વલણ ગણાય. સમાજ પરિવર્તનના પ્રેમભર્યા માર્ગોનો વ્યવહારમાં વિનિયોગ કરવાના પ્રયોગો કરવાની એમને એમાં તાલીમ મળી. સાથેસાથે વૈયક્તિક ચેતનાના રહસ્યપ્રદેશો પણ એમણે જોયા. ફરીથી સરસ્વતીચન્દ્ર યાદ આવે! ગિરિશૃંગોથી ગહન પામીને એ ગ્રામસેવાદીક્ષિત બન્યો કલ્યાણગ્રામી, એમ આનું ય થયું! ગાંધીની માનવકરુણા અને હિમાલયપ્રદેશે કરેલી યોગસાધના બન્ને અહીં પાંગરી! એટલે જ, વર્ષો પછી, ૧૯૫૯માં, યોગીઓ ધ્યાન-માં એકબીજાનું સાન્નિધ્ય કેવી રીતે અનુભવે કે માર્ગદર્શન કેમ આપી શકે એ વાત નીકળતાં એનો ઉત્તર એ તરત જ આપે છે: '...ઈશના પ્રેમની નીકટતાનું એ પરિણામ...**the love of god is also a common language.'** (૫૯ : ૭૫)

સીલોનથી આવીને દક્ષિણભારતમાં રમણ મહર્ષિ જેવાની સન્નિધિ પામીને, જ્ઞાન કરતાં કર્મને વધુ ઈષ્ટ માની, મહર્ષિને કીધ્યે પહોંચ્યા વર્ધા. ત્યાં સ્વસ્થ, શાણા, સ્વતંત્ર, સ્વાશ્રયી સમાજના ઘડતરની તાલીમશાળા કેવી હોવી જોઇએ એ મનોમન જાણી લીધું. ત્યાંથી ગયા ગંગોત્રીની યાત્રાએ – હિમાલયમાં. ત્યાંથી પાછા ફરતાં બેએક સાધુ-ઓની મઢીમાં સાધકજીવન ગાળી યોગસાધના કીધી; ત્યાંથી પાછા સેવાગ્રામ. ત્યાંથી પોર્ટ સઈદ થઇને માતા પાસે. ત્યારે યુરોપમાં અહિંસા—શાન્તિનું કામ કરવાનો પાકો નિર્ણય કરી લીધેલો.

તે પછી ચારેક વર્ષે, એકતાળીસ-બેંતાળીસની વચ્ચે, પરણ્યા. પત્ની ચેન્તર્લી યે એમના જેવાં જ હતાં—એવાં જ સ્વાશ્રયી-સ્નેહાશ્રિત-અહિંસક સમાજનું સ્વપ્ન સેવનાર. ચેન્તર્લી સુંદર મીઠો કંઠ ધરાવે છે. સંગીતમાં એ પણ પ્રવીણ છે. લગ્ન પછી ફ્રાન્સમાં બન્નેએ આશ્રમ સ્થાપ્યો—'ધ આર્ક.' યુદ્ધે એની ભીષણતા ચોપાસ ફેલાવી હતી ત્યારે એમણે અહિંસાની નાનકડી દીવી ફ્રાન્સના તુર્નિયેરમાં પ્રગટાવી. બીજા વિશ્વયુદ્ધના અંત સમયે, પારીસમાં એના શ્રમનિર્ભર સ્વાશ્રયી સમાજપ્રયોગે સારું એવું જૂથ ઊભું કર્યું.

'ધ આર્ક'માં પહેલાં તો સહુ કોઈ જોડાઈ શકતું; પછી બોલીનની વિશાળતર જગ્યામાં સ્થળાંતર કર્યું ત્યારે ત્યાં ત્રણ વર્ષની તાલીમને અનિવાર્ય લેખી. ત્યાં પણ સંખ્યા વધતાં ૧૯૬૩માં ફ્રાન્સની દક્ષિણે ત્રણ હજાર એકર પર 'બોરીનોબલ'માં સ્થળાંતર કર્યું ને પછી ઈટાલી, સ્પેઈન, કૅનેડા, આર્જેન્ટિના, અરે મોરોક્કોના રણ સુધ્ધાંમાં અનેક સ્થળે આ 'આર્ક'ની શાખાઓ ફેલાઈ! જીન સીજવીક કહે છે કે આણે તો પશ્ચિમમાં ગાંધીને જીવતો રાખ્યો છે! (૭૧ : ૭) અરે, ખુદ ભારત-માં તામિલનાડુના સેવાપુર ગામે, આના એક અનુયાયીએ 'ઈન્બા સેવા સંગમ' નામે એક આશ્રમ સ્થાપ્યો છે! સ્વાશ્રય, અહિંસા, ગરીબાઈ ને શ્રદ્ધા—એ બધાં મૂલ્યોને લઇને આ આશ્રમો ચાલે છે. નિર્ણયો સર્વાનુમતે લેવાય છે. ભોજન શાકાહારી જ મળે છે. સંગીત એ મોટું સાધન છે. ચેન્તર્લી ને વાસ્તો વાત્સલ્યથી વરસે છે. વાસ્તો—શાન્તિદાસ-ને યુરોપ તો 'ધ પિલ્ગ્રીમ'ને નામે જ ઓળખે છે. આશ્રમે બંધાઈ રહે એવા જીવ એ ક્યારે ય નહોતા.

'આર્ક' તો આશ્રમીઓની તાલીમશાળા; પણ સમાજના વ્યાપક પ્રશ્નોનું શું? એ પ્રત્યે કેમ બેદરકાર રહેવાય? એ માટે ૧૯૫૮માં વાસ્તોએ 'એક્શન-સિવિક-નોનવાયોલન્સ' નામે એક સંસ્થા સ્થાપી છે. યુરોપનાં આહસક આંદોલનકારોનું એ કેન્દ્ર બની ગઈ છે. ૧૯૫૯-'૬૦માં કેવળ શંકા પરથી અલ્જિરીઅનોને પકડી જવાનું સરકારે શરૂ કરેલું ત્યારે એની સામે સૈંકડો અહિંસક સ્વયંસેવકો જાતે પકડાયા! ફરજિયાત યુદ્ધભરતી કે અણુશસ્ત્રના ફેલાવા જેવા પ્રશ્નો સામે પણ



પોતાના પ્રવાસ દરમિયાન લાન્ઝા દેલ વાસ્તોએ ભારતીય ચહેરાઓની કરેલી ચિત્રનોંધ.

અહિંસક આંદોલનો સતત ચાલતાં રહ્યાં. એમાં લૂઈ લેકોઈ જેવાએ દસેક વર્ષની જેલ પણ વેઠી, આમરણાંત ઉપવાસનું શસ્ત્ર અજમાવીને ફ્રાન્સની સરકારને '૬૩માં નમવાની ફરજ પાડી! '૫૬ના ડિસેમ્બરમાં દેનિલો-દોલ્ચીની સાથે ફ્રાન્સમાં વાસ્તોએ ઉપવાસ કર્યા; પછી '૫૭માં અલ્જિરીઅનો પરના ત્રાસના વિરોધમાં વીસ દિવસના; અને રોમમાં '૬૩માં ૪૦ દિવસના ઉપવાસ કરેલા. વાસ્તોનાં આ બધાં કાર્યોમાં ચેન્તર્લી એમની પડખે રહ્યાં.

વિનોબાએ ભૂદાનયાત્રા શરૂ કરેલી ત્યારે વાસ્તો ફરી અહીં એક આંટો મારી ગએલા. પગપાળો પ્રવાસ કરેલો. લોકો વચ્ચે રહીને, ઝભ્ભાની ચાળ નીચે કાગળ સંતાડીસંતાડીને કેટલાંક રેખાચિત્રો દોરેલાં! રોજ પ્રભાતે પ્રાર્થનામાં એ ગિટાર વગાડતા. એમણે વિનોબાનું ચરિત્ર લખ્યું છે. અને બીજું પણ ઘણું—લગભગ વીસેક પુસ્તકો જેટલું લખ્યું છે. પણ એમનું લખાણ બધું યે એમણે કહ્યું છે એમ **'not a tale, but a call'** (૫૯ : ૨૦૧) કથા નહિ, આહ્વાન હોય છે. ૧૯૭૭માં વિદ્યાપીઠમાં આવીને એ ત્રણ વ્યાખ્યાનો આપી ગયેલા. પણ એમને લેખન-વ્યાખ્યાન ગમતાં નહિ. એમણે 'વ્યક્તિને પામવાનો નીતિબોધ' **'Principles and Precepts of the Return to the obvious'**માં કહ્યું છે કે **'As I have only one disciple who is myself, its teaching is addressed to myself... book is a pact I seal with myself.'**

છતાં એમની આ ખુદ્દવફાઈ જ એમના લેખનને સચ્ચાઈથી રણકાવે છે. એમાં ભળે છે કવિની નજર. ઓછામાં ઓછે શબ્દે એ કામણ કરી જાય છે! **'The palm-trees scarcely breathe, for the very air is drowsy.** (૭૧ : ૭૭) પવન તો નિંદરે છે, ત્યાં વૃક્ષ હવા લે ક્યાંથી?

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૪)

ન્યૂ યૉર્કનો મૅનહટન ટાપુ લાંબો બેટ. રેલ રસ્તા ને પુલ થકી તરેહતરેહની રીતે ખંડભૂમિ સાથે જોડાએલો. એને બીજે છેડે પાણી, ડાઉનટાઉન અને જમણે હાથે ન્યૂ જર્સી હોબોકોન અને નં. ૪૨ સ્ટ્રીટને છેડે મોટો ધક્કો. ત્યાં નાનીમોટી સ્ટીમરો લાંગરે, ફેરી સર્વિસ પણ ખરી અને ત્યાંથી મૅનહટનમાંનો વચગાળાનો બ્રોડવે એરિયા પ્રમાણમાં પાસે. આ ભૂગોળ ઘણાં જાણતાં હશે, નહિ તો આ પ્રમાણે કલ્પી લેવી. ડૅમોન રનિયનની અહીં કાયમી બેઠક ને એના ગઠિયા દોસ્તોની આવનજાવન પણ અહીં જ વધારે. એમાંના બે જિગરી દોસ્તની આ કથા છે.

દોસ્તી

ચંદ્રવદન ચી. મહેતા

ઈડ અને બેની પંદર વર્ષથી પાકા દોસ્ત હતા. ઈડ તે નાનકો ઈડ, અને બેની તે બેની ધ બ્લાઈન્ડ. બ્રોડવેમાં સૌ એને આ નામે જ ઓળખે. બેની બ્લાઈન્ડ એટલે ખરેખરો બ્લાઈન્ડ જ. જ્યારથી એણે આંખો ગુમાવી ત્યાર પછીથી, સૂરજ ભલેને ગમે એટલો તપે-પ્રકાશે પણ બેની એનું એક ઝાંખું અરૂપરુ કિરણ સુદ્ધાં જોઈ શક્યો નહોતો. પણ ઈડની આંખો તેજીલી ને ચબરાક, સામાન્ય માણસ કરતાં ય દોરા-પુર વધુ દૂર જોઈ શકે એવી. બંનેની જુગલ જોડી એવી કે પંદર વર્ષમાં કોઈ એમાં જરાશી તડ-ફાડ પાડી શક્યું નહોતું. બ્રોડવેમાં આ બંને જિગરી દોસ્તો પ્રત્યે સૌને માન અને લાગણી હતાં. હા, એક રની રીગ્રેટ એમાં જુદો પડતો, પણ એને તો હમેશાં સૌની કાળી બાજુ જ જોવાની ટેવ. સૌ કોઈની વિરુદ્ધ એ કંઈ ને કંઈ બબડ્યા જ કરે.

હવે આ ઈડ અને બેનીની જોડીમાં નજર વપરાય નાનકા ઈડની. એટલે ઈડ જે કંઈ ભાળે એનું એણે વિગતવાર વર્ણન કરવાનું અને બેની એ સાંભળીને સમજે. માનો કે ક્યાંક ઘોડદોડની શરત ચાલતી હોય, કે ક્યાંક ફૂટબૉલની મૅચ રમાતી હોય, તો ત્યાં આ બંને જણા હાજર તો હોય જ, ગમે તેમ કરીને પહોંચી જ જાય. પછી ત્યાં નાનકો ઈડ બેનીને બનતીનું બયાન કરે, વચ્ચે બેની કંઈ પૂછે તો એનો જવાબ પણ આપે. આમ, વાર-તહેવારે, અવસર-પ્રસંગે, ચકલાં-ઊડણ કે કબૂતર-ઊતરણ, જે કંઈ દેખવા જેવું હોય એ ઈડ જુએ અને એનું વર્ણન કરે તે બેની સાંભળે અને જાણે જાતે જ જોતો હોય એમ માણીને રાજી થાય. નાનકડા કરંડિયામાં બે ગલુડિયાં સંગાથે રાખ્યાં હોય અને એમાં એ બેય જેમ ગેલ કર્યા કરે એમ આ બેય ભાઈબંધો મજાથી પોતાનું જીવન વીતાવે. પંદર-પંદર વર્ષથી એકધારો વિના કોઈ તોડફોડ એમનો આ વહેવાર ચાલતો હતો, અને મિસ મેરી મારબલ પધાર્યાં નહોતાં ત્યાં સુધી એ એવો ને એવો જ મીઠો અને અખંડ રહ્યો હતો.

આ બંનેની દોસ્તી ક્યાંથી કેમ થઈ એ વિષે બ્રોડવેમાં કોઇને ય પૂછો તો કોઇને એની ખબર નથી. હા, આપણા નામીચા ગઠિયા રની રીગ્રેટને પૂછો તો, એની પાસે તો દુનિયાના કોઈ પણ સવાલનો જવાબ જીભને ટેરવે જ હોય, એટલે એ કહે છે, 'બેની હમદર્દીવાળો જવાન છે. ઘોડદોડના મેદાનમાં કિયો ઘોડો પહેલો આવ્યો એની ચકાસણી ને નિર્ણય કરનાર જે જજો છે એ બધા આંધળા જ છે, અને બેનીને એ જજો તરફ દિલસોજી ને હમદર્દી, એટલે જ એ યે આંધળો થયો છે.' પણ રની આમ કહે એનું ખરું કારણ તો એ કે, રની રીગ્રેટ જે ઘોડો રમ્યો હોય એ ઘોડો પહેલો આવ્યાનો નિર્ણય કદી પેલા જજો આપે નહિ, એટલે રનીભાઈ દુનિયાના રેસકોર્સના બધા જજ સાહેબોને હમેશાં આંધળા જ માને. પણ એમાં તો બીજું શું થાય?

પણ નાનકો ઈડ સાધારણ રીતે જૂઠું નથી બોલતો. અરે, એની રનિંગ કૉમેન્ટરી, એટલે કે બનતીના બયાનમાં યે એ ક્યાંય મરચું-મીઠું ભભરાવે નહિ. એટલે એ કહે તે સાચું. બેની વિષે એનું કહેવું છે કે, એક વાર ડેનવર ગામમાં જુગારના એક અડ્ડામાં આગ લાગેલી–યા કોઇએ લગાડી યે હોય. ત્યારે ધુમાડાના ગોટામાં કાંઈ સૂઝે નહિ, પણ એ વખતે બેની બધું દેખી શકતો હતો. ભડભડતી આગમાં ધસી જઇને એણે અંદર ફસાઈ પડેલા બે જણને બચાવી લીધા. પણ આમ કરતાં એની આંખમાં આગની એવી ઝાળ લાગી ગઈ કે બિચારો આંખો ગુમાવી બેઠો. કેટલાય દાક્તરોએ પોતાનાં થોથાં-ચોપડાં ઉથલાવી નાખ્યાં ને કંઈકંઈ દવાઓ વાપરી જોઈ, પણ એ કોઇને જશ મળ્યો નહિ.

આ ઈડની વાત કદાચ સાચી હોઈ શકે. બાકી બ્રોડવે ઉપર હરતી-ફરતી ચકરાતી-ઘુમરાતી કંઈ કેટલીયે વાતો આવે, એમાં મારો તો દૃઢ મત કે એમાંથી એકે ય સાચી માનવી નહિ, અને એમાં ય રનીયા રીગ્રેટની તો કોઈ વાત સાચી મનાય જ નહિ.

બીજું બધું તો ઠીક, પણ બેની આંખે અંધ એ સો ટકા સાચું. બાકી એની બુદ્ધિ બળવાન. વાતવાતમાં કોઈ એને બનાવી જાય એ વાતમાં માલ નહિ. કોઈ ખંધાઈ-અંચાઈ કરે તો એની એને ગંધ આવી જ જાય. પત્તાં રમવા બેસે ત્યારે બરાબર પાનું ઊતરે, અને રમતમાં જીતેય ખરો. પાનાં વહેંચાઈ જાય એટલે નાનકો ઈડ એને બાજુ પર લઈ જાય અને પાનાં ગોઠવી આપે. એ આઠ કે બાર પાનાં બેની ક્રમવાર બરાબર યાદ રાખી લે. રમતમાં બીજા ખેલાડી જે પાનું ઊતરે તે ઈડ એને કહી સંભળાવે અને પછી બેની પાનું ઊતરે. એમાં કદી ભૂલથાપ થાય નહિ. અને બેની રમવા બેસે ત્યારે કોઈ એને છેતરવા કોશિશ કરે પણ નહિ. કોઈ ગઠિયો આંધળી વ્યક્તિનેર મતમાં છેતરવાની હિંમત કરે નહિ. એમ કરે તો વિવેકહીન, શઠ, નીચ, પાજી, મનમેલો કે ઘાતકી-ક્રૂરમાં જ એની ગણતરી થાય, અને બ્રોડવેમાં ફરી કોઈ એની સાથે રમવા જ બેસે નહિ.

દેખાવમાં બેની ઊંચો, પાતળો ને રૂપાળો. જ્યારે નાનકો ઈડ નામ પ્રમાણે ઠાગણો. બંને સાથે જતા હોય ત્યારે નાનકો બેનીનો હાથ પકડીને દોરતો હોય એ દેખાવ પણ જોવા જેવો. આખા બ્રોડવેના સરિયામ વિસ્તારમાં બેની માટે લોકોને ભારે હમદર્દી. જેવો બેની દેખાય કે સૌ તુરત એને રસ્તો આપે, ઉમળકાથી હૅલો કહી એના ખબરઅંતર પૂછી લે. કદીક બેનીની સાથે ઈડ આવી શક્યો ન હોય એવું બને તો, બ્રોડવેમાં બેનીની પિછાનવાળાઓની એક કમિટી, પંચ; એમાંથી વારાફરતું એકએક જણ એને સથવારો આપે જ આપે. અલબત્ત, ઈડ પોતાને જે રીતે દોરે-ફેરવે એટલી સરસ એ લોકોની કામગીરી બેનીને લાગે નહિ એ જુદી વાત છે.

રેસકૉર્સ એટલે કે ઘોડદોડના મેદાન ઉપર આ ઈડ-બેનીની જુગલ-જોડીની સાથે દોડતા ઘોડા જોવા બેસવું એ યે એક લ્હાણું. મારા વા'લા દરેક દોડમાં બે ય એક જ ઘોડો રમે. એમાં ઘોડાનું વજન, એનું નામ, કુળ, એની પીઠે બેઠેલાં જૉકીની ઓળખપિછાન, એની આવટતની ચર્ચા, ઘોડાની સાત પેઢીનો ઇતિહાસ વગેરે બધું ચર્ચ્યા-વિચાર્યા બાદ બેની જે ઘોડો કાઢી આપે તે અંગે પછી બે મત હોય જ નહિ. ન્યૂ યૉર્કથી માંડીને બર્લિન સુધીમાં ઘોડદોડની માયાજાળ ને ચિંગલ-

ચુંગાલનો ગમેતેવો રસિયો જાણકાર ગણતરીબાજ ઉસ્તાદ, મગજમાં છઠ્ઠી નસનાડીવાળો માડીજાયો ભલેને આવી જાય, બેનીનો હિસાબ-કિતાબ ને ગણતરી સોમાંથી નવ્વાણુ ટકા સાચી પડે જ. હા, ઘોડદોડમાં જ કોંટા-કબાલા કરવામાં આવે તો તેમાં બેની તો શું, ભલભલાની ગણતરી યે ભોંઠી પડે એ જુદી વાત છે. બાકી દોડની આગલી રાતે આ બેની કે ઈડના ઘેર બીજા દિવસની રેસ અંગે જે ઘોડા ગણાય, એની સાત પેઢીઓનાં પરાક્રમો ચર્ચાય, એની અને એના ઉપર બેસનાર જૉકીના વજનની ગણતરીઓ થાય, અને એમ સરવાળા-બાદબાકીમાં આ બે ય જણા જે ચારપાંચ કલાકો ઝઘડાઝઘડી, ચર્ચાચીમટી ને દલીલોની પટ્ટાબાજી ખેલે તેની મજા તો જે જુએ તે જ જાણે, અને જાણે એ જ માણે. કારણ, આ ઘોડદોડની શરતમાં કીયો ઘોડો જીતશે એનો હિસાબ ગણવાનું એક અલાયદું શાસ્ત્ર છે. એમાં એસ્ટ્રોલોજી, આ લોજી, તે લોજી એમ ઘોડા તથા જૉકીની બેયની વંશગોત્રલોજી જ નહિ એમની ખાધાખોરાકીનાં કોસ્ટકોને ય કામમાં લેવાં પડે એવું આ ઘોડદોડશાસ્ત્ર છે. આપણને એમાં ગમ ન પડે. અરે, મે બી, કેટલાક તો ઘોડાના રંગની યે ગણતરી લગાડે ને વાર-તારીખ સાથે યે એનો સંબંધ જોડે, તો કોઈ વળી ઘોડાની પૂછડીની લંબાઈ વગેરેની પણ નોંધ લેતા હશે. પણ હું હજી આ શાસ્ત્રમાં એટલે ઊંડે ઊતરી શક્યા નથી. ગમેતેમ, પણ કલાકોની માથાફોડ, જીભાજોડી ને ક્યારેક કદાચ નહોર-નખોરિયાં સુધી વાત પહોંચાડ્યા બાદ નિર્ણય લેવાઈ જાય પછી બધું શાંત. અને શરતના મેદાનમાં બાંકડા ઉપર તો બંને જણા ઘોડાને બરાબર જોતા હોય તેમ એમની એક જ શ્વાસની બૂમરાણ, 'કમ ઑન જિપ્સી, બક અપ બ્લડી' અને એવુંએવું આરડતા હોય. અને ત્યારે બેનીને ય બૂમો મારતો ને તાળીઓ પાડતો જોઈ કોઇને યે ન લાગે કે એ આંખે આંધળો છે.

હવે આપણે મૂળ વાતનો દોર પકડી લઇએ એ પહેલાં આ બંનેની આર્થિક સ્થિતિનો અંદાજો ય મેળવી લઇએ. હિસાબ સાવ સાદો છે. નાનકા ઈડ અને એના ભાઇઓની હોબોકન વિસ્તારમાં એક નાનકડી ફૅક્ટરી છે. ટોપીઓ કહેતાં હૅટ બનાવવાનો એમનો ધંધો. કેવી કેવી જાતની હૅટ્સ બનાવે એ જાણવાનું બાજુએ રાખી એટલું સમજી લઇએ કે ઈડના ભાઇઓએ એને સીધા કામકાજમાંથી મુક્ત રાખેલો. કારખાને પણ મન ફાવે ત્યારે આવવાજવાની એને છૂટ, અને છતાં એનો ભાગ પૂરેપૂરો મળે એવી ભાઇઓની ઉદારતા. આની સામે ઈડ પણ બેની જોડે ક્યારેક ક્યાંય ફરવા-જોવા જાય ત્યારે ખભે ટોપીઓના થોડા સૅમ્પલ પણ સાથે લઈ જતો, ને ક્યાંક મોટા સ્ટૉરમાં એ બતાવતો રહેતો. આમ, કોઈ કોઈ વાર એ સારા મોટા ઑર્ડરો પણ લઈ આવતો. બેનીના કુટુંબીઓ પણ સારું કમાતાં અને બેનીની સંભાળ રાખતાં. એટલે પૈસાની બાબતમાં નિરાંત હતી. વળી, અપંગના નસીબના ઘોડા જાણે એને મદદ કરવા જીવ સટોસટ દોડીને વાર-તહેવારે સારો ફાળો કાઢી આપતા. એટલે બંને ખાઇપીને મજા કરતા. બેની આંખે દેખે નહિ એટલે લટકાળી દેખાવડી પોટ્ટીઓ સામે તો એને જોવાપણું હતું જ જ નહિ, અને નાનકો ઈડ વફાદાર દોસ્ત હોઈ મોટે ભાગે બેનીની સંભાળમાં જ રહેતો તેથી હજી સુધી એ કોઈ લફરામાં પડ્યો જ નહોતો.

પણ એક દિવસ અમારા મિત્ર આઈક જૅકૉબ્સે એમને એક નવા ચીની નાટક નામે 'રેડ હૉટ લવ'ની બે ટિકિટો આપી. જૅકૉબ્સને એ કોઈ બીજાએ ભેટ આપેલી, પણ એનાથી નાટકમાં જઈ શકાય તેમ નહોતું એટલે એણે આ જુગલજોડીને એ આપી દીધી. આ માટે બન્ને મિત્રોએ જૅકૉબ્સનો ભારોભાર શબ્દોમાં આભાર પણ માન્યો. અને નાટકના દિવસે સાંજે બેય બનીઠનીને ખેલ જોવા ગયા. નાટક-કૉન્સૉર્ટમાં એ બેય આમ તો અવારનવાર જતા, ખાસ કરીને સંગીતના જલસામાં વધુ જતા. આજે અહીં નાટકમાં ઊપડ્યા.

હવે, આ બેય નાટક જોવા જાય ત્યારે નિયમ એવો કે પર્દો ઉપડે-ઊઘડે કે પ્રથમ તો આપણો નાનકો ઈડ-રનિંગ કૉમેન્ટેટર તુરત તખ્તો, સેટ, ફરનિચર, પાત્રોનો પહેરવેશ વગેરેવગેરે બધાંનો હુબહુ ચિતાર બેનીને કહી સંભળાવે. નટનટીઓની ઓળખ આપે. કંઈ ન સમજાય તો બેની પૂછી લે. નાટક ચાલે ત્યારે સંવાદો તો બેની સાંભળી શકે, પણ નટનટીના અભિનય વિષે ઈડ વિવેચન કરે તો બેની પોતાનો મત પણ તુરત જાહેર કરી દે. અને એમાં પેલી ઘોડદોડમાં કયો ઘોડો જીતશે તેની ચર્ચા જામતી તેમ અહીં પણ આ બંને વચ્ચે તીખોમીઠો સંવાદ જામે.

હવે આ તો નાટકશાળા. અહીં તો નટ નાટક ભજવે અને જુએ સાંભળે શ્રોતા-પ્રેક્ષક. પણ પ્રેક્ષકોમાં આ બે જણા વારંવાર સંવાદ માંડે, અને નાટકમાંની ક્રિયા અંગે ચર્ચા આદરે તો શું થાય એ કલ્પી લેવું અઘરું નથી. આજુબાજુના પ્રેક્ષકોને ભારે ડખલ થાય, રસક્ષતિ થાય. એમાં વળી જો કોઈ એકાદ જણ સિસકારો કરીને ચૂપ રહેવા સૂચવે, તો હિમ્મત કરી બીજા બે-પાંચ પણ એમાં જરૂર સૂર પુરાવે. આમ ચડભટાટ ચાલતો થાય. પણ બેની અને ઈડ આજે કંઇ પહેલીવાર નાટકશાળામાં નહોતા આવ્યા. નાટકો જુએ અને સિનેમા પણ જુએ, અને આવા ચૂપ રહેવા માટેના શશશ સિટિરપિટિરથી એ ટેવાઈ ગએલા. એટલે એમનો સંવાદ તો ચાલતો જ રહે. આજનું નાટક કંઇક ગુંચકોકડાનું, ઇબ્સેનિયન કે ચેખોવિયન-પ્રૉબ્લેમ પ્લે. અહીં સંસાર ચીનાઇ, એમાં વળી ક્યાંક ભારોભાર પ્રચાર પણ ઝપેટાય, એટલે આ બે મિત્રોમાં નાટક અંગે મતભેદ વધ્યો. બેની મુક્કામુક્કી અફાળી કહે 'નાટક કચરો'. તો ઇડ કહે, 'ના, અભિનય જીવ વગરનો'. અને આ કંઈ નાટકના શાસ્ત્રમાં જેવો તેવો મતભેદ ન ગણાય, એટલે વારંવાર એમની ચર્ચા ચગવા લાગી. એમાં વળી અભિનયનો વાચા પ્રકાર, અંગ પ્રકાર, એવા જુદાજુદા ચાળીશ જાતના પ્રકાર બ્રોડવેના મારા એક પ્રોફેસર એક દિવસ મને સમજાવતા હતા તેમ ઇંડે એ પ્રકારોમાં પહોળા થવા માંડ્યું. અહીં નાટકશાળામાં તો સૌ કોઈ નાટક જોવા આવ્યા હતા. આવાં પૃથક્કરણના કોષ્ટકો બનાવવા નહોતા આવ્યા. એટલે પહેલો અંક પતતાં સુધીમાં તો આજુબાજુના શ્રોતાઓમાં ભારે કચવાટ, ઉહાપોહ, ચડભડાટ વગેરેની ગરમી ઠીકઠીક વધી ગઇ, અને નાટકમાં તો આવતાં આવે, પણ અહીં ક્લાઈમેક્સની તૈયારી એવી થઈ રહી કે તાળીઓ પડી. દરેક નાટકશાળામાં, અને બ્રોડવે પર તો ખાસ પગારદાર સશક્ત ગઠિયાઓ હોય છે, એવા ત્રણ દાગીનાઓ આ બે દોસ્તોની પાસે આવી પહોચ્યા, ખભે હાથ દબાવી બેયને ઊભા કરીને બહાર લઈ ગયા. ત્યાં જ નાટકનો પહેલો અંક પૂરો થયો અને અહીં બહાર લૉબીમાં બીજો નાટક શરૂ થયો.

બેનીને કંઇ ખબર નહિ કે એમની ટિકિટો મફતમાં આવી હતી એટલે એણે તો નાટક પૂરું થતાં પહેલાં ઉઠાડ્યા એ માટે રીફંડ-પૈસા પાછા માગવાનો દાવો જાહેર કર્યો. અને 'નાટક કચરો છે' એ અભિપ્રાય તો ફરીફરીને જાહેર કર્યા જ કર્યો, એટલે ઠીકઠીક ટોળી એમની આજુબાજુ એકઠી થઇ જાય છે. મફતિયા ટિકિટનું રીફંડ ન મળે એ જ્ઞાન ઇડને હતું એટલે એ મુદ્દો તો ત્યાં જ દટાઇ ગયો, પરંતુ બેનીનો 'નાટક કચરો છે' નો લલકાર તો ચાલુ જ હતો. ત્યાં નાટકશાળામાં અંદર કેટલાંક ભાઇબહેનોએ બેનીના એ કથન ઉપર જ તાળીઓ પાડી હતી, કારણ બેનીની વાત સાચી હતી, એવી એક વાત પણ એમાં સ્પષ્ટ થઇ. ઇડે તો જો કે અભિનયનું જ પૂછડું પકડી રાખ્યું હતું.

પણ આ ધમાચકડીમાં એકાએક વીજળી ઝબકી. ગુસ્સાથી લાલઘૂમ મોં વાળી મિસ મેરી મારગલ ત્યાં વચ્ચે ટપકી પડી. એનો અભિપ્રાય તો વળી તદ્દન જુદો હતો. એ કહે, પરણેલાંઓ માટેનું જ આ નાટક

છે. કારણ, કેટલીક ઉક્તિઓ એમને જ ગળે ઊતરે, પણ અમારા જેવી કુંવારી કન્યાઓ માટે આ નાટક નકામું છે. સદ્‌ગૃહસ્થો, તમને બંનેને અભિનંદન. નાટક ખરેખર કચરો, અભિનય પણ નમાલો.' ઇડ કંઇ ચર્ચા કરવા જતો હતો ત્યાં બધાંએ મેરીબાઇ મારબલના સૂરને પકડીને કોરસ કરવા માંડયું: 'નાટક કચરો જ. અભિનય નમાલો'. અને એમાં વળી મેરીબાઇ સિદ્ધાંતના ક્ષેત્રમાં ઊતરીને કહે છે: 'આવી રીતે નાટક માટે મત જાહેર કરે એને નાટકશાળામાંથી બહાર કાઢવા એ એ ન્યાયી નથી.' પછી તો ત્યાં ચર્ચાનો ચોતરો જ જામી પડયો.

આ પ્રસંગ પછી હવે આપણી વાત પલટો લે છે. ઇડ અને બેની બે ગાઢ મિત્રો, એમાં આ મેરી મારબલ એમની કુમકે દોડી આવી એથી એમની ઓળખાણ વધી. એથી હવે પ્રથમ ક્યારેક, પછી અવાર-ચવાર ને પછી વારંવાર મળવાનું થવા લાગ્યું. પરિણામે મેરી મારબલ બ્રોડવે પરના મોજાં વેચવાના સ્ટોરમાંની પોતાની નોકરીમાંથી સાંજને પહોરે વખત મળતાં બંનેને મળે છે, હવે ધીરેધીરે ઇડની રનિંગ કૉમેન્ટરીનો ચાર્જ મેરી મારબલ પણ લેવા લાગી છે. મેરી મારબલ જ્યાં નોકરી કરે છે ત્યાં કેટલી જાતના, કેવાકેવા રંગનાં, કિશોરીઓ માટે પગનાં મોજાં વેચાય છે એનું દાસ્તાન જો સાંભળીએ, અને એ મોજાં જોઇએ તો લાગે કે એ હવામાં જ વણેલાં લાગે, કારણ પગે પહેરો તો ખબર જ ન પડે કે પગ ઉપર કશું ચડાવ્યું છે. એ તો એ ધંધાની, એ કામગીરીની હિકમત, એમાં આપણે નહિ પડીએ. પણ આપણે આ મિસ મેરી મારબલનો રંગ, સિક્કો ને શરીરનો બાંધો પ્રમાણી લઇએ.

પચ્ચીસેક વર્ષની એ હશે. જો કે અમારા રની રીગ્રેટને પૂછીએ તો, મને યાદ નથી કે એણે આખા બ્રોડવે વિસ્તારની કોઇ રમણીનમણી પોટ્ટીના વખાણ કર્યા હોય. પોતાનો 'ટેસ્ટ' બહુ ઊંચો છે એમ બતાવવા એનો અહં હમેશાં આગળ ઊપસી આવે, એટલે એનો અભિપ્રાય પડતો મૂકીએ તો મેરી મારબલનો અવાજ મારબલ જેવો લીસો, મીઠો પણ ખરો. વાંધો ગણીએ તો એક જ વાંધો, કે એને પોતાના કંઠનો વપરાશ વધુ ગમે. પેન્સિલ્વેનિયા પરગણાના એક નાનકડા ગામની એ પેદાશ અને સંસ્કારી લાગે. પણ બ્રોડવે ઉપર હરવુંફરવું કે કામધંધે ચડવું હોય તો પાકી સંસ્કારી દેખાય એવો દેખાવ તો કરવો જ પડે.

બેની અને ઇડની સાથે મૈત્રી સંબંધ બંધાયા બાદ બ્રોડવેના ઈજારદારો એ સંબંધમાં ક્યાંક કંઈ ને કંઇ 'રહસ્ય' કે 'ભેદ', કે કંઇ નહિતો 'કંઇક' છે એવું વારંવાર કહેતા થઇ ગયા હતા. એ જે હોય તે, પણ હવે બેની અને ઇડ, અઠવાડિયાના છેલ્લા ભાગમાં રાતે પોતાના ઘરમાં બેસીને ઘોડદોડની શરતમાં કિયા ઘોડા પહેલા આવશે એનાં કોષ્ટક ગોઠવતા તેના બદલે હવે બેની ઇડને મેરી મારબલને વિષે નાખી દેવા જેવા હજાર સવાલ પૂછતો, અને ઇડ હોંસેહોંસે એના જવાબ આપવા પણ તત્પર દેખાતો.

'ઇડ, કહે તો ખરો કે મેરી દેખાવમાં કેવીક છે?' બેની પૃછતો.

'અરે, એ તો સૌન્દર્યની મૂર્તિ છે, બેની.' ઇડ રોજ એમ જ કહેતો.

એક રીતે તો આ કોરટમાં જૂઠી સાક્ષી પુરાવ્યા જેવું લાગે. પણ ઇડના મનમાં એમ કે જો બેનીને મેરી મારબલનાં વખાણ સાંભળવાં છે તો શા માટે વખાણ જ ન કરવાં. અને જતે દિવસે કેટલાકને એવું યે લાગવા માંડયું કે હવે તો ઇડને પોતાને યે મેરી મારબલ જિન્નતની હૂર જેવી લાગવા માંડી હતી.

પણ એક દિવસ તો બેની ધી બ્લાઇન્ડ બોલી પણ ગયો, 'ઇડ, મેરી મારબલ વિષે તું જે કહે છે. તે સાંભળી અબઘડી સુધી તો એનું રૂપ જોવા ખાસ કંઇ ઇચ્છા થતી નહોતી, પણ હવે એ કેવી છે તે જોવાની ભારે તલબ કહો તો તેમ નહિ તો ઉત્કંઠા જાગી છે.' એનો અર્થ એટલો જ કે બેનીના દિલમાં હવે મિસ મેરી માટે પ્રેમનું તાપણું પ્રકટયું છે. પણ મારું તો ચોક્કસ માનવું છે કે જે રીતે ઇડ રોજરોજ મેરીના વખાણ કરે છે એ સાંભળીને બેની જ નહિ, ભલભલાના દિલમાં પ્રેમના અંગારા ભડભડવા માંડે જ. પણ શું થાય? બેનીએ તુરત તો પોતાના દિલમાં પ્રેમની ચિનગારી સળગવા માંડી છે તે જાહેર તો કર્યું નહિ. કારણ, હજી એના મનમાં ક્ષોભ, મીઠી મૂંઝવણ, વિચિત્ર લાગણીઓનું ઘમસાણ એ અનુભવી રહ્યો હતો. જ્યારે પ્રેમ પરગટ થવા માંડે છે ત્યારે પહેલાંપહેલાં જે દશા-અવદશા માણસે ભોગવવી પડે છે તેમાંથી એ પસાર થઇ રહ્યો હતો.

લાગતાં-વળગતાં અને જોનારાં-જાણનારાં મંડળોમાં હવે એવી ચર્ચા થતી કે નાનકો ઈડ હવે હતાશ અને નિરાશ ઉપરાંત વ્યથિત અને દુ:ખી પણ છે. કારણ, આટલાં વર્ષોના લાંબા ગાળા બાદ બેની ધ બ્લાઈન્ડ એની હૂંફમાંથી આઘો જતો રહ્યો છે. કેટલાક પરગજુ સજ્જનો તો ઈડ માટે કોઈ નવો અંધ સાથીદાર શોધી આપવા પણ તત્પર થઈ ગયા. એવા નવા સાથીદારને ઈડ એની રીતે ફેરવે-દોરવે-સાચવે-સંભાળે તો એનો અનુભવ પણ કાયમ રહે એવી વાયકા પણ ચાલવા માંડી.

આમાં એક દિવસ એક નવો જ ઘાટ ગોઠવાયો. તે દિવસે ઈડને જવું હતું હોબોકોન, પેલા ટોપીઓ બનાવવાના કારખાનામાં કંઈ કામ પડયું-બગડયું એટલે, અને મેરી મારબલના સ્ટોરમાં સ્ટૉક લેવાનું કામ નીકળ્યું એટલે એમાં એને મોડી રાત સુધી ત્યાં રોકાવાનું આવ્યું. આમ થતાં બેની બિચારો એકલો શું કરે? એટલે એણે ઈડ સાથે જવાનું નક્કી થયું. કારખાના પાસે દરિયાકાંડે એક રેસ્ટોરાં છે ત્યાં એ બેસે, ત્યાંના જે બે-પાંચ ઓળખીતા છે એની સાથે ગપ્પાં મારે અને બાજુના દરિયાના પાણીમાં ઉછળતાં મોજાંનો અવાજ સાંભળે. એટલે એ બેય મિત્રો હોબોકોન જવા નીકળ્યા.

હવે ન્યૂ યૉર્ક મૅનહટન ટાપુને જમણે પડખે ન્યૂ જર્સી, હોબોકોન. આવનજાવન ફેરી બોટમાં. ટ્રેન કે મોટરમાં ય જવાય. ત્યાં પહોંચી રેસ્ટોરાંમાં જરા ખાણીપાણી કર્યા બાદ, કામ પતી ગયા પછી બંને ફેરીબોટમાં પાછા ફરવા ધક્કા ઉપર ગયા. સામેથી ફેરી આવી, તે ખાલી થઈ, આપણા બંને ભાઇઓએ ટિકિટ કઢાવી અને ન્યૂ યૉર્ક પાછા ફરવા તેમાં ચડી ગયા. ફેરી ઉપડી. હવે, ઈડને એવી ટેવ કે સારો પવન આવે એટલા માટે એ હમેશાં દરવાજા પાસે જ બેસે, એમ એ બેઠો, અને બેની ધ બ્લાઈન્ડ કઠેરાને પકડીને ઊભો રહ્યો. હડસન નદી અને સાગરના મીઠાખારા જળના મિલનનાં પાણી કાપતી ફેરી ન્યૂ યૉર્ક તરફ નજીકને નજીક આવતી ગઈ. એ અર્ધે પહોંચી ગઈ તે પછી ઈડે બેનીને બૂમ મારી, 'બેની, બેની અહીં આવ.' અને જે દિશામાંથી ઈડનો અવાજ આવ્યો એ તરફ બેની ચાલ્યો. ઈડનો અવાજ ફેરીમાં દાખલ થવાના દરવાજા તરફથી આવતો હતો. એ તરફ બેની ગયો. એના મનમાં કે હમણાં ઈડ એનો હાથ પકડીને એને દોરવશે, પણ બેની જેવો ખુલ્લા દરવાજાથી આગળ એક ડગ ખસ્યો કે સીધો નીચે પાણીમાં જઈ પડયો. એક વાર એ પાણીની સપાટી ઉપર આવ્યો. ગરગળ ગરગળ થયું, શ્વાસમાં હવા લીધી ન લીધી ત્યાં ફરી પાણીમાં ઊતરી ગયો. ફેરીમાં જે કોઈ હતા એ સૌ સૌના રાગમાં, વાતોમાં તલ્લીન તે કોઈનું એના પડવા પ્રત્યે ધ્યાન ગયું નહિ. ફેરી તો આગળ ને આગળ ચાલતી રહી. બેની બીજી વાર પાણીની સપાટી ઉપર આવ્યો. ફરી ગરગળ ને એ પાછો પાણીમાં અને પછી તુરત ત્રીજી વાર એ ઉપર આવ્યો ત્યારે છેલ્લી વાર એનો અવાજ સંભળાયો: 'ગુડ બાય ઈડ, અલવિદા, બાય બાય.'

હવે એ જ ઘડીએ પાણીમાં એક ધુબાકો સંભળાયો. ઈડ એની તરફ તરતો દેખાયો, અને બેની પાણીને તળિયે. અને પાણી ત્રણ વાર માણસને ઉપર ધકકેલે, પણ પછી ત્રીજી વાર પત્યું કે એનું આવી જ

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૪)

સરોવરોની જીવનકથા

લેખક
વિજયગુપ્ત મૌર્ય

જળબંધવાળી નદીઓના ઉપરવાસમાં જ્યારે અવિચારીપણે વૃક્ષો કાપવામાં આવે છે, ત્યારે ધરતીનું ધોવાણ વધતાં તેના વડે બંધ પાસેનાં સરોવરોમાં કાંપનો ઝડપથી ભરાવો થવા લાગે છે. પરિણામે સરોવરોનું અને તેમની સિંચાઈ-યોજનાઓનું આયુષ્ય ઘટે છે. આપણા દેશમાં કુદરતી સરોવરો સંખ્યામાં બહુ થોડાં અને કદમાં પણ એ બહુ નાનાં છે. દક્ષિણ કરતાં દુનિયાના ઉત્તર ગોળાર્ધમાં સરોવરોની સંખ્યા ઘણી છે અને તે કદમાં પણ મોટાં છે. સરોવર કુદરતી હોય કે માનવ-સર્જિત, પણ તેમને જન્મ, જીવન અને મૃત્યુ હોય છે. અલબત્ત, મોટાં સરોવરોનું આયુષ્ય પણ ઘણું લાંબું હોય છે.

જ્યાં કોઈ ભૂભાગ તેની આસપાસની ભૂમી કરતાં ઊંડો હોય અને તે ઊંડા ભાગને ભરેલો રાખવા પાણીનો સતત પુરવઠો મળ્યા કરતો હોય તો ત્યાં સરોવર બને છે. દસ હજાર વર્ષ કરતાં વધુ સમય પહેલાં પૃથ્વી ઉપર ત્રીજા હિમયુગનો અંત આવ્યો તે અગાઉ હિમસરિતાઓ-(glaciers)એ ઉત્તરા ખંડમાં ઘણાં સરોવરો બનાવ્યાં હતાં. તે પછી હિમસરિતાઓ પીગળી ગઈ અને સરોવરો રહી ગયાં. આમાંથી જેમને પાણીનો પુરવઠો મળ્યા કરે છે, તે સરોવરોનું અસ્તિત્વ ટકી રહ્યું છે. યુરોપમાં સ્વીડન, ફિનલૅન્ડ અને ઉત્તર અમેરિકામાં કૅનૅડા ને યુનાઇટેડ સ્ટેટ્સમાં પુષ્કળ સરોવરો છે. ઘણાં સરોવરો એકબીજા સાથે જોડાયેલાં પણ છે. આ બધાં નાનાં-મોટાં સરોવરો ગણીએ તો લાખેકની સંખ્યા થાય! અમેરિકાના મિનેસોટા રાજ્યમાં અને તેની નજીક કૅનૅડામાં સરોવરો તે પ્રદેશોનો લગભગ ૭૫ ટકા જેટલો વિસ્તાર રોકે છે!

હિમસરિતાઓ માત્ર હિમની બનેલી નથી હોતી. હિમસરિતામાંના હિમરાશિની અને તેના વજનની આપણે કલ્પના ન કરી શકીએ. તેઓ ગોકળગાયની ગતિએ સરકે છે ત્યારે તેમના વજન વડે ધરતીને તોડી ફાડીને તેના ભંગારને પણ પોતાની સાથે તાણી જાય છે. આ ભંગાર વડે જ્યાં બંધ રચાઈ જાય અને ભંગાણ વડે ધરતીનો પટ ઊંડો થઈ જાય ત્યાં સરોવર બન્યાં છે. ઉત્તરાખંડનાં ઘણાં સરોવરો આ રીતે બન્યાં છે. ફિનલૅન્ડમાં અને સ્વીડનમાં આ રીતે બનેલાં અસંખ્ય સરોવરો છે. ઉત્તરાખંડ જેટલો હિમયુગનો પ્રભાવ ન હતો એટલે ભરત ખંડમાં સરોવરો બહુ જ થોડાં છે.

હિમસરિતાનું પીગળતું પાણી નાના-મોટા ખાડામાંથી પસાર થાય છે ત્યારે ત્યાં વમળ ઉત્પન્ન કરે છે, વમળ અને એ ખાડાને ગોળ કૂવા આકારના બનાવે છે. હિમ પીગળી ગયા પછી તેમાં પાણી ભરાઈ જાય છે. આવી રચનાને અંગ્રેજીમાં 'જાયન્ટ્સ કેટલ' (Giant's kettle) અથવા કૅલડ્રૉન (caldron) કહે છે. કુદરતનાં પરિબળો ધરતીમાં કેવી આશ્ચર્યજનક રચના કરે છે તેનું આ દૃષ્ટાંત છે. ઉત્તરાખંડમાં તો આવાં અસંખ્ય સરોવરો છે.

કોઈ વાર ભૂ-પ્રપાત (Landslide) થવાથી પહાડ પરથી માટી, ખડકો વગેરેનો વિશાળ જથ્થો નદીમાં આવી પડવાથી નદીની આડે કુદરતી બંધ રચાઈ જાય છે. આનાથી નદીના ઉપરવાસમાં પાણી એકઠું થતું જાય છે, અને ત્યાં સરોવર બને છે. આવાં સરોવરો દીર્ઘાયુ નથી હોતાં, કારણ કે આખરે તો સરોવર છલકાઈ જવાથી એ બંધમાં થોડું ઘણું ભંગાણ પડે છે. આપણા ગઢવાલ-હિમાલયમાં અલકનંદાની બિરહીગંગા નામની એક ઉપનદીમાં ઈ. સ. ૧૮૯૩માં ભૂપ્રપાત થવાથી 'ગોહના' નામનું સરોવર બન્યું હતું. પછી કાળાંતરે આ બંધ જ્યારે તૂટ્યો ત્યારે એવું પ્રચંડ પૂર આવ્યું કે તેમાં ગઢવાલનું મુખ્ય નગર શ્રીનગર તણાઈ ગયું. હજી 'ગોહના તાલ' (તાલ=સરોવર)નો સંપૂર્ણ લોપ નથી થયો. ૧૯૭૦ના જુલાઈમાં આ કુદરતી બંધમા ફરી ભંગાણ પડેલું અને તેનાથી ગોહના તાલનું પાણી અલકનંદાનાં કોતરોમાં ધસી આવતાં તેમાં ૨૦ જેટલાં વાહનો તથા સંખ્યાબંધ પ્રવાસીઓ ઘસડાઈ ગયાં હતાં. ગોહના તાલને આ રીતે ઘસારો લાગ્યા કરે છે.


સિમલાથી ૨૦ માઈલ દૂર સતલજ નદીમાં પહાડનો એક ખભો ઈ. સ. ૧૮૧૯માં તૂટી પડ્યો હતો ત્યારે પણ તેના ઉપરવાસમાં સરોવર રચાયું હતું. આ ભૂપ્રપાત એટલો પ્રચંડ હતો કે તેનાથી ૪૦૦ ફૂટ ઊંચો બંધ બંધાઈ ગયો હતો. પછી જ્યારે એ બંધ તૂટ્યો ત્યારે તેનાં ધસમસતાં પાણીએ પણ અનેક માઇલોના વિસ્તારમાં ભયંકર વિનાશ ફેલાવ્યો હતો. હિમાલયમાં આવી કેટલીક હોનારતો નોંધાઈ છે. ત્યાં ભૂપ્રપાતથી સરોવર રચાય છે અને તેમાંના પાણીના દબાણથી જ્યારે બંધ તૂટે ત્યારે એ ધસમસતાં પાણી હેઠવાસમાં ઘણું નુકસાન કરે છે.

જ્યારે નદીનો કાંપ અથવા સમુદ્રનાં મોજાં નદીના મુખમાં ખરાબા ઉત્પન્ન કરે છે ત્યારે એ નદીનું પાણી પણ સમુદ્રમાં મુક્તપણે વહી શકતું નથી અને એથી ત્યાં સરોવર રચાય છે. જૂનાગઢ જિલ્લામાં ભાદર અને

ચારે તરફ જમીનથી વિંટળાએલો જલરાશિ તે સરોવર. આ વ્યાખ્યા પ્રમાણે એશિયા ખંડમાં આવેલા કાસ્પીઅન સમુદ્ર અને અરલ સમુદ્ર પણ સરોવરો જ ગણાય. કાસ્પીઅનના પાણીની સપાટી પરનો વિસ્તાર ૧,૪૩,૫૫૦ ચોરસ માઈલ, અને તેની લંબાઈ ૭૬૦ મા. જેટલી તથા તેના પાણીની વધુમાં વધુ ઊંડાઈ ૩૨૬૪ ફૂટ જેટલી હોઈ દુનિયાનું એ સૌથી મોટું સરોવર છે. અરલ સમુદ્રનો વિસ્તાર ૨૫,૩૦૦ ચો. મા., લંબાઈ ૨૮૦ મા. અને ઊંડાઈ ૨૨૩ ફૂટ છે. આ બંનેનાં પાણી ખારાં છે. મીઠા પાણીનાં દુનિયાનાં પ્રથમ બાર વિશાળ સરોવરોની યાદી નીચે આપી છે, જેમાં તેના નામ પછી અનુક્રમે તેના વિસ્તાર સાથે તેના લંબાઈ અને તેના વધુમાં વધુ ઊંડાઈ દર્શાવી છે.

	ચો. મા.	મા.	ફૂટ		ચો. મા.	મા.	ફૂટ
સુપીરીઅર (ઉ. અમેરિકા)	૩૧,૮૦૦	૩૫૦	૧,૩૩૩	બૈકલ (એશિયા)	૧૧,૭૮૦	૩૯૫	૫,૩૧૫
વિક્ટોરીઆ (આફ્રિકા	૨૬,૮૨૮	૨૫૦	૨૬૬	ન્યાસા (આફ્રિકા)	૧૧,૪૩૦	૩૬૦	૨,૨૨૬
યુરોન (ઉ. અમેરિકા)	૨૩,૦૦૦	૨૦૬	૭૫૦	ગ્રેટ સ્લાવ (ઉ. અમેરિકા)	૧૦,૯૮૦	૨૯૮	૨,૦૧૫
મિશિગન (ઉ. અમેરિકા)	૨૨,૪૦૦	૩૦૭	૯૨૩	એરિ (ઉ. અમેરિકા)	૯,૯૧૦	૨૪૧	૨૧૦
ટાંગાનિકા (આફ્રિકા)	૧૨,૭૦૦	૪૨૦	૪,૬૫૦	વિનિપેગ (ઉ. અમેરિકા)	૯,૪૬૫	૨૬૬	૬૦
ગ્રેટ બેર (ઉ. અમેરિકા)	૧૨,૨૭૫	૧૯૨	૧,૩૫૬	ઑન્ટેરીઓ (ઉ. અમેરિકા)	૭,૬૦૦	૧૯૩	૮૦૨

આ યાદી જોતાં જણાશે કે મીઠા પાણીવાળાં સરોવરોમાં દુનિયાનું સૌથી મોટું સરોવર સુપીરીઅર છે, જ્યારે સૌથી વધુ ઊંડું બૈકલ સરોવર છે. કુદરતી સરોવરો ઉપરાંત, વિશાળ બંધ બાંધી વહી જતાં પાણીને રોકીને તેનો સંગ્રહ કરી સિંચાઈ માટે તથા વીજળી પેદા કરવા સારુ માણસે પણ અનેક વિશાળ સરોવરો રચ્યાં છે. અને ત્રીજા પ્રકારનાં સરોવરોમાં પાણી કરતાં ક્ષાર અને કાંપ વિશેષ હોય છે. એ મરવા પડેલાં સરોવરો છે.




હિમસરિતા વડે બનેલું પર્થશાયરનું લ્યુબનેગ સરોવર. આવાં સરોવર બહુધા સાંકડાં અને લાંબાં હોય છે. શાંત પડી ગએલા જ્વાળામુખીના મુખમાં પાણી એકઠું થઇને પણ સરોવર રચાય છે. નીચે જવાનું એવું એક સરોવર દર્શાવ્યું છે.

ઓગ્રત નદીઓના સંગમ થયા પછી એ નદીનું મુખ પણ આ રીતે પુરાઈ જાય છે, અને તેથી નીચા પ્રદેશમાં આ નદીઓનાં પૂરનું પાણી સરોવર રૂપે ચોપાસ ફરી વળે છે, પછી જ્યારે મુખમાં ખોદકામ કરીને પાણીને સમુદ્રમાં જવાનો માર્ગ કરી આપવામાં આવે છે ત્યારે એ સરોવર ખાલી થઈ જાય છે અને નદીના કાંપવાળી ને પાણી પીધેલી એ જમીનમાં ઉત્તમ ખેતી થાય છે. આ પ્રદેશ 'વેડ' નામે ઓળખાય છે.

આપણા દેશમાં પૂર્વ કાંઠે ચિલ્કા અને પુલકિટ અને પશ્ચિમ કાંઠે કેરલમાં 'બૅક વૉટર્સ નામે' ઓળખાતાં જળાશયોને પણ સરોવર ગણવામાં આવે છે. આ જળાશયોનો સમુદ્ર સાથે સંબંધ હોવાથી તેમનું પાણી ખારું છે, પરંતુ કાંઠા વિસ્તારનું મીઠું પાણી પણ તેમાં વહેતું હોય છે. કેરળમાં કોચિનથી કોટ્ટાયમ સુધીના સમુદ્રકાંઠાને સમાંતર સરોવરોની બંને બાજુની કંઠારનું સૌન્દર્ય એટલું બધું મોહક છે કે કાશ્મીરના પ્રવાસની જેમ તેની ઉપર પણ નૌકાપ્રવાસ કરવો તે જિંદગીનો એક લ્હાવો ગણાય છે.

કેટલાંક સ્થળે જ્વાળામુખીનું વિશાળ મુખ ઠરી ગયા પછી તેમાં પાણી ભરાવાથી સરોવર બને છે. યુનાઇટેડ સ્ટેટ્સના ઓરેગોન રાજ્યમાં આ પ્રકારનું ક્રેટર સરોવર જગવિખ્યાત છે. સરોવર બન્યા પછી પણ તેમાં થોડી જ્વાળામુખી પ્રવૃત્તિ થઈ હતી, તેથી સરોવરની વચ્ચે



ઠરેલા લાવારસનો એક ટાપુ પણ ઊપસી આવેલો છે. કેટલેક ઠેકાણે ધરતીના પોપડામાં ભંગાણ પડવાથી અને ધરતી બેસી જવાથી તેમાં સરોવરો બને છે. અમેરિકામાં લેઈક સુપીરિયર, પૂર્વ આફ્રિકાનાં ન્યાસા, ટાંગાનિકા વગેરે સરોવરો આ પ્રકારનાં છે.

ઉપર આપણે જ્વાળામુખ વડે બનતા સરોવરની વાત કરી ત્યારે એવા આપણા સરોવરનો પણ અહીં ઉલ્લેખ કરવો જોઇએ. મહારાષ્ટ્રમાં બુલઢાણા જિલ્લામાં લાવારસ ઠરીને બનેલા ખડકોમાં ૫૫૦ ફૂટ ઊંડું અને એક માઈલથી યે વધુ વ્યાસ ધરાવતું કુંડ જેવું એક સરોવર છે. તેની દક્ષિણ બાજુએ અગ્નિકૃત ખડકોની આશરે ૧૦૦ ફૂટ ઊંચી પાળ છે. આ કુંડમાં તળિયે ખારા પાણીનું સરોવર છે. તેના ક્ષારમાં મુખ્યત્વે સોડિયમ કાર્બોનેટ અને અશંત: સોડિયમ કલોરાઈડ, એટલે કે મીઠું છે. એક અભિપ્રાય એવો છે કે આ કુંડ ઉલ્કાપાતથી બન્યો હશે, જ્યારે બીજો મત એવો છે કે લાવાના ખડકોની ધરતી બેસી જવાથી આ કુંડની રચના થઈ હશે. પરંતુ તે ઠરી ગએલું જ્વાળામુખ હોવાની શકયતા વધારે છે.

કોઈક સ્થળે ધરતી પાણીમાં પીગળી જાય એવા ચૂનાના ખડકોની બનેલી હોય છે. જ્યારે ચૂનો પાણીમાં ભળી જાય ત્યારે ત્યાં સરોવર બની જાય છે. અમેરિકામાં ફલોરિડા રાજ્યનાં સરોવરો આ રીતે બનેલાં છે. આવાં સરોવરોના પ્રદેશ માટે અંગ્રેજીમાં **Karst** શબ્દ છે. અહીં સપાટી ઉપરના પાણી કરતાં પેટાળના ઊંડા પાણીમાં ચૂનાનું પ્રમાણ અધિક હોય છે. આવી ધરતી ઉપર ચાલવામાં પણ અંદર ગરક થઈ જવાનું જોખમ હોય છે.


વેરાન સૂકા પ્રદેશોમાં વરસાદ ઓછો અને અનિયમિત પડવાથી ત્યાં જળાશયોનો અભાવ હોય છે. તેમ છતાં કેટલાક રણપ્રદેશોમાં છીછરાં સરોવરો હોય છે. રાજસ્થાનમાં સાંભરનું ખારું સરોવર તેનું દૃષ્ટાંત છે. આ સરોવર રકાબી જેવા સપાટ પ્રદેશમાં આવેલું છે. રાજસ્થાનમાં ચાર-પાંચ ખારાં સરોવરો છે, તેમાં સાંભર સરોવર સૌથી મોટું છે અને ચોમાસામાં આખું ભરાયું હોય ત્યારે તેનું પાણી આશરે ૯૦ ચોરસ માઈલના વિસ્તારમાં ફેલાયેલું હોય છે, પણ આ પાણીની ઊંડાઈ માત્ર ચાર ફૂટ જેટલી જ હોય છે અને ઉનાળામાં તો તે સુકાઈ જાય છે. નવેમ્બર માસમાં મેં એને ઠીકઠીક ભરેલું જોયું હતું. આ સાંભર સરોવરના પેટાળમાં પાંચ કરોડ ટન ક્ષારો હોવાનો અંદાજ છે!

સાંભર સરોવર સાથે કેટલીક રીતે સરખાવી શકાય તેવું ગુજરાતનું નળ સરોવર છે. સદીઓ પહેલાં સિંધુનો એક ફાંટો કચ્છના નાના રણમાં થઇને ખંભાતના અખાતમાં પડતો હતો એ જમાનાની ક્ષારભૂમિ કાંપ વડે પુરાઈ જવાથી સૌરાષ્ટ્ર અને તળ ગુજરાત જોડાઈ ગયાં છે અને એ લોપ થએલા જળપ્રવાહના અવશેષરૂપે નળ સરોવરનું હજી અસ્તિત્વ છે. સમય જતાં કાંપ વડે આ છીછરું જળાશય પણ પુરાઈ જવાથી નળ સરોવર મરી પરવારશે.

સરોવરોની ઉત્પત્તિના પ્રકારથી પરિચિત થયા પછી આપણે દુનિયાનાં ઓળખવા જેવાં સરોવરોનું વિહંગાવલોકન કરીએ. સરોવરો સમુદ્રની સપાટીએ પણ હોય અને પહાડોમાં હજારો ફૂટ ઊંચે પણ હોય. દુનિયામાં સૌથી વધુ ઊંચે આવેલું સરોવર તિતિકાકા બોલિવિયા અને પેરુની વચ્ચે એન્ડિઝ પર્વતમાળામાં સમુદ્રની સપાટીથી ૧૨,૪૯૭ ફૂટ ઊંચે આવેલું છે! ૧૩૦ માઈલ લાંબા, ૩૫ માઈલ પહોળા અને ૭૦૦ ફૂટ ઊંડા આ સરોવરમાં આટલે ઊંચે આગબોટો પણ ફરે છે! યુનાઇટેડ સ્ટેટ્સનું યલ્લોસ્ટોન સરોવર પણ દરિયાની સપાટીથી ૭૭૩૧ ફૂટ ઊંચે આવેલું છે.

સરોવરનું પાણી મીઠું હોય, ખારું હોય કે આપણા નળ સરોવરના જેવું'ભાંભરું' કે સાંભરના જેવું: કડછું હોય. કેટલાંક ખારા પાણીનાં

પર્વતને મથાળે બહુ ઓછાં સરોવરો જોવા મળે છે. યુનાઇટેડ સ્ટેટ્સના ઑરેગોન રાજ્યમાં આવેલું ક્રૅટર સરોવર આવા જ્વાળામુખીય સરોવરનું એક સુંદર દૃષ્ટાંત છે. શાંત પડી ગએલા જ્વાળામુખીના મુખમાં ચોપાસ ૫૦૦ થી ૨૦૦૦ ફૂટ ઊંચી ઠરી ગએલા લાવારસની વૃક્ષાચ્છાદિત સુંદર ટેકરીઓની કિનારની વચ્ચે લગભગ છ માઇલમાં પથરાએલા આ સરોવર-ની વચ્ચે એક તરફ 'વિઝાર્ડ આઇલૅન્ડ' નામે ઓળખાતો એક ટેકરો છે, જેની ટોચે પણ જ્વાળામુખ છે. આવો જ અંક બીજો ટેકરો પણ આ સરો-વરમાં ઊપસી આવેલો છે, જે 'ફૅન્ટમ આઇલૅન્ડ' નામે ઓળખાય છે. કારણ, ઘણી વાર રાતે અમુક કોણથી આવતા ચંદ્રપ્રકાશમાં એ નજરથા ઓઝલ થઇ જાય છે. આ ક્રૅટર સરોવરની ત્રણ મુખ્ય વિશિષ્ટતા છે: એક તો એ કે તે લગભગ ૨૦૦૦ ફૂટ ઊંડું છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં આટલું ઊંડું બીજું કોઇ સરોવર નથી. બીજું એ આ પ્રકારનું-એટલે કે જ્વાળામુખીના શાંત મુખમાં રચાએલું મોટામાં મોટું જળાશય છે. અને ત્રીજું તેનું પાણી મીઠું છે. સામાન્યત: કોઈ સરોવરમાંથી પાણી અન્યત્ર વહી જતું ન હોય અને બંધિયાર જ રહે તો કાળાંતરે તે સુકાતું જઇ તેમાંના ક્ષારોનું પ્રમાણ વધતું જાય. અને પાણીની મીઠાશ ઘટતી જાય. ક્રૅટર સરોવરમાંથી પાણી બહાર ક્યાંય વહેતું જણાયું નથી અને છતાં તેનું પાણી હજી સુધી 'ખારું' થયું નથી.



સરોવરો સમુદ્રની સપાટીથી પણ નીચાં છે. દાખલા તરીકે કાસ્પીઅન સમુદ્ર (જે બધી બાજુથી જમીન વડે ઘેરાયેલો હોવાથી સરોવરની વ્યાખ્યામાં આવે છે.) દરિયાની સપાટીથી ૯૨ ફૂટ નીચો છે. પશ્ચિમ એશિયામાં ગેલિલીનો સમુદ્ર ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૬૯૬ ફૂટ નીચે છે, અને મૃત સરોવર (Dead sea) ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૧૩૦૨ ફૂટ નીચે છે! એક જમાનામાં ભૂમધ્ય સમુદ્ર આપણા ઉત્તર ભારત સુધી વિસ્તરેલો હતો. તે ભૂકંપો વડે ખસી જવાથી તેના છૂટા પડી ગએલા ટુકડારૂપે કાસ્પીઅન ગેલિલી અને ડેડ સીનું અસ્તિત્વ રહ્યું છે. સમય જતાં આ સરોવરો પણ સુકાઈ જઇને મીઠાની ખાણ બની જશે. સા-માન્ય રીતે સમુદ્રના પાણીમાં અઢીથી ચાર ટકા ક્ષારો હોય છે, મૃત સરોવરમાં ૨૪ ટકા છે, જેથી તમને તરતાં ન આવડતું હોય તો પણ તમે તેની ઉપર બેસી શકો, સૂઈ શકો અને આળોટી પણ શકો.

કદની દૃષ્ટિએ દુનિયામાં મીઠા પાણીનું સૌથી મોટું સરોવર અમે-રિકાનું લેઈક સુપીરીઅર છે. તેની સપાટી ૩૧,૮૦૦ ચોરસ માઈલમાં પથરાએલી છે. પણ જલરાશિની સરખામણી કરીએ તો રશિયાના સાઈ-બેરિયામાં આવેલા મીઠા પાણીના બૈકલ સરોવરમાં વધુ પાણી છે. તેની સપાટી તો ૧૧,૭૮૦ ચોરસ માઈલ જેટલી જ છે, પણ તે એટલું ઊંડું છે કે લેઈક સુપીરિયર કરતાં તેમાં વધુ પાણી સમાએલું છે. વળી, બૈકલ સરોવરનું પાણી એટલું બધું સ્વચ્છ છે અને તેની કંઠાર એવી તો રળિયામણી છે કે રશિયનો તેના માટે ગૌરવ લે છે.


ઉત્તર અમેરિકન ખંડમાં કંઈ નહિ તો આઠ સરોવર ૭ હજાર ચોરસ માઈલ કરતાં વધુ સપાટી ધરાવે છે. તેમાં ઓન્ટેરિયો, ઇરિ, હુરોન, મિશિગન, સુપીરીઅર, વિનિપેગ, ગ્રેટ સ્લેવ અને ગ્રેટ બેરનો સમાવેશ થાય છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં સેન્ટ લૉરેન્સ નદીને અંદરનાં સરોવરો સાથે જોડી દઈ જહાજ વ્યવહાર માટે ધોરી જલમાર્ગ બના-વવામાં આવ્યો છે, જેથી મહાસાગરની આગબોટો યુનાઇટેડ સ્ટેટ્સની છેક મધ્ય સુધી આવી શકે છે. આપણા દેશમાં આવો એક પણ આંત-રિક જલમાર્ગ નથી.

યુરોપની આલ્પ્સ પર્વતમાળા અને આપણી હિમાલય પર્વતમાળા-ના પ્રકારની પર્વતમાળાઓ હોવા છતાં આલ્પ્સમાં જેવાં વિશાળ અને સુંદર સરોવરો છે તેવાં હિમાલયમાં નથી. આલ્પ્સ કરતાં પણ વધુ સરોવરો સ્વીડન, ફિનલૅન્ડ અને પશ્ચિમ રશિયામાં છે. અહીંનાં તાઇગા જંગલ વૃક્ષોથી એટલાં બધાં સમૃદ્ધ છે કે તેમાંથી અતિવિશાળ પ્રમાણ-માં તરેહતરેહના કાગળ અને આર્ટ સિલ્ક માટેનો માવો બને છે.

સરોવરના પ્રકાર પ્રમાણે તેમનું આયુષ્ય ટૂંકું, મધ્યમ કે લાંબું હોય, પરંતુ છેવટે તેમનો લોપ તો થાય જ છે. તેમના જન્મ સાથે તેમને ત્રણ પ્રકારના ઘસારા લાગવા માંડે છે. (૧) જે કોઇ નદી કે ઝરા તેમાં પડે છે તે તેમાં સતત કાંપ ઠાલવ્યા કરે છે. એ રીતે સરોવર સતત

▷

ગોહનાતાલ. ઇ. ૧૮૯૩માં અલકનંદાની એક ઉપનદી બિરહીગંગાના વહનમાર્ગમાં એક પ્રચંડ ભૂપ્રપાત થતાં અંદાજે દસ કરોડ ઘનમીટર જેટલું પથ્થરમાટીનું પુરાણ થઇ ૧૦૦૦ ફૂટ ઊંચો બંધ રચાઇ ગયો. બિરહીગંગાનું વહન રોકાઇ જઇ ત્યાં આ સરોવર રચાયું. બરાબર એક વર્ષ સુધી ભરાતા રહેતા પાણીના દબાણથી બંધ તૂટ્યો ને એની સપાટી ૩૯૦ ફૂટ ઊતરી ગઇ. એથી આવેલા પૂરમાં અલકનંદાને કાંઠે વસેલું શ્રીનગર આખું તણાઇ ગયું. ૧૯૨૪માં ફરી એક વાર જમીન ધસી પડીને વ્યાપક નુકસાન થયું. ૧૯૭૦માં વળી એક વાર આવી જ હોનારત સર્જાતાં આવેલા પૂરમાં બેલાકૂંચી ગામ તણાઇ ગયું. અને જોષીમઠ-ચમોલી માર્ગ પર અનેક વાહનો તથા ૫૦૦ જેટલાં માણસો તણાઈ ગયા હતા. આ છેલ્લી હોનારત થઈ તે અગાઉથી શ્રી અશ્વિન મહેતાએ એ ગોહનાતાલનો જે એક સુંદર ફોટો લીધો હતો તે અહીં આપ્યો છે. આ દૃશ્ય હવે જોવા નહિ મળે. ▷



છીછરું બન્યા કરે છે. (૨) જો સરોવર છલકાઇ જાય તો કાંઠાનું ધોવાણ શરૂ થાય છે. તેમાંથી પાણી બહાર નીકળવા માટે પોતાનો માર્ગ કરી લે છે. આ માર્ગ કાળે કરીને વધુ ને વધુ ઊંડો ને પહોળો થતો જાય છે, અને આખરે તેમાંથી સરોવરનું બધું પાણી બહાર વહી જઇને સરોવર ખાલી થઇ જાય છે. (સરોવરમાં જે વનસ્પતિ તણાઇ આવે છે અને બીજી વનસ્પતિ ઊગી નીકળે છે તે સરોવરને ક્રમેક્રમે છીછરું બનાવી પાણીના ઠેકાણે ધરતી બનાવી દે છે. નવીનવી વનસ્પતિ ઊગ્યા કરે, મરી જાય, દટાઇ જાય અને વળી બીજી ઊગે. આમ સરોવર કર્દમ ભૂમિ (કાદવની ભૂમિ)માં ફેરવાઇ જાય છે. આ કળણુ **(Bog or swamp)**-માં જે વનસ્પતિ મરીને દટાઇ ગઇ હોય તે કાચા કોલસા **(Peat and Lignite)**માં ફેરવાઇ જાય છે. કચ્છ અને તળ ગુજરાતમાં લિગ્નાઇટ નીકળે છે તે બતાવે છે કે કચ્છની વર્તમાન વેરાન સૂકી ભૂમિ ભૂતકાળમાં પાણી, કાદવ અને વનસ્પતિથી લદબદ કર્દમભૂમિ હતી. તેનું કચ્છ નામ તેની ઉપરથી પડ્યું હોય એમ જણાય છે.

આપણા દેશની નદીઓ, ખાસ કરીને હિમાલયની નદીઓ, પૂરના લીધે ઘણી જાનહાનિ કરે છે. તેનું કારણ એ છે કે તેમનાં પૂરને સમાવી શકે તેવાં સરોવરો નથી. કાશ્મીરમાં જેલમને દાલ અને વૂલર સરોવરો છે. એવી જોગવાઈ બીજાં સરોવરોને નથી. નદીઓનાં પાણીના નિયમનમાં સરોવરો મહત્ત્વનો ભાગ ભજવે છે. દાખલા તરીકે અગ્નિ એશિયાની મહાનદી મેકોંગના પૂરના ધસારાને કંપુચિયામાં આવેલું વિશાળ સરોવર સમાવી લે છે. એક જમાનામાં કાશ્મીરની ખીણ સરોવર રૂપે હતી, એમ માનવામાં આવે છે; પરંતુ તેમાંથી જેલમ નદીએ માર્ગ કરીને ખીણને ખાલી કરી નાખી છે. તે પ્રાચીન સરોવરના શેષ ભાગ રૂપે આજે દાલ અને વૂલર સરોવરો છે. કાશ્મીરનાં વર્તમાન સરોવરો કાંપના ઊંચા-નીચા ભરાવાને આભારી છે.

રાજસ્થાનમાં સાંભર ઉપરાંત બીજાં પણ કેટલાંક ખારાં અથવા આલ્કલી સરોવરો છે, જે ત્યાં 'ઢંઢ' તરીકે ઓળખાય છે. કચ્છમાં પણ એ નામ પ્રચલિત છે. અહીં જે આછા-પાંખા કે કોઇ વરસમાં ભારે વરસાદ પણ પડે તેનું પાણી જમીનમાંથી ક્ષાર લઈ જઇને નીચાણવાળી જમીનમાં ઢંઢ રૂપે એકઠું થાય છે.

ઉપર આપણે ભૂસ્ખલનથી બનતા ગોહના જેવા અલ્પાયુ સરોવરોની વાત કરી. બુંદેલ ખંડમાં આવી જ રીતે નાનાં સરોવરો બન્યાં છે, જેમના બંધ એવા મજબૂત છે કે આ સરોવરો અલ્પાયુ નથી.

હિમાલયનાં કેટલાંક સરોવરો હિમસરિતાઓએ બનાવ્યાં છે.

હિમાલયની પાછળ તિબેટમાં પુષ્કળ સરોવરો છે. તેમાં માનસરોવર અને રાકસ સરોવર મીઠા પાણીનાં છે. તેમાંથી સતલજ નદી નીકળે છે. માનસરોવરની ઉત્તર-પશ્ચિમે સિંધુ નદીનું મૂળ છે. આ બે સરોવરોનો વિસ્તાર અનુક્રમે ૨૦૦ અને ૧૪૦ ચોરસ માઈલ છે. તિબેટનું સ.થી મોટું સરોવર કોકો નોર ૧૯૦૦ ચો. મી.ના વિસ્તારનું છે. ૧૦,૫૧૫ ફૂટ (૩૨૦૫ મીટર)ની ઊંચાઇએ આવેલા કોકો નોરનો અર્થ નીલ સરોવર થાય છે. આ મીઠા પાણીનું સરોવર છે, પણ તિબેટમાં ઘણાં સરોવર ખારા પાણીનાં છે, કારણ કે તેમાંથી પાણી નીકળવાનો કોઈ માર્ગ ન હોવાથી આસપાસના ઢાળ પ્રદેશનું જે પાણી એકઠું થાય છે તે કેટલાંક કરોડ વર્ષથી ધરતીના ક્ષારોને તેમાં ઠાલવે છે.

કુમાઉ હિમાલયમાં નૈનિતાલ, ભીમતાલ (તાલ એટલે સરોવર) વગેરે કેટલાંક સરોવરો છે. તેઓ કઈ રીતે ઉત્પન્ન થયાં તે વિશે મતભેદ છે. ડૉ. વાડિયાના મત પ્રમાણે આ સરોવરો ભૂકંપથી ધરતીના પોપડામાં ભંગાણ પડવાથી, ભૂસ્ખલનથી હિમસરિતાઓથી એમ જુદીજુદી રીતે બન્યાં હશે.

રાજસ્થાનમાં જેમ સાંભર સરોવર છે તેમ સિંધમાં એવું જ છીછરું, પણ ચોમાસામાં ૮ થી ૧૦ ફૂટ ઊંડું પાણી ધરાવતું, ૨૦૦ ચો. મા.માં ફેલાઈ જતું મંછર સરોવર છે. પશ્ચિમ રાજસ્થાનમાં સાંભર જેવાં પંચભદ્ર, ડીડવાણા, ફલોદી વગેરે ખારાં સરોવરો છે. એક માન્યતા એવી છે કે આ ક્ષાર અરબી સમુદ્રનાં મોજાંની વાછટમાંથી અને કચ્છના રણમાંથી પવન વડે ઘસડાઇને રાજસ્થાનના રણ-પ્રદેશમાં ઊતરી પડે છે!

સરોવરોનાં જન્મ, જીવન અને અંતના આ વિહંગાવલોકન પરથી જણાશે કે મીઠા પાણીનાં સરોવરો કોઈ પણ દેશની ફળદ્રુપતા માટે તથા નદીઓનાં પૂરનાં નિયંત્રણ માટે આશીર્વાદ રૂપ હોય છે. આપણને કુદરતે સરોવરોથી વંચિત રાખ્યાં તેથી, ખાસ કરીને ઉત્તર ભારતની નદીઓ દર વર્ષે જાનમાલની ઘણી ખુવારીઓ કરે છે. ખાસ કરીને હિમાલયમાંથી આવતી પ્રત્યેક નદી આડે આપણે બંધો બાંધી ન લઇએ ત્યાં સુધી પૂર દ્વારા થતા વિનાશથી આપણે બચી શકીશું નહિ. અને નદીઓના ઢાળ પ્રદેશ **(catchment area)**માં વૃક્ષોનું જતન નહિ કરીએ તો ધરતીનું ધોવાણ થવાથી કાંપ વડે એ માનવસર્જિત સરોવરો પણ વહેલાં મોડાં પુરાઈ જશે. □

અનુસંધાન] **લાન્ઝા દેલ વાસ્તો** [પૃ. ૧૪૭થી

અને **'High noon. with my foot I touch the shadow of my head.'** (૭૧ : ૭૭) બપોર થયા છે. હું મારા માથાની છાયાને મારા જ પગોથી અડકું છું! એમનાં વર્ણનો પ્રકૃતિની ચેતનાને માનવની આંખ વાટે હૈયે તરતી કરી દે એવાં ક્યારેક બની જાય છે. ઝાઝા લોભમાં પડ્યા વિના એક આ જ માણો : ભવ્ય કલ્પના, સરળ પદોમાં. દેહરાદૂનનું એક ચિત્ર : (૭૧ : ૨૭૮).

ચન્દ્ર : બે ગિરિશૃંગ વચ્ચે
એક સુવર્ણ શિખર જાણે ઊભું થયું છે.
વચ્ચે પેલો ચન્દ્રનો દડો દડે છે,
એક વાદળેથી બીજે પડે છે.
જાણે કોઈ કિસ્તી સરે છે
વાદળમાં તરંગોને ચીરતી-ભેદતી
રમ્ય તરણી સમી સરલ તરતી સાગરે!
ને મધ્ય રાતે
આકાશી ગુંબજેથી ઝૂલ્યું આ ઝુમ્મર!
ત્યારે હું પૃથ્વી પર સપાટ થઈ
એને મારી આંખમાં ઝીલું છું
કોઈ ઊંડો કૂપ
ચન્દ્રને ઝીલે એમ!

ને સૂરજ પણ એ આંખે સમાય છે આમ(૭૧ : ૬૧)-

આંખની કાળી કીકીની મધ્યમાં
ગોળા મહીંનું દ્વાર ખોલીને
વચાળે સૂર્ય ઊભો,
પ્રગટ્યો પુરુષ
હિરણ્યમય!

આ અનુભવબિમ્બો હવે લાન્ઝાના શબ્દલોકમાં જ વાંચવા રહ્યા! આ ચિરપ્રવાસીએ ગયા ('૮૧ના) જાન્યુઆરીની પાંચમીએ, સ્પેઈનના મૂસાઆનગરમાં આંખ મીંચી. ત્યારે પણ એની પ્રાર્થના તો કદાચ એ જ હશે : **'God, grant me, that my only disciple be faithful to me!'** આખરે તો જાતની વફાદારીમાં જ જીવનની સાર્થકતા છે ને?

બ્રિટનનો પચરંગી સમાજ

એન્ડ્રુ ગૉવર્સ

યુનાઇટેડ કિંગડમ નામે ઓળખાતા ટાપુઓનો ઇતિહાસ જોતાં જણાય છે કે ત્યાંની બ્રિટિશ પ્રજા એ કોઈ એક જાતિની પ્રજા નહિ, પણ જુદાજુદા કાળે અહીં આવેલા અનેક જાતિના લોકોના મિશ્રણ, પુનર્વસવાટ તથા આંતરઉછેરમાંથી ઊતરી આવેલી પ્રજા છે.

વિધવિધ જાતિઓની આ સંકરતાનું એક મુખ્ય કારણ બ્રિટિશ ટાપુઓનું ભૌગોલિક સ્થાન તથા ત્યાંની કુદરતી સાધનસંપત્તિ પણ છે. યુરોપની ભારે વળાંકવાળી પ્રલંબ સાગરકંઠારની સામેનું તેનું સ્થાન યુરોપની તળ ભૂમિની આક્રમક પ્રજાઓને લલચાવે તેવું છે, અને બ્રિટનના દક્ષિણ તથા પૂર્વના કિનારાનું નીચાણ તેમને એ માટે અનુકૂળ રહ્યું છે. ઈ. સ. પૂર્વે સેંકડો વર્ષો સુધી આ માર્ગે આવેલા જંગલી આક્રમકોએ પોતાની પહેલાં અહીં સ્થાયી થએલા લોકોને ઉત્તર અને પશ્ચિમ તરફ સ્કોટલૅન્ડના ઉચ્ચ પ્રદેશમાં તથા વેલ્સની પહાડીઓમાં ધકેલી કાઢયા હતા. આવા આક્રમકોમાં સાગરખેડુ આઇબિરીઅન લોકો કદાચ સૌપ્રથમ હતા. આજના અંગ્રેજોમાં આ આઇબિરીઅનોનું લોહી પણ મિશ્રિત છે, પણ સ્કોટલૅન્ડવાસીઓમાં તે વધારે, અને વેલ્સ તથા આયર્લૅન્ડની પ્રજામાં એથી યે વધારે પ્રમાણમાં છે. બ્રિટનની સૌની જૂની પ્રજાનો વંશ આ પ્રદેશોમાં જ જોવા મળે છે.

આ આઇબિરીઅનોને ભૂલથી સેલ્ટ્સ તરીકે ઓળખાવાય છે, પણ હકીકતે સેલ્ટ્સ લોકો તો આઇબિરીઅનો પછી આવ્યા હતા. આઇબિરીઅન પ્રજા પણ વિવિધ જાતિઓની બનેલી હતી. એમાંના કેટલાક લોકો નીચા બાંધાના અને કાળા વાળવાળા હતા. સેલ્ટ્સ લોકો તો ઈ. સ. પૂર્વે ૭૦૦થી ૩૦૦ દરમિયાન આવ્યા હતા. તેઓનો બાંધો ઊંચો અને વાળ ભૂખરા હતા તથા સ્વભાવે તેઓ લડાયક હતા.



△ ઇંગ્લિશ મિડલૅન્ડ્ઝની એક શાળાના વિદ્યાર્થીઓ. જેમનાં માતાપિતા બ્રિટનથી ઘણે દૂર આવેલા દેશોમાંથી આવીને અહીં વસ્યાં છે. બ્રિટનના આજના પચરંગીપણાની આ પ્રતીતિ છે.

આ આઇબિરીઅનો તથા સેલ્ટ્સ લોકોને એ પછીના આક્રમકોએ સ્કોટલૅન્ડ, વેલ્સ અને બ્રિટનના નૈઋર્ત્ય ખૂણામાં કૉર્નવૉલની દુર્ગમ પહાડીઓમાં ધકેલી દીધા હતા. 'સેલ્ટિક ફ્રિંજ' તરીકે ઓળખાતા આ વિસ્તારોમાં એ કોમની સંસ્કૃતિના અવશેષો તથા ભાષાની અસર જોવા મળે છે, જે હવે બ્રિટનના અન્ય ભાગોમાં નષ્ટ થઈ ગઈ છે. વેલ્સમાં આજે પણ દર પાંચ માણસે એક જણ જૂની વેલ્સ ભાષા બોલે છે. આજે લગભગ પાંચ લાખ માનવીઓ એ ભાષા બોલે છે, અને ભાષા તરીકે એ આટલી વ્યાપક હોઈ તેને જાળવી રાખવા માટે સક્રિય પ્રવૃત્તિઓ ચાલી રહી છે.



◁ ઇંગ્લૅન્ડના દક્ષિણ કિનારે હેસ્ટિંગ્સ મુકામે નૉર્મેંડી (ફ્રાંસ)ના ડ્યૂક વિલિયમ. ઇંગ્લૅન્ડના ઇતિહાસમાં એ વિલિયમ ધ કૉન્કરર (વિજેતા વિલિયમ)નામે ઓળખાય છે. રાજગાદી પર પોતાના હકનો દાવો કરીને ઈ. ૧૦૬૬માં એણે ચડાઈ કરી અને રાજા હેરોલ્ડને હરાવી ઇંગ્લૅન્ડનું રાજ મેળવ્યું હતું. નીચે: ઇંગ્લૅન્ડમાં ભૂતકાલીન રોમન શાસનની એક યાદ સમી ૭૩-૭૪ માઈલ લાંબી દીવાલ-'હેડ્રિઅન્સવૉલ'. ઈ. ૧૨૨ના અરસામાં રોમન સમ્રાટ હેડ્રીઅને એ બંધાવેલી. એક કાળે આ દીવાલના વિસ્તારમાં ૮૦ જેટલા નાના ગઢ અને ૩૦૦ જેટલી ચોકીઓ હતી. સ્કૉટલૅન્ડ તરફથી આવતા હુમલાઓ સામે રક્ષણાર્થે તે બનાવી હતી. ઈ. ૧૯૨૮થી પ્રાચીન સ્મારક તરીકે તેની જાળવણી થાય છે.



આમ, ઈસ્વી સનના ચોથાથી અગિયારમા સૈકાની વચ્ચે તો બ્રિટિશ પ્રજાના મુખ્ય વિવિધજાતિય પાયાની સ્થાપના થઈ એ નિઃશંક છે. રોમનોએ બ્રિટનનો કબજો લીધો તે પછી આસરે ચારસો વર્ષ સુધી અહીં એકંદરે શાંતિ રહી હતી. પણ ત્યાર પછી ઉપરના સમય દરમિયાન પ્રથમ બાલ્ટિક કિનારેથી ઍંગલ્સ તથા સેક્સનો ચડી આવ્યા, અને લગભગ એ જ અરસામાં ડેન્માર્કથી જ્યુટ્સ નામની નાનકડી જાતિના લોકો પણ આવ્યા હતા.

જોકે બહારથી આવેલા આ લોકોની જાતિઓ જુદીજુદી હતી, પરંતુ તેમના ધર્મ, ભાષા, લશ્કર અને ખેતીની રીત સમાન હતી. આરંભમાં તેઓ આક્રમકો તરીકે આવીને ખૂનખરાબી ને લૂંટફાટ કરતા, પણ પછી ધીરેધીરે અહીં સ્થાયી થઇ રહેતા અને પોતાની જાતિના લોકોને પણ અહીં વસવા બોલાવી લેતા. આ રીતે ઍંગલો અને સેક્સનો બ્રિટનના ઘણાખરા ભાગમાં ફેલાઈ ગયા. પરંતુ જ્યુટ લોકો મુખ્યત્વે દક્ષિણનાં પરગણાંઓમાં અને આઇલ ઑવ વ્હાઇટમાં સ્થાયી થયા હતા. આમાંના ઍંગ્લો જે મુખ્ય ભૂમિ પર વસેલા તે આગળ જતાં એમના જાતિનામ પરથી ઇંગ્લૅન્ડ નામે આળખાઈ.

સેલ્ટ્સ લોકોએ અગાઉ નીચાણવાળા સમૃદ્ધ પ્રદેશો કબજે કર્યા હતા, પરંતુ પછી તેમને ત્યાંથી ખસી જવું પડેલું. એ જ રીતે ઍંગ્લો-સેક્સન લોકોને પણ સ્કેન્ડિનેવીઆના શક્તિશાળી વાઈકિંગ્સ કે ડેઈન્સ લોકોનાં જોરદાર આક્રમણો વધવા લાગતાં બ્રિટન તરફ ખસવું પડેલું.

છેવટે અગિયારમી સદી સુધીમાં બ્રિટનમાં ઍંગ્લો-સેક્સન અને સ્કેન્ડિનેવીઅન રાજ્યોનું જોડાણ સધાતાં શાન્તિ સ્થપાઈ. વિવિધ પ્રજાની રાજસત્તાના વિકાસ સાથે તે તે જાતિઓની પ્રજાનું જે સંકરણ થતું ગયું તેમાંથી આજની બ્રિટિશ પ્રજા ઉત્પન્ન થઈ. આ પ્રજા ઉત્તર યુરોપની નોર્ડિક પ્રજાને વધુ મળતી આવતી હતી. આ મિશ્રણનું પ્રમાણ દેશના વિવિધ ભાગોમાં જુદું જુદું છે. સામાન્યતઃ બ્રિટિશ ટાપુઓમાં પૂર્વથી પશ્ચિમ જતાં નોર્ડિકથી સેલ્ટિક અને આઇબિરીઅન લોહી ધરાવતા અંગ્રેજો મળે છે. આ અંગ્રેજ પ્રજામાં સાંસ્કૃતિક વૈવિધ્યનો ઘણો વિકાસ થયા છતાં આ પછીના ઇતિહાસમાં જાતીય પાયામાં બહુ ફેરફાર થયો નથી, અગિયારમી સદી પછી મોટા પાયા પર અહીં સંસ્થાન સ્થાપવાના પ્રયાસો થયા નથી, પરંતુ વખતોવખત વસવાટ માટે આગંતુકો આવતા રહ્યા છે ખરા.

ઈ. ૧૦૬૬માં ફ્રેન્ચ નૉર્મન વિજય બાદ પરિસ્થિતિ થાળે પડવા લાગી. આ પછી બ્રિટનમા આયરીશ લોકો તથા યુરોપીઅન યહૂદીઓ અહીં સતત આવતા રહ્યા. ઈ. ૧૨૯૦માં રાજા એડવર્ડ પહેલાના શાસનમાં યહૂદીઓને હાંકી કાઢવાનો હુકમ થયો તે અગાઉ લગભગ ૧૬,૦૦૦ જેટલા, એટલે કે કુલ વસ્તીના એક ટકા જેટલા યહૂદીઓ અહીં હતા.

આ જ અરસામાં અને તે પછી યે ઇટાલિયન શરાફો, ફ્લૅમિશ વણકરો, ડચ શાહુકારો અને ફ્રેન્ચ હ્યુજીનોટ રેશમના કારીગરો અહીં સ્થાયી થવા લાગ્યા. લંડન શહેરના માર્ગોનાં નામો આ ઈટાલિયન શરાફોની યાદ આપે છે. આ ઉપરાંત, યુરોપની તળ ભૂમિ ઉપર યુદ્ધો કે ધાર્મિક રમખાણો થાય ત્યારે ત્યાંથી રાજકીય કે ધાર્મિક નિરાશ્રિતો પણ બ્રિટનમાં આવીને વસ્યા છે. આવા નિરાશ્રિતોને અહીં દીર્ઘ કાળથી આશરો મળતો રહ્યો છે.

ઓગણીસમી સદીના અંતમાં રશિયા અને પૂર્વના યુરોપમાં—ખાસ કરીને પોલૅન્ડમાં યહૂદી-વિરોધી આંદોલનો થએલાં ત્યારે ત્યાંથી બળજબરીથી હાંકી કાઢેલા યહૂદીઓમાંથી મોટા ભાગના તો અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં ગયા, પરંતુ તેમાંની ગણનાપાત્ર સંખ્યાએ બ્રિટનમાં પણ આશ્રય લીધો હતો. મધ્ય લંડનની પૂર્વ તરફના વિસ્તારોમાં તેઓ વસ્યા. આયર્લૅન્ડમાં આર્થિક સ્થિતિ કથળતાં ત્યાંથી યે મોટી સંખ્યામાં લોકો ઇંગ્લૅન્ડ તથા સ્કૉટલૅન્ડ તરફ ઊતરી આવેલા. પૂર્વ યુરોપમાંથી પણ ધસારો ચાલતો રહ્યો અને બીજા વિશ્વયુદ્ધ પછી તો એમાં ઘણો વધારો થયો. પરંતુ હાલ જેમના વસવાટ માટેનાં વલણ ચર્ચાઈ રહ્યાં છે તે, બ્રિટનમાં રાષ્ટ્રસમૂહમાંથી મોટી સંખ્યામાં આવેલા લોકોના વસવાટ અંગેનાં છે.

જો કે આ વલણ પણ નવું નથી. ઈ. ૧૭૭૧માં લગભગ ૨૦,૦૦૦ હબસીઓને લંડનમાં વસાવવામાં આવ્યા હતા. આગળ જતાં જે જે આફ્રિકન દેશો બ્રિટિશ સામ્રાજ્યના ભાગ બન્યા તે દેશોમાંથી તેમને લાવવામાં આવેલા, જેઓ પાછળથી અહીં ઘરનોકરો તરીકે રહેલા. ગુલામીની પ્રથા નીકળી ગયા પછી આમાંના ઘણાખરા હબસીઓ અહીં જ સ્થાયી થઈ રહ્યા.

ઇસ્ટ ઈંડિયા કંપની જેવાં વ્યાપારી સાહસોનો વિકાસ થવાથી એશિયાના નાવિકો લંડનની, ઈંગ્લૅન્ડના વાયવ્ય ખૂણે આવેલા લિવરપૂલની, વેલ્સમાં કાર્ડિફની અને ઈંગ્લૅન્ડની ઇશાને ટાઇનસાઈડની ગોદીઓના વિસ્તારોમાં આવવા લાગ્યા. આફ્રિકાના અને વેસ્ટ ઇન્ડિઝના નાવિકો સાગર છોડીને ગોદી-વિસ્તારોમાં હાલની વિવિધ જાતિઓ સાથે જોડાયા ત્યારે, પ્રથમ વિશ્વયુદ્ધ બાદ આ વલણમાં વધારો થયો. પરંતુ બીજા વિશ્વયુદ્ધ પછી તો રાષ્ટ્રસમૂહના દેશોમાંથી અહીં સ્થાયી થવા આવનારાઓની સંખ્યા ઝડપથી વધવા લાગી. ૧૯૫૦ પછીના દાયકામાં લોકો પોતાના દેશ કરતાં અહીં કામધંધાની વધુ સારી તકોની શોધમાં ઊમટવા લાગ્યા. અમેરિકામાં વેસ્ટ ઇંડિઝના લોકોના કાયમી વસવાટ ઉપર નિયંત્રણ મૂકતો કાયદો થયા પછી તે લોકો મોટી સંખ્યામાં બ્રિટનમાં આવવા લાગ્યા. આમાંના મોટા ભાગના રાષ્ટ્રસમૂહના કેરીબીઅન ટાપુઓ પરથી આવેલા, પણ લગભગ સાઠ ટકા લોકો જમૈકાથી આવ્યા હતા. ભારત, પાકિસ્તાન અને બાંગ્લા દેશમાંથી પછી પુષ્કળ લોકો બ્રિટનમાં વસવા આવતા થયા, અને ૧૯૭૦ બાદ તો એમનો ધસારો ટોચે પહોંચ્યો. પૂર્વ આફ્રિકાના કેનિયા ને યુગાન્ડા જેવા દેશોમાંથી હાંકી કાઢેલા ભારતીઓએ આમાં વિશેષ વધારો કર્યો.

વસ્તીગણતરીના આંકડા જોતાં જણાયું છે કે ૧૯૭૬માં બ્રિટનની કુલ ૫,૪૦,૦૦,૦૦૦ની વસ્તીમાં લગભગ સાડા ત્રણ ટકા વસ્તી નવા રાષ્ટ્રસમૂહ અને પાકિસ્તાનીઓની હતી. ચોક્કસ આંકડા મેળવવા તો મુશ્કેલ છે, કારણ ઘણા એશિયનો તથા વેસ્ટ ઇંડિયનો તો બ્રિટનમાં જ જન્મેલા હશે. એવો અંદાજ છે કે ૧૯૯૧ સુધીમાં બ્રિટનમાં આશરે ત્રીસ લાખ લોકો રાષ્ટ્રસમૂહ તથા પાકિસ્તાનમાંથી આવેલા હશે. અને તે ઉપરાંત ત્રણથી ચાર લાખ માણસો મિશ્ર ટકાવારીમાં આવી જશે. આમ, બ્રિટનમાં દર વીસ માણસે એક માણસ બહારનો હશે, જેમાંથી અર્ધા તો બ્રિટનમાં જ જન્મ્યા હશે.

આજે બ્રિટનમાં સૌથી મોટું જૂથ એશિયાના સ્થાનાંતરિત લોકોનું છે. ૧૯૭૬ની મધ્યમાં આશરે ૩,૯૦,૦૦૦ ભારતીઓ, ૨,૪૬,૦૦૦ પાકિસ્તાનીઓ તથા બાંગ્લાદેશવાસીઓ, ૧,૬૦,૦૦૦ પૂર્વ આફ્રિકાથી આવેલા ભારતીઓ હતા. આ ઉપરાંત ૩,૦૪,૦૦૦ વેસ્ટ ઈંડિયનો, ૯૭,૦૦૦ આફ્રિકનો તથા ૧,૫૯,૦૦૦ લોકો સાયપ્રસ-માલ્ટાના તથા ૧,૧૫,૦૦૦ લોકો શ્રીલંકા, હૉંગકૉંગ ને સિંગાપોરના છે. આ છેલ્લાં બે જૂથ બ્રિટનની સારી એવી ચાઇનિઝ લઘુમતીનો ભાગ છે. બ્રિટિશ સમાજમાં આ બધાંનાં જૂથ શક્તિશાળી છે. વળી, જેમ બ્રિટિશો પરદેશમાં સાથે મળીને રહે છે તેમ આ જૂથના લોકો પણ મોટે ભાગે સાથે રહે છે. લંડનના પૂર્વ ભાગના વિસ્તારોમાં આ જાતિઓના લોકો ઓછાવધતા પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે દક્ષિણ લંડનમાં વેસ્ટ ઈંડિયનોની સંખ્યા મોટી છે. પશ્ચિમ લંડનના વિસ્તારમાં (અનુ. પૃષ્ઠ ૧૬૩)

મેલબર્નમાં

પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

મેલબર્નનો વનસ્પતિ ઉદ્યાન

મેલબર્નમાં નૅશનલ આર્ટ ગૅલેરી જોયા પછી અમારે ત્યાંનો બૉટનિકલ ગાર્ડન જોવા જવાનું હતું, અને શ્રીમતી ગિટિને બપોરનું લંચ પણ ત્યાં જ ગોઠવ્યું હતું. જમવા જતાં પહેલાં અમે વનસ્પતિઉદ્યાનનો થોડો ભાગ જોયો. અહીં પણ પુષ્કળ માખીઓ હતી, પણ મારી આસપાસ બીજાઓના કરતાં ઓછી માખીઓ ઘુમરાતી જોઈ કેટલાકને નવાઈ લાગતી હતી. કોઇકે ટકોર પણ કરી કે, 'તમે શાકાહારી છો એટલે તમારી પાસે માખીઓ આવતી નથી.'

'એ તો ખબર નથી, પણ હું જે યુક્તિ અજમાવું છું તે મેં શ્રીમતી ગિટિનને કહી છે.'

અને જમતી વેળા શ્રીમતી ગિટિને સૌને કહ્યું, 'જમીને આપણે પાછું, આ ઉદ્યાનમાં ફરવાનું છે. અહીં માખીઓ પુષ્કળ છે, પણ ડૉ. શાહે મને એમની યુક્તિ બતાવી છે. જમીને તેઓ એમની ભારતીય રસમ પ્રમાણે પાણી પીએ છે અને કોગળા કરી મોં સાફ કરી નાખે છે. આપણે બધાં જમીને છેલ્લે આઈસ્ક્રીમ કે કૉફી જેવી મીઠી વસ્તુઓ ખાઇએ છીએ અને મોં સાફ કરતાં નથી કે પાણી પીતાં નથી. કદાચ એથી માખીઓ આપણી આસપાસ ભમે છે. ઇચ્છા થાય તો ડૉ. શાહની રીત અજમાવી જુઓ !'

લગભગ બધાંએ જમીને પાણી પીધું અને કોગળા કરી મોં પણ સાફ કર્યું. આજે અહીં આટલું બધું પાણી વપરાતું જોઇને વેઇટરને પણ આશ્ચર્ય થયું. પરંતુ બે મહિલાઓ આમાં અપવાદ હતી. કહે, 'અમને આઈસ્ક્રીમ પર પાણી ન ભાવે, આઇસ્ક્રીમનો સ્વાદ મારો જાય. અમે તો માખી ન સતાવે એટલા સારુ બજારમાંથી ચહેરા પર લગાડવાનો ખાસ ક્રીમ લઈ આવ્યાં છીએ.'


જમ્યા બાદ ગાર્ડનમાં ફરતી વખતે બીજાં કોઇને તો ક્રીમ લગાડવાની જરૂરત ન રહી, પણ પેલી બંને મહિલાઓની ડબ્બી ખાલી થતી જતી હતી.

એક તો બપોરનો તાપ હતો અને અમે બધાં પેટ ભરીને નીકળ્યાં હતાં. વળી, વિવિધ વનસ્પતિઓ બતાવવામાં ગાર્ડન-સુપરવાઈઝરને જેટલો ઉત્સાહ હતો તેટલો ઉત્સાહ જોનારાઓમાં નહોતો રહ્યો. તેમાં યે સુપરવાઇઝરે એક વૃક્ષ બતાવતાં કહ્યું, આ 'ગમ ટ્રી' છે. મેં કહ્યું 'પણ આ વૃક્ષ તો યુકેલિપ્ટસ તરીકે જાણીતું છે.'

'હા, પણ અહીં ઑસ્ટ્રેલિયામાં લોકો એને ગમ ટ્રી કહે છે.'

પછી તો બીજા એક વૃક્ષ વિષે પૂછતાં એમણે એને પણ ગમ ટ્રી તરીકે ઓળખાવ્યું. ત્રીજું પણ ગમ ટ્રી, અને ચોથું યે ગમ ટ્રી. અમને સૌને નવાઈ લાગી. તેઓ કહે 'અહીં તો જુદીજુદી જાતનાં બસો જેટલાં ગમ ટ્રી થાય છે.'

આ યે ખરું ! અહીં કોઈ પણ ઊંચા એકવડા વૃક્ષને ગમ ટ્રી કહીએ તો ખોટા ન પડીએ ! ખેર, પણ હવે વૃક્ષો જોવામાં અમે ચીટકી રહીએ એટલો રસ આ બધાં ગમ ટ્રીમાં રહ્યો નહિ. ધીરેધીરે બધાં વિખરાવા લાગ્યાં. હું પણ જર્મનીના કે હૉફ સાથે પાછો ફર્યો. ટ્રામ પકડવા એકાદ સ્ટૉપ જેટલું અવળી દિશામાં જવું પડ્યું. ટ્રામ તો આવી નહિ, એટલે પાટેપાટે પાછા ચાલ્યા. ત્રણેક સ્ટૉપ જેટલું ચાલી નાખ્યા પછી ટ્રામ દેખાઈ. તુરત ચડી બેઠા અને એકાદ સ્ટૉપ જેટલું અંતર કાપ્યું ત્યાં કંડક્ટરે કહ્યું, 'ઊતરી જાઓ, તમારું ફ્લિન્ડર્સ સ્ટ્રીટનું સ્ટૉપ આવી ગયું.' ટ્રામ માટે ગાર્ડનથી અવળી



△ મેલબર્નના વનસ્પતિઉદ્યાનનું આરામગૃહ △

દિશામાં એક સ્ટૉપ જેટલું આવવાજવામાં, ને ત્યાંથી ત્રણેક સ્ટૉપ જેટલું બીજું ચાલવામાં કુલ જેટલું ચાલ્યા એનાથી પાંચમા ભાગના અંતર માટે અમે ટ્રામનો મિનિમમ ચાર્જ જે પંદર સેન્ટ (દોઢ રૂપિયા જેટલો) હતો તે આપ્યો,–કહો કે આપવો પડ્યો.

ડિક હેમરની પાર્ટી

સાંજે પાંચ વાગ્યે વિક્ટોરિયા સ્ટેટના મુખ્ય પ્રધાન ડિક હેમર તરફથી અમારા સ્વાગતમાં પાર્ટી હતી. ઝરણાબેન અને અનિલભાઈના મતે મુખ્ય પ્રધાનની પાર્ટીનું આમંત્રણ તો બહુ મોટું માન ગણાય. અમારી આ વાતો એમની પુત્રી લીના સાંભળતી હતી. એણે પૂછ્યું, 'મમ્મી, આ પાર્ટીમાં હું અંકલ સાથે જઈ શકું ?'

'નિમંત્રણ વિના આપણાથી આવી પાર્ટીમાં ન જવાય.'

'જો લીનાની ઇચ્છા જ હોય તો હું એને મારી સાથે લઈ જઉં.'

'આવી મોટી પાર્ટીઓમાં આમંત્રિતોનાં કાર્ડ બરાબર તપાસાતાં હોય, અને લીનાને આમંત્રણ નથી એટલે એને કેવી રીતે લઈ જવાય ?'

'એટિકેટની દૃષ્ટિએ એ બરાબર છે. પણ લીનાની ઇચ્છા છે તો હું લઈ જઉં. કહીશ કે મારી દીકરીને સાથે લાવ્યો છું. જો તેઓ વાંધો નહિ લે તો અમે પાર્ટીમાં જોડાઈ જઈશું.'

'અને વાંધો લે તો ? તમે એને ક્યાં બેસારશો ? એકલી તો એ ઘેર પાછી નહિ આવી શકે.'

'તો અમે બંને પાછાં આવીશું. આવી પાર્ટીઓમાં માણસોની બરાબર ગણતરી રખાય છે એ ખરું, પણ મને ખબર છે કે ક્યાંય અપવાદ ન જ હોય એવું યે નથી હોતું. ઘણી વાર તો આપણે ધારીએ તે કરતાં તેઓ વધુ સમજદાર હોય છે. મને આવી પાર્ટીઓની નવાઈ નથી. આમાંથી પાછા આવવામાં મારે કંઈ ગુમાવવાનું નથી. પણ જવા મળે તો લીનાને એક નવો જ અનુભવ મળશે.'


અને અમે ગયાં. સ્થળે સ્થળે કાર્ડ બતાવતાં અમે મુખ્ય હૉલ સુધી પહોંચી ગયાં. બારણા પાસે જ ચાર-પાંચ અમલદારો ઊભા હતા. આવનાર મહેમાનનું કાર્ડ જોઈ તેના નામનું તૈયાર રાખેલું સ્ટિકર તેના કોલર પર લગાડી આપતા હતા. સ્ટિકર પર નામ વાંચી કોઇએ કોઈની ઓળખાણ પૂછવી ન પડે. મારું સ્ટિકર લગાડાઈ ગયું. પણ લીનાના નામનું સ્ટિકર નહોતું. મને પૂછ્યું, 'આપની સાથે કોણ છે ?'

'મારી દીકરીને સાથે લાવ્યો છું.'

'વાહ, સારું કર્યું.' કહી તુરત તેના નામનું સ્ટિકર બનાવીને તેને લીનાના કોલર પર લગાડી આપ્યું.

હૉલમાં દાખલ થતાં સામે જ મુખ્ય પ્રધાન ડિક હેમર ઊભા હતા.





હીરા, માણેક વગેરે રત્નો આમ તો અન્ય ખનિજોની જેવી જ પેદાશો છે, પરંતુ એમની સખ્તાઈ, પારદર્શકતા, ચળક અને રાસાયણિક ફેરફારો સામે ટકી રહેવાની ક્ષમતા તથા તેમની દુર્લભ પ્રાપ્તિનાં કારણોથી તેમનું વ્યાપારિક મૂલ્ય ઘણું ઊંચું રહે છે, એટલે કે એવું એકાદ નંગ ખરીદવા માટે થાળ ભરીને રૂપિયા આપવા પડે. જેમ રાસાયણિક દષ્ટિએ ખનિજ કોલસા અને હીરા વચ્ચે તફાવત નથી તેમ માણેક, નીલમ વગેરે અમુક રત્નો બાદ કરતાં અન્ય ઘણાંખરાં રત્નોના બંધારણમાં મુખ્ય ઘટક સિલિકા ઑક્સાઈડ હોય છે. અલબત્ત, આ સિલિકા ઉપરાંત વિવિધ ખનિજ દ્રવ્યો વગેરેના ઓછાવધતા પ્રમાણ અને તેમની અસરના પ્રભાવથી આ સિલિકા ઘટકવાળાં રત્નોના રૂપરંગમાં તફાવત પડે છે, અને તે અનુસાર તેમનું મૂલ્ય અંકાય છે. ગોમેદ (ઓનિક્સ), અકીક (ઍગેટ), કાચમણિ (ક્વાર્ટ્ઝ) અને ઓપલ (ક્ષીરસ્ફટિક) આવાં સિલિકા ઘટકવાળાં જે નિમ્ન કક્ષાનાં મૂલ્યવાન પથ્થરો છે. એક રીતે ઓપલ એ ભૂગર્ભમાં જ્વાલામુખીય ખડકની અંદર ગરમ પાણીથી પડેલી તિરાડો ને પોલાણોમાંથી મળતો, રેતી અને પાણીના મિશ્રણથી બનેલો અસ્ફટિકમય પથ્થર છે. એની મુખ્ય ખૂબી એની મેઘધનુષી રંગછટાની છે. એનું બંધારણ સ્ફટિકમય નહિ, પણ સૂક્ષ્મ તિરાડોવાળા અને એકબીજાની ઉપર ચડેલા અત્યંત પાતળા સ્તરોવાળું હોય છે, જેના જુદાજુદા સ્તરોમાંથી વિવિધ રંગે પ્રકાશ પરાવર્તિત થાય છે. ઓપલની ચમક, પારદર્શકતા અને રંગની વિવિધતાવાળી અનેક જાત છે. પીળાથી રતાશ પડતા ઓપલ તેની અગ્નિજ્વાલા જેવી ભભકથી 'ફાયર ઓપલ' નામે ઓળખાય છે. મેક્સિકો અને હોન્ડુરાસના આવા ઓપલ વખણાય છે. પારદર્શક જેવો અને રંગહીન શુદ્ધ ઓપલ દુર્લભ છે. આવા ઓપલને પ્રકાશ સામે ધરતાં તેમાંથી જુદો જ રંગ દેખાય છે. સામાન્ય ઓપલમાં રંગની ભભક હોતી નથી અને તેનો ચળકાટ પણ ચીકણા મીણ જેવો લાગે છે. અમેરિકાના સંયુક્ત રાજ્યોમાં આવા હલકા પ્રકારના ઓપલ મળે છે. ઓપલની ગણના મૂલ્યવાન રત્નમાં થઇ શકે તેમ નથી, કારણ, એ એક પોચો અને બરડ પથ્થર છે, વપરાશમાં ઘસારો પામે છે, ઉષ્ણતામાનના મોટા ફેરફારમાં એ બટકી જાય છે અને અતિ ગરમીમાં એની ચમક પણ જતી રહે છે. વળી એ છિદ્રાળુ હોઈ પ્રવાહી પદાર્થોના સંપર્કથી દૂર રાખવો પડે છે. જીભ પર મૂકીએ તો એ ભેજ શોષીને ત્યાં ચોંટી જતો અનુભવાય છે. છતાં એપલના વિધવિધ રંગછટા અને દુર્લભતાના કારણે તે કિમતી ગણાય છે. ઑસ્ટ્રેલિયામાંથી મળેલા કાળા ઓપલ એની બીજી જાતોમાં વધુ દુર્લભ હોઇ વધુ મૂલ્યવાન ગણાય છે. ઓપલ બહુ જૂના કાળથી જાણીતા છે. ઉપર ડાબી બાજુ ઓપલની પ્રાપ્તિ માટે ઑસ્ટ્રેલિયામાં બહુ જાણીતા વિસ્તાર 'લાઈટનિંગ રેન્જ'માં પોતાનું નસીબ અજમાવવા ભૂગર્ભમાં ઊતરતા માણસને દર્શાવ્યો છે. જમણી બાજુ આ જ વિસ્તારમાંથા મળેલો શ્યામ ઓપલનો ૧૦૦ કૅરેટનો એક સુંદર અને અતિ દુર્લભ નમૂનો બતાવ્યો છે.

સાથેનો ઑફિસર આવનાર સૌનો પરિચય કરાવતો હતો, અને તેની સાથે હાથ મિલાવી પ્રધાનશ્રી તેનું સ્વાગત કરતા હતા. આ વિધિ પતાવી અમે પાર્ટીમાં સૌની સાથે સામેલ થઈ ગયાં. પીણાંનો દોર ચાલતો હતો, અને સાથોસાથ અવનવી વાતોનો પણ. સ્વાભાવિક જ લીના પાસે વાતોના વિષય ખાસ ન હોય, પણ મારા કરતાં ઑસ્ટ્રેલિયન ઉચ્ચારો એ બહુ સરળતાથી પકડી લેતી હતી. છતાં મારી સાથે ફરવામાં મોટે ભાગે એને મૂગા ઊભા રહેવું પડે. મેં હૉલમાં નજર ફેરવી. સાહિત્યકારો કરતાં સરકારી અમલદારો અને તેમની પત્નીઓની સંખ્યા વધારે લાગી. એમને સાહિત્યની વાતોમાં બહુ રસ ન પડે એ સ્વાભાવિક હતું. બને તો એવી વાતો એ ટાળે પણ ખરાં. એક વૃદ્ધ સન્નારી પર મારી નજર પડી. એ અટૂલાં પડી ગયાં લાગતાં હતાં. મેં લીનાનો એમને પરિચય કરાવી દીધો. કોઈક વાત કરનારું મળી જતાં એ રાજી થયાં અને એ બંનેએ એક સોફા પર બેઠક જમાવી દીધી. મુક્ત બની હવે હું બીજાંઓ સાથે વાતે વળગ્યો. જો કે આવા પ્રસંગોએ વાતો તો અનેક વિષયની નીકળે, પણ તેમાં ખાસ કંઈ ઊંડાણ ન હોય. સૌ વાતો કરવા ખાતર કરે, એકબીજાને હળેમળે એટલું જ.

પાર્ટી બાદ શ્રીમતી ગિટિને ચર્ચા ગોઠવેલી, પણ સાહિત્યેતર ક્ષેત્રની વ્યક્તિઓ જ જ્યાં વિશેષ હોય ત્યાં એમાં સૌને ઓછો રસ પડે. અને આમે ય તે હવે પ્રતિનિધિઓ પણ વારંવાર આવી ચર્ચાઓ કરી કંટાળ્યા હતા. થોડી વાર તેમાં હાજરી આપી અમે પણ નીકળી ગયાં.

ઓપલ

ઑસ્ટ્રેલિયા એટલે ઓપલનો દેશ. અહીંનું ગમે તે છાપું ઉઘાડો તો તેની એકાદ જાહેરખબર તો જોવા મળે જ. એ જ રીતે કોઈ પણ બજારમાં કે એરપોર્ટ યા મોટી હોટેલોમાં યે ઓપલજડિત ઘરેણાંની દુકાનો પણ હોય જ.

ઓપલ એ એક રત્ન છે. દુનિયાભરમાં વધુ પ્રમાણમાં અને વધુ સારી જાતનાં ઓપલ ઑસ્ટ્રેલિયામાંથી મળે છે. ઓપલમાંથી જે વિવિધરંગી કિરણોનો ઝબકાર જોવા મળે છે એવો બીજા કોઈ કિંમતી પથ્થરમાં જોવા મળતો નથી. આછા અપારદર્શક ભૂરા રંગના આ પથ્થર જમીનની અંદર ૫૦ થી ૧૦૦ મીટર ઊંડે રેતિયા ખડકસ્તરમાંથી મળી આવે છે. આ રત્ન રેતિયા પથ્થરના પ્રકારનું મનાય છે અને બહુ પ્રાચીનકાળમાં ધરતીના પેટાળમાં લાવાની ઉષ્ણ રાખમાંથી પસાર થતાં પાણીમાં સિલિકા ઓગળી જઇ તે ઠરતાં બને છે. જમીનમાંથી કાઢેલો ઓપલનો પથ્થર ઘસ્યા પહેલાં તો સામાન્ય કાંકરા જેવો જ લાગે છે, ઓપલ બરડ હોવાથી અથડાવા-પછડાવાથી તૂટી જાય છે. એ જ રીતે આબોહવાની અસરમાં પણ લાંબા ગાળે તેની તેજસ્વીતા ઘટી જાય છે. વળી, તે બરડ હોઈ તેના પર પહેલ પાડવા મુશ્કેલ છે. સામાન્યત: તેને ઘસીને પૉલિશ આપવામાં આવે છે. આ રીતે ઘસાયા બાદ એની રંગભભક ખીલી ઊઠે છે.

સોલિડ, બ્લૅક, લાઈટ, બાઉલ્ડર, ડબ્લેટ, ટ્રિપ્લેટ વગેરે તેના

કેટલાક પ્રકારો છે. ઑસ્ટ્રેલિયામાં કુબરપેડી, આન્દામુકા તથા ન્યૂ સાઉથ વેલ્સમાં લાઈટનિંગ રિજમાં મોટા પ્રમાણમાં ઓપલ નીકળે છે. ઑસ્ટ્રેલિયામાં ઓપલ છેલ્લી દોઢેક સદીથી ખોદી કઢાય છે. જો કે આમ તો પ્રાચીન સમયથી આ રત્ન જાણીતું છે. પ્રાચીન યુરોપમાં ઓપલ અપશુકનિયાળ મનાતું હતું, પણ રોમન લોકોએ તેને શુકનવંતું ગણી તેનો ઉપયોગ કરવાનો આરંભ કરેલો.

આ ઓપલના મૂળ સ્વરૂપને કેવી રીતે કાપીને ટુકડા કરાય છે, કેવી રીતે તેને ગોળલંબગોળ વગેરે આકાર અપાય છે ને તેને કેવી રીતે ઘસીને ચળકાટ અપાય છે એ બધી પ્રક્રિયા અમને – પી. ઈ. એન.ના પ્રતિનિધિઓને બતાવવાનો એક કાર્યક્રમ હતો. જે વેપારીને ત્યાં અમે આ જોયું તેણે અમને ઓપલના કેટલાક વિરલ નમૂનાઓ પણ બતાવ્યા, જેમાં છીપલાંના આકારના ઓપલ પણ હતા. એ કહે, 'હજારો વર્ષ પહેલાં ધરતીની કોઈ હલચલથી સમુદ્રકિનારા પરનાં છીપલાં ભૂમિના પેટાળમાં ચાલ્યા જાય અને એ વખતે રેતીનો ધગધગતો પ્રવાહ તેની અંદર ભરાઈ જાય તો એ છીપલું પોતે પણ એ રેતી સાથે ભળી જઈ તેનો આવો આકાર બંધાઈ જાય. આવા ઓપેલ મળવાની શક્યતાઓ ઓછી હોઈ એનું મૂલ્ય પણ વધારે અંકાય છે. આ પછી ઓપલ-જડિત કેટલાંક આભૂષણો પણ જોયાં. અમારામાંનાં કેટલાંકે થોડી ખરીદી પણ કરી, કારણ એમને ચલણનો કોઈ પ્રશ્ન નડે તેમ નહોતો. પણ મને ખાતરી છે કે કિંમતની બાબતમાં તેઓ જરૂર છેતરાયાં જ હશે.

મેલબર્નનો પ્રાણીબાગ

ઓપલના કાર્યક્રમ બાદ અહીંની પ્રસિદ્ધ હોટેલ 'સધર્ન ક્રૉસ'માં બપોરનું ખાણું લેવાનું હતું. અગાઉથી સૂચના આપેલી એટલે મારા માટે શાકાહારી વાનગીઓ જ પીરસાઈ, છતાં સૂપને સ્વાદિષ્ટ બનાવવા માંસાહારી રસો તો નાખેલો જ. એટલે સૂપ વિના ચલાવવું પડ્યું પરદેશમાં. આવું બને જ છે. કારણ શાકાહારી, એટલે કે વેજિટેરીઅન આહારની દરેક સ્થળે કંઈ જુદીજુદી જ વ્યાખ્યા થતી હોય છે. જાપાનમાં તો વેજિટેરીઅન એટલે કેવો આહાર એની જ કોઇને સમજ ન પડ્યાનો પણ અગાઉ મને અનુભવ થએલો અને ત્યારે ત્યાંના મૅનેજરે મને છેક રસોડામાં લઈ જઇને મને ખપતી વાનગીની યાદી બનાવીને પીરસેલું.

આ પછી ચાલીસેક માઇલ દૂર હેન્સવિલેનો પ્રાણીબાગ જોવાનો હતો. એ જોવા જતાં બસમાંથી માર્ગમાં 'કૅરેવાન'નું પ્રદર્શન દેખાયું. મોટરગાડી સાથે જોડવાનું અથવા મોટરગાડીમાં જ ગોઠવેલું હરતું-ફરતું નાનકડું ઘર એ કૅરેવાન. તેમાં ચાતુરીપૂર્વક જગ્યાનો બહુ કરકસરપૂર્વક ઉપયોગ કરીને ઘરના જેવી બધી જ સગવડો ગોઠવેલી હોય છે. ટૂંકમાં હરતુંફરતું ઘર જ કહેવાય. સીડનીમાં બ્લ્યૂ માઉન્ટનમાં આગ લાગી ત્યારે જેમનાં ઘરોને નુકસાન થએલું તેઓએ આવા કૅરેવાનોમાં કામચલાઉ વસવાટ કરવા માંડયો હતો. સમૃદ્ધ દેશને પોસાય તેવી આ સગવડ છે. ઑસ્ટ્રેલિયામાં જેમ મોટરકાર તથા બોટ કે યાચનાં પ્રદર્શનો યોજાય છે તેમ આ કૅરેવાનનું પ્રદર્શન હતું. ભાતભાતનાં સહેજે પાંચસો કૅરેવાનો હશે.

આગળ ગીચ ઝાડીવાળા માર્ગ પર થઈ અમે હેન્સવિલે પહોંચી ગયાં. સીડનીનો તરોંગા પ્રાણીબાગ જોયા પછી અહીં કંઈ સવિશેષ જોવાની અપેક્ષા તો નહોતી, પણ અહીં વિશાળ ખુલ્લી જગ્યામાં સલામતી ખાતર જરૂરી વાડ કે આડશો બાંધીને પ્રાણીઓને કુદરતી વાતાવરણમાં રાખ્યાં હતાં. એક વૃક્ષ પર વસતાં નિશાચર 'ટ્રી કાંગારુ', કાંગારુની જ જેવાં નાનાં 'વલાબી', શાહમૃગ જેવું લાગતું 'એમુ', મગરના બચ્ચા જેવું પણ રેતી-પથ્થરોમાં રહેતું 'ગૅઆના' વગેરે સહિત પ્રાણીબાગમાં સામાન્યતઃ હોય એવાં ઘણાં પક્ષી-પ્રાણીઓ જોયાં.

રેડિયોગ્રાફી સ્કૅનિંગ અને 'કેટ'

ચાલુ સૈકામાં વૈદક વિજ્ઞાનની જે અનેક શોધો થઈ તેમાં એક્સ-રે, એન્ટીબાયોટિક ઔષધો અને પરિસ્થિતિ વિષયક આરોગ્યનો વિકાસ મુખ્ય અને મહાન છે. આમાંના એક્સ-રેના બે ઉપયોગ વ્યાપક બન્યા છે. એક તો તેના દ્વારા શરીરની અંદરના અવયવોનું દર્શન કરવું તે, અને બીજો તેના શેકથી કૅન્સર જેવા રોગોનો ઉપચાર કરવો તે. પણ એક્સ-રેથી જોખમકારી માઠી અસરો થાય છે. અલબત્ત, આ જોખમ ઘટાડવા માટે એક્સ-રે યંત્ર માટે ડાયાફ્રામ, ફિલ્ટર અને લેડ-રબર ઍપ્રન વપરાય છે. કિરણોત્સારથી શારીરિક તથા જનનીય માઠી અસરો થાય છે. શરીર ઉપર દેખાતી અસરો કરતાં ય વધુ ખરાબ અસર એ છે કે એનાથી સંતતિમાં ગુણવિકૃત ઊપજે છે.

એક્સ-રે વડે લેવાતી છબિ એ રેડિયોગ્રાફી છે. એક્સ-રેની સહાયથી શરીરની અંદરના અવયવો જોવાં તે ફ્લુરોસ્કોપી કે સ્ક્રીનિંગ. રેડિયોગ્રાફીમાં સમય લાગે તે કરતાં સ્ક્રીનિંગમાં વધુ સમય જાય છે, પણ એ ઓછું ખર્ચાળ હોઈ તેનો વધુ ઉપયોગ થાય છે. એનાથી કિરણોત્સારની રોગીને વધુ અસર થાય છે. હાડકાં અને હૃદયના રોગો માટે સ્ક્રીનિંગ અનિવાર્ય હોય ત્યારે 'ઇમેજ ઈન્ટેન્સીફાયર' જેવી આધુનિક સવલતોનો ઉપયોગ જરૂરી બને છે.

શરીરમાં રેડિયો એક્ટિવ આઇસોટૉપ દાખલ કરીને રેડિયોગ્રાફીની પ્લેટ ઉપર તેની છાપ લઇને કરાતા નિદાનને 'સ્કૅનિંગ' કહે છે. આ રીતે લોહીના રોગ, થાઇરોઈડ ગ્રંથિના બગાડા વગેરે પરખાય છે. ઈ. એમ. આઈ. બ્રેઈન ટોમોસ્કૅનરથી શરીરનાં અવયવો વધુ સ્પષ્ટતાથી જોવા મળે છે. આમાં શૉર્ટ સર્કિટ ટી.વી.નો ઉપયોગ જોડીને લોહીનું ભ્રમણ, હૃદયના ધબકારા અને અવયવો વગેરેને ત્રિ-પરિમાણમાં અને કાર્યરત સ્થિતિમાં નિહાળી શકાય છે. એક્સ-રે દ્વારા લેવાતી છબિમાં ઘણી વાર એકબીજા અવયવોની છાપની ભેળસેળ થઈ જઈ તેના પરથી નિદાન કરવામાં કાળજી રાખવી પડે છે, પરંતુ કૉમ્પ્યુટરાઈઝ્ડ એક્સીઅલ ટોમોગ્રાફી ('કેટ') વડે શરીરસ્થ અવયવને કોઈ પણ કોણથી સ્પષ્ટ જોઈ શકાય છે. જ્ઞાનતંત્રના રોગો, મગજના ભાગોમાં થએલા રક્તાર્બુદ. રક્તસ્રાવ, ઈન્ફ્રાક્ટ, નીઓપ્લાઝમા ને સીસ્ટ વગેરે આ રીતે સરળતાથી પરખાય છે. અને આ 'કેટ'ના નવા મૉડેલ વડે તો રંગીન છાપ મળી શકતી હોઈ શરીરની અંદરનો ભાગ તદ્દન અસલ સ્થિતિમાં જોઈ શકાય છે.

ટોમોગ્રાફી કરતાં કેટ દ્વારા વધુ ઝડપે છબિ મળી શકે છે અને તેમાં કિરણોત્સારની અસર પણ એક્સ-રે કરાવતાં થાય તેટલી જ કે ક્યારેક તો એથી યે ઓછી થાય છે. **—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી**

ઑસ્ટ્રેલિયામાં લગભગ છસો જાતનાં પક્ષીઓ છે, જેમાં એમુ સૌથી મોટું છે. શાહમૃગ કરતાં એ સહેજ નાનું, લગભગ છ ફૂટ ઊંચું હોય છે. એ ઊડી શકતું નથી, પણ કલાકના ચાળીસેક માઈલની ઝડપે દોડી શકે છે. એના પગ બહુ જ મજબૂત હોય છે. સ્વભાવે તે શાંત છે, પણ વિફરે તો તેના પગની એક જ લાત બસ થઈ પડે એટલું તાકતવર છે. એમુ નર કરતાં માદા કદમાં મોટી હોય છે, અને જબરી પણ. માદાએ મૂકેલાં ઈંડાં સેવવાનું અને બચ્ચાં ઉછેરવાનું કામ નર એમુએ કરવું પડે છે.

કાંગારુ ઑસ્ટ્રેલિયાનું રાષ્ટ્રીય પ્રાણી છે તો એમુ રાષ્ટ્રીય પક્ષી. ઑસ્ટ્રેલિયાની રાષ્ટ્ર સંજ્ઞામાં એક તરફ કાંગારુ અને બીજી તરફ એમુ દર્શાવવામાં આવે છે.

અહીંનાં પક્ષીપ્રાણીઓ જોઈ બાગના જ રેસ્ટોરાંમાં ચા-પાણી કરી અમે પાછાં ફર્યાં. પી.ઈ.એન. કૉંગ્રેસ દ્વારા પ્રતિનિધિઓ માટેનો આ છેલ્લો કાર્યક્રમ હતો.

ગુજરાતી સાહિત્યમાં પારસીઓનો ફાળો

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

પ્રકરણ ૧૦મું

લેખક · ડૉ. મધુસૂદન પારેખ

પારસીઓ ધર્મને ખાતર પોતાનું વતન ઈરાન છોડીને ઘણી મુશ્કેલીઓ વેઠીને દસમા સૈકામાં સંજાણ ઊતર્યા અને ત્યાર પછી ગુજરાતના બની રહેવામાં જ તેમણે ગૌરવ માન્યું. ક્રમેક્રમે તેમણે ગુજરાતી ભાષાને પોતાની માતૃભાષા તરીકે અપનાવી લીધી.

ઓગણીસમા સૈકામાં ઈ. ૧૮૧૮ની સાલમાં ગુજરાતમાં અંગ્રેજી રાજ્યઅમલ શરૂ થયો તે સાથે જ પશ્ચિમની સંસ્કૃતિની હવા ગુજરાતમાં પ્રસરવા લાગી. અંગ્રેજી વિદ્યાકળાથી અને ભાષા-સાહિત્યથી ગુજરાતનો હિંદુ વર્ગ જેમ પ્રભાવિત થયો તેમ ગુજરાતમાં વસતી ખોબા જેટલી પારસી પ્રજાનો વર્ગ પણ પ્રભાવિત બન્યો. એક રીતે કહીએ તો પશ્ચિમી સંસ્કાર ઝીલવામાં પારસી કોમે હિંદુઓ કરતાં પણ વધારે ઉત્સાહ દાખવ્યો. ભારતીય અને પશ્ચિમી એ બે સંસ્કૃતિના સંગમ સમયે જે પ્રકારના પ્રશ્નો હિંદુ સમાજમાં ઊભા થયા લગભગ તેવા જ પ્રશ્નો પારસી-સમાજમાં પણ ઉદ્ભવ્યા. પુનર્લગ્ન, કન્યા-કેળવણી, સુધારાને નામે પ્રગટેલાં અનિષ્ટો – આ બધા પ્રશ્નો બંને સમાજમાં સામાન્ય હતા. જેમ હિંદુસમાજમાં તેમ પારસીમાં પણ અંગ્રેજી શિક્ષણ પામેલા, કોમના કેટલાક હિતચિંતકોએ કવિતા, નવલકથા, નાટક જેવાં પદ્ય અને ગદ્યનાં વાહનને સમાજ-સુધારાના કાર્ય માટે ઉપયોગમાં લીધાં. અલબત્ત અંગ્રેજી સાહિત્યના સંસ્પર્શથી સર્જકોએ સંસાર-સુધારા ઉપરાંત પ્રકૃતિ, પ્રેમ, પોતાની અસલ માતૃભૂમિ વિશેની ભક્તિ, પારસી કોમની વિખ્યાત અને ઐતિહાસિક ઘટનાઓ વગેરે વિષયો વિશેષે કરીને સાહિત્યમાં ખેડ્યા.

પારસીઓ માટે ગુજરાતી એ દત્તક લીધેલી (adopted) ભાષા હતી. એ ભાષામાં પોતાના ભાવ કે વિચારો સાનુકૂળ રીતે અભિવ્યક્ત કરવામાં તેમને સ્વાભાવિક મુશ્કેલી નડતી હતી. તેમ છતાં કેટલાક પારસી કવિ, નાટ્યકાર અને નવલકથાકારોએ સંકલ્પપૂર્વક પોતાની આગવી બોલીમાં જ લેખન-પ્રવૃત્તિ કરી; બીજી તરફ મલબારી જેવા કવિઓએ તેમ જ કેખુશરૂ કાબરાજી, જહાંગીર તાલિયારખાન, દાદી તારાપોરવાલા જેવા નવલકથાકારોએ શિષ્ટ શુદ્ધ ગુજરાતી ભાષામાં લખવાનો આગ્રહ રાખ્યો. એમની કૃતિઓને હિંદુ સમાજના વિશાળ વર્ગનો સહકાર પણ સાંપડ્યો.

ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં પશ્ચિમી કવિતાની તેમજ ફારસી શૈલીની કવિતાની અસર નીચે કવિતાઓ રચાવા માંડી. આ કવિતામાં ખાસ દૈવત દેખાતું નથી. મોટે ભાગે કવિતાભાસી પદ્ય જ પ્રગટ થતું રહ્યું છે. તેમ છતાં અંગ્રેજી સાહિત્યના પ્રભાવથી ચાંચલ્ય અનુભવી રહેલી નાનકડી પારસી કોમના કવિઓએ પોતે અપનાવેલી ગુજરાતી ભાષામાં પણ પોતાના ભાવ–વિચાર, પોતાની ઊર્મિ–આકાંક્ષા પ્રગટ કરવાનો જે પ્રબળ પુરુષાર્થ કર્યો છે તે આદરપાત્ર છે. મંચેરજી લંગડાના–'મનસુખ', રૂસ્તમ ઈરાની, જમશેદજી પીતીત, સોહરાબ પાલમકોટ, જહાંગીર ખુરશેદજી વીકાજી–'નાજુક' વગેરે કવિઓનો ઉત્સાહ નોંધપાત્ર છે. મલબારી જેવા કવિએ તો ગુજરાતના શિષ્ટ કવિઓમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

બહેરામજી મેહેરવાનજી મલબારી

દલપતનર્મદ યુગમાં થઈ ગયેલા કેટલાક સમર્થ ઉપકવિઓમાં બહેરામજી મેહેરવાનજી મલબારી પોતે પારસી હોવા છતાં શુદ્ધ કહી શકાય તેવી ગુજરાતીમાં કેટલીક સ્મરણીય કવિતા રચીને આગવી ભાત પાડે છે. એમનો પ્રથમ કાવ્ય-સંગ્રહ 'નીતિવિનોદ' (ઈ. ૧૮૭૫)માં પ્રગટ થયો ત્યારે કેટલાય ગુજરાતી કવિઓ – કાવ્યરસિકો એમાંની શુદ્ધ, મનહર ગુજરાતી ભાષા જોઈને એ સંગ્રહ મલબારીનો હોય એમ સ્વીકારવા તૈયાર નહોતા. મલબારી મુખ્યત્વે દલપતરીતિના અનુયાયી છે અને 'નીતિવિનોદ'માં દલપત શૈલીની કેટલીક સુંદર રચનાઓ મળે છે. એમાં સંસારસુધારો, દેશભક્તિ, નીતિ, સદાચાર એમ અનેક વિષયો પર તેમણે કલમ પ્રવૃત્ત કરી છે. શામળરીતિને અનુસરીને તેમણે છપ્પા અને દોહરા પણ રચેલા છે. એમનો બીજો સંગ્રહ 'વિલ્સન-વિરહ' (ઈ. ૧૮૭૮) 'ફાર્બસ-વિરહ'ની શૈલીમાં રચાયેલો છે.

એમની દેશભક્તિનો આહ્લાદક પરિચય આપતું તેમનું કાવ્ય 'ગુજરાતનું ભાવી ગૌરવ' તો સુપ્રસિદ્ધ છે :

> અર્પિ દઉં સો જન્મ, એવડું મા, તુજ લ્હેણું,
> સો આપું લઈ એક, સહસ્ર આપું હું એકે,
> ગુર્જર દેશ ફરી જોઉં, દીપતો સત્ય વિવેકે

ગુજરાત વિશેની ભક્તિનાં કાવ્યોમાં આ કાવ્ય મહત્ત્વનું સ્થાન પામ્યું છે. એ કાવ્ય તેમને રાજદ્રોહના આરોપમાં ઘસડી ગયું હતું. એવું જ બીજું એક કાવ્ય 'ઇતિહાસની આરસી' પણ આપણા કાવ્ય-સાહિત્યમાં ચિરસ્મરણીય બન્યું છે. વ્યક્તિના જીવનમાં આવતા વારા-ફેરાનું તેમાં સદૃષ્ટાન્ત ચિત્ર છે. એમાંની—

> સગાં દીઠાં મેં શાહઆલમનાં, ભીખ માગતાં શેરીએ

એ પંક્તિ તો ગુજરાતી ભાષામાં કહેવતરૂપ બની રહી છે. શ્રી નગીનદાસ પારેખે 'પરિચય અને પરીક્ષા' પુસ્તકમાં તેનો વિગતે રસાસ્વાદ કરાવ્યો છે. એમણે સાચું જ નોંધ્યું છે કે, 'કવિતાની શરૂઆતની કડીમાં આખી કવિતાનો સાર ખૂબ અસરકારક રીતે અને કાયમ માટે ચિત્તમાં જડાઈ જાય એવી ભાષામાં કહેલો છે.'

> રાજારાણા અક્કડ શેના ? વિસાત શી તમ રાજ્યતણી ?
> કઈ સત્તા પર કૂદકા મારો ? લાખ કોટિના ભલે ધણી.
> લાખ તો મૂઠી રાખ બરાબર, ક્રોડ છોડશે સરવાળે;
> સત્તા સૂકા ઘાસ બરાબર, બળી આસપાસ બાળે.
> ચક્રવર્તિ મહારાજ ચાલિયા, કાળચક્રની ફેરીએ;
> સગાં દીઠાં મેં શાહઆલમનાં, ભીખ માગતાં શેરીએ.

સવૈયા છંદ એમના કાવ્યભાવને અનુકૂળ – પોષક બન્યો છે. તેમનાં ફારસી શૈલીમાં રચાયેલાં કાવ્યોના બે સંગ્રહ છે 'સરોદે ઈત્તેફાક' (ઈ. ૧૮૮૧) અને 'આદમી અને તેની દુનિયા' (ઈ. ૧૮૯૮). કવિ ખબરદારે 'મલબારીનાં કાવ્ય-રત્નો' (ઈ. ૧૯૧૭)ના સંપાદનમાં મલબારીની જીવનકથા અને કાવ્ય-વિવેચના વિગતે રજૂ કરી છે. મલબારીના કવિ તરીકેના, પત્રકાર તરીકેના, સમાજસુધારક તરીકેના – એમ વિવિધ પાસાંનો તેમાં પરિચય છે. મલબારીની ધર્મનિષ્ઠા અને ચિંતનશીલ પ્રકૃતિનો પણ તેમાં પરિચય થાય છે.

મલબારી ઈ. ૧૯૧૨માં સીમલામાં મૃત્યુ પામ્યા.

પારસીઓએ રચેલાં નાટકો

અંગ્રેજી શિક્ષણ પામેલા પારસી નવયુવાનોએ અંગ્રેજી ભાષાનું – સાહિત્યનું કામણ અનુભવ્યું અને અંગ્રેજીની રીતરસમો પણ તેમણે અપનાવી. એમાંથી કલબજીવન પાંગર્યું અને પારસીઓએ વિચાર-

વિનિમય તેમ જ મનોરંજન માટે સંખ્યાબંધ કલબો સ્થાપી. એમાં નાટકો ભજવવાની પ્રવૃત્તિ પણ શરૂ થઈ. મુંબઈના એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરનારા કેટલાક ઉત્સાહી પારસી વિદ્યાર્થીઓ નાટ્ય-પ્રવૃત્તિ માટેનો થનગનાટ પ્રગટ કરવા માંડયા હતા. તદુપરાંત ગુજરાતમાં વસેલા અંગ્રેજોના મનોરંજન માટે ઇંગ્લૅંડથી પણ નાટક કંપનીઓ આવીને મુંબઈમાં શેક્સ્પીઅરનાં તેમ જ અન્ય અંગ્રેજી લેખકોનાં નાટકો ભજવી જતી હતી. ઉત્સાહી અને મનોરંજન પ્રિય પારસીઓ પણ આ નાટકો માણવાનું ચૂકે નહિ તે સ્વાભાવિક હતું. ઈ. સ. ૧૮૫૨માં તો નાટ્ય-પ્રવૃત્તિના શોખીન પારસીઓએ રીતસર નાટક-મંડળી પણ સ્થાપી અને મુંબઈમાં વેલિંગ્ટન થીએટરમાં પહેલું નાટક 'સોહરાબ અને રૂસ્તમ' ભજવ્યું. ગુજરાતી રંગભૂમિના શ્રી ગણેશ પારસીઓને હાથે મંડાયા. આ રંગભૂમિ અંગ્રેજી રંગભૂમિના અનુકરણરૂપે સ્થપાઈ હતી. આ રંગભૂમિને વિકસાવવામાં સુપ્રસિદ્ધ દાદાભાઈ નવરોજી અને ફિરોજશા મહેતા, શાપુરજી બંગાલી, ફરદુનજી, મુસ, દિનશા વાચ્છા જેવા પારસી સમાજના મોભાદાર ગૃહસ્થોએ જીવંત રસ લીધો હતો.

એ જ લેખમાં એમણે વિધાન કર્યું છે કે '...રંગભૂમિને સૈકાઓ બાદ સજીવન કરવાની મૂળ પ્રેરણા તો શેક્સ્પીઅરનાં નાટકોમાંથી જ આવી...' (પૃ. ૧૪૧)

કેખુશરૂ નવરોજી કાબરાજી

(ઈ. ૧૮૪૨ – ઈ. ૧૯૦૪)

પારસીઓએ ઈ. ૧૮૫૨માં રંગભૂમિ સ્થાપી તે પછીના બે દસકામાં એ રંગભૂમિના ઘડતરમાં કેખુશરૂ કાબરજીએ પોતાનો જીવ રેડીને કામ કર્યું. કાબરાજી પારસી કોમના એક અગ્રણી પત્રકાર, સમર્થ નવલકથાકાર તથા નાટ્યકાર હતા. તે પારસી કોમમાં જાગૃતિ આવે અને એમનો સમાજ નકલી સુધારામાં ન સપડાય તે જોવા માટે ઉત્સુક હતા.

કેખુશરૂ કાબરાજીએ પોતે પોતાની 'નાટક ઉત્તેજક મંડળી' માટે અનેક નાટકો રચ્યાં. શરૂઆતમાં તેમણે શેક્સ્પીઅરનાં નાટકોનાં ગુજરાતી અનુવાદ-રૂપાંતરો કરીને રંગભૂમિ પર રજૂ કર્યાં. નાટકો ભજવવાના ઉત્સાહમાંતેમણે 'વિક્ટોરિયા નાટક મંડળી' પણસ્થાપી.શેક્સ્પીઅરનાં નાટકોની સાથે તેમણે ઈરાનના ઇતિહાસમાંથી વસ્તુ વિષય અને સામગ્રી લઇને પણ નાટકો રચવા માંડયાં : 'બેજન–મનીજેહ', 'જમશેદ', 'ફરેદુન' વગેરે આ પ્રકારનાં નાટકો છે. કાબરાજી પોતે શાસ્ત્રીય સંગીતના જાણકાર હોવાથી નાટકોમાં ગીતો પણ તે રચતા અને તેની બાંધણી પણ પોતે કરતા.

પુરાણોમાંથી વિષય લઇને તેમણે 'હરિશ્ચન્દ્ર', 'સીતાહરણ', 'લવકુશ', 'નળદમયંતી' વગેરે નાટકો રચ્યાં. શામળ ભટ્ટની પ્રસિદ્ધ 'નંદબત્રીસી' વાર્તાનું પણ તેમણે નાટ્યાંતર કર્યું. કાબરાજી હિંદુ સમાજના પ્રશ્નોથી પણ સુપરિચિત હતા. તેમણે હિંદુ સમાજમાંથી પાત્રો-પ્રશ્નો લઇને 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ' જેવું નાટક (ઈ. ૧૮૭૯) રચ્યું. તેમાં તેમણે શિષ્ટ ગુજરાતી ભાષા કાળજીપૂર્વક પ્રયોજી છે. એ નાટક **'The Red Hut of Old Mountain'** પરથી રૂપાંતર છે. પારસી સમાજનો ચિતાર આપતાં નાટકોમાં 'ભોલી જાન', 'નિદ્દાખાનું', 'કાકા પાલહન', 'સુડી વચ્ચે સોપારી' વગેરેનો સમાવેશ થાય છે. 'ભોલી જાન' એ **'Callin Bawn'** પરથી રૂપાંતર છે. 'સુડી વચ્ચે સોપારી' (ઈ. ૧૮૭૪) એ **'Wife as they are maids as they Were'**નું રૂપાંતર છે. 'નિંદ્દાખાનું'(ઈ. ૧૮૮૩) એ શેરિડનના **'School for the Scandal'**નું રૂપાંતર છે.

'હરિશ્ચન્દ્ર'(ઈ.૧૮૭૬)જેવા પૌરાણિક વિષયના નાટકમાં નાટ્યકારે સંસ્કૃત નાટકોની રીતિએ હાસ્યરસ માટે વિદૂષકનું પાત્ર પણ યોજ્યું છે. 'લવકુશ' (ઈ. ૧૮૭૯) નાટકમાં પણ વિદૂષકની ગરજ સારે તેવાં ભાણા ભટ્ટનું પાત્ર છે. શોધાકિ નામના એક આશ્રમવાસી સાથે મગજ અને પેટ ભરવા અંગે તેની ચર્ચા ચાલે છે—

શોધાકિ : ભાણા ભટ્ટ, તું ભાન ભૂલે છે, મગજમાં વિદ્યા ભરવી એ ભારે છે તેથી ઊંચું કામ છે.

ભાણાભટ્ટ : નાજી, પેટ ભરવું એ ભારે ને મોટું કામ છે. પેટની વેઠ શું થોડી છે? જગતની સર્વ જંજાળ પેટ થકી છે. ખાલી મગજે ઘણા જીવી શકે છે, પણ ખાલી પેટે જીવાય છે કોઈથી? ઊંઘીને ઊઠતાં પેટની ચિંતા ને પાછા ઊંઘવા જતાં પણ પેટની જ ચિંતા લાગે છે. વિદ્ય વિદ્યા શું કરો છો? વિદ્યા તો ખાલી છે, તે મગજમાં ગમે તેટલી ભરોની, પણ તેથી કંઈ મગજ ફુલે છે? પણ પેટ ભરીને જમ્યા એટલે પેટ કેવું ફુલી આવે છે. વળી પેટ ફુલી જાય છે તે પરવડે છે, પણ ભરેલું પેટ તો મારાં બચ્ચાંને વગાડવાનો ઢોલ થઈ શકે છે, મારી પ્રિયાને સૂવાનો તકિયો થઈ શકે છે.

પારસી વિનોદનો લાક્ષણિક નમૂનો આ ઉદ્ગારોમાં જોઈ શકાય.

બમનજી નવરોજી કાબરાજી

(ઈ. ૧૮૭૦–ઈ. ૧૯૩૫)

કેખુશરૂ કાબરાજીના ભાઈ બમનજી કાબરાજીએ પણ નવલકથા, નાટક વિપુલ સંખ્યામાં રચ્યાં છે. તેમણે અંગ્રેજી પરથી કિશોરાવસ્થામાં રેનોલ્ડઝકૃત **'The Soldier's Wife'** ઉપરથી 'ખુચરો પરિચહેર' નાટક પારસી ગુજરાતીમાં જ રચેલું એટલે એમની કૃતિઓનો આસ્વાદક વર્ગ સીમિત બની રહ્યો. એમની શક્તિનો પરિચય બૃહદ્ ગુજરાતી પ્રજાને થઈ શક્યો નહિ. તેમણે શેક્સ્પીઅરના 'હૅમ્લેટ' પરથી 'ફરામર્ઝ', 'ઓથેલો' પરથી 'જેબનઝર અને શીરીન' વગેરે રૂપાંતરો કર્યાં. અને એ ઠીકઠીક ભજવાયાંની નોંધ મળે છે. 'સીમ્બેલાઈન' પરથી તેમણે 'મીઠા ઝહેર' નાટક રચેલું. આ ઉપરાંત 'અંધારી રાતે મગ કાળા', 'ભૂલો પડેલો ભીમભાઈ', 'સુખલાલજીનાં સંકટો', 'જુગાર' 'ગામરેની ગોરી', 'બાપના શ્રાપ', વગેરે નાટકો પણ તેમણે રચ્યાં છે. પારસી સમાજને લક્ષમાં રાખીને રચાયેલું નાટક 'બાપના શ્રાપ' (ઈ. ૧૯૨૧) ધ્યાનપાત્ર ગણાય.

પારસી નાટ્યકારોએ મોટેભાગે પારસી ગુજરાતીમાં નાટક રચવાનું પસંદ કર્યું. અલબત્ત કેખુશરૂ કાબરાજી જેવા નાટ્યકારે શિષ્ટ ગુજરાતીમાં પણ નાટકો રચ્યાં. સર્વ નાટ્યકારોએ કેટલીકવાર ગાંભીર્યપૂર્વક અને મોટેભાગે હાસ્યસમજ દ્વારા પોતાના સમાજને મનોરંજન સાથે સુધારાનો બોધ કરાવ્યો. પારસીઓનો આ પુરુષાર્થ અભિનંદનપાત્ર છે.

પારસી નવલકથા-સાહિત્ય

પારસીઓની કલમે નવલકથાનું ક્ષેત્ર ઓગણીસમા સૈકાના પાંચમા દાયકાથી ખેડાવા માંડયું એમ કહી શકાય. અંગ્રેજી ઢબના નવલકથાસ્વરૂપનું પ્રથમ પ્રાકટ્ય સોરાબશા દાદાભાઈ મુનસફનાએ એક ફ્રેન્ચ કૃતિના અંગ્રેજી અનુવાદ **'Indian Cottage'** પરથી ગુજરાતી ભાષામાં 'હિન્દુસ્થાન મધ્યેનું એક ઝુંપડું' નવલકથા (ઈ. ૧૮૬૨) પ્રગટ કરી ત્યારથી થયું. જેમ વર્તમાનપત્રના ક્ષેત્રમાં અને રંગભૂમિની સ્થાપનામાં તેમ નવલકથાની બાબતમાં (ભલે અનુવાદરૂપે પણ) પારસીઓ અગ્રયાયી નીવડયા.

એ પછી ઈ. ૧૮૬૮માં એક પારસી લેખક સો. ખ. ઇજનેરે છત્રીસ પાનાંમાં 'હરપાળ શૂરો' નવલકથા પ્રગટ કરી. લેખકે પોતે જ તેનું મુખ્ય શીર્ષક 'ગુજરાતી નોવેલ' રાખ્યું છે. પંદર પ્રકરણોમાં વિભક્ત આ કૃતિમાં મધ્યયુગના એક રાજપૂત રાજા હરપાળનાં પરાક્રમોનું રસપ્રદ બયાન છે. આ વાર્તા પર 'રાસમાળા'ની જગદેવ પરમાર વિશેની કથાની અસર છે.

'વનફૂલ'ની એક લઘુકથા

કરુણાભાજન

સુકન્યા ઝવેરી

ચૈત્ર પૂરેપૂરો તપી રહ્યો હતો. ઉત્તર ભણીના બારામદામાં કંઈક ઠંડક રહે છે, એટલે પેટ ભરીને જમ્યા પછી ત્યાં આરામખુરશીમાં જરા લાંબો થઈ બેઠો હતો. હાથમાં છાપું હતું. તંદ્રાવિષ્ટ નયને મનુષ્ય જાતની પાશવિકતાની કથા વાંચી વર્તમાન સભ્યતાની ભવ્યતા વિષે મારા મનમાં સંદેહ જાગી રહ્યો હતો. થયું કે આપણે ભારતવાસીઓ તો કોઈ પણ કારણે આવા નૃશંસ બર્બર બની ન શકીએ. જે પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિ આપણી શોણીતધારામાં...અચાનક હાથમાંથી છાપું સરી પડ્યું. સચેતન બની હું ટટ્ટાર થઈ બેઠો. ઝોકાં આવતાં હતાં. ઝબકીને જાગી જતાં જ મારી નજર રસ્તા પર પડી. ફાટેલાં મેલાં કપડાં પહેરેલો એક પથિક માથે મોટો કોથળો મૂકી આવા બળબળતા તાપમાં જઈ રહ્યો હતો. દુઃખથી અનિમેષ નયને તાકી રહ્યો. આવો ધોમ તડકો, ને માથે આવડો મોટો કોથળો! મારા ઘરની નજીક થેલો ઉતારી એ જરા થાક ખાવા ઊભો રહ્યો. આવા તાપમાં ત્રાસી જ જાયને! સૂકા વાળ, ત્રસ્ત ચહેરો, આંખો પર નિકલની સસ્તી ફ્રેમવાળાં ચશ્માં, પહેરણ પણ નહિ અને પગ ઉઘાડા.

પણ આ શું?! હું સાફળો બેઠો થઈ ગયો. કોથળો હલતો હતો. હા, જોરજોરથી હલતો હતો. હું ફાટક ખોલી બહાર દોડી ગયો. નજીક જઈને જોયું, કોથળામાં ખરેખર હલચલ થતી હતી. એનું મોં કસીને બાંધેલું હતું. શું હશે અંદર?

'અલ્યા, આમાં શું ભર્યું છે?' મારાથી પૂછ્યા સિવાય ન રહેવાયું.

'ગલુડિયાં છે, સાહેબ!' 'ગલુડિયાં?'

'હા સાહેબ, વીસ છે.' ખાસ્સા નિર્વિકાર ભાવે એણે કહ્યું.

'પણ એને થેલામાં શા માટે ભર્યાં છે?'

સાહેબ, રાતના ઊંઘવા દેતાં નથી, આખી રાત કાંઉકાંઉ કરી બહુ સતાવે છે. ગંગામાં નાખવા જાઉં છું.'

'શું કહે છે તું?' ફરી વાર થેલો હલબલી ઊઠ્યો. 'ગાંડો તો નથી થયોને તું? છોડી મૂક.' 'સાહેબ, બહુ હેરાન કરે છે.'

'અરે, આટલી ગરમીમાં બિચારાં ગૂંગળાઇને મરી જશે. છોડી મૂક, હમણાં ને હમણાં.' અને પછી મેં જ વાંકા વળીને એ થેલાનું મોં છોડવા માંડ્યું. એણે વાંધો ન ઉઠાવ્યો. કમરે હાથ મૂકી, જરાક ગરદન વાંકી કરી એ હસતે મોંએ મારા ભણી તાકી રહ્યો. એટલામાં બીજા પણ બે-પાંચ માણસો એકઠા થઈ ગયા. કોઈક બોલ્યું યે ખરું. 'કેવો માણસ છે! બિચારાં બચ્ચાંઓને ગુંગળાવી મારત, ગાંડો લાગે છે.'

કાંઉ...કાંઉ...કાંઉ... વીસ ગલુડિયાંઓનો આર્તકંઠ અંધકારને ગજાવી રહ્યો છે. એકએક ગલુડિયું ઊંચકાઇઊંચકાઇને નીચે પડી રહ્યું છે. હા, હું જ એમને પકડીપકડીને ફેંકી રહ્યો છું. સૂવા આવ્યો ત્યારે જોયું કે એ કમબખ્ત વીસેવીસ મારી પથારીમાં ગૂંચળું વળીને સૂઈ ગયાં હતાં. ઓહ! શી મુસિબત! □

જહાંગીર તાલિયારખાન

(ઈ. ૧૮૪૭ – ઈ. ૧૯૨૩)

અંગ્રેજી નવલકથા સ્વરૂપનો પ્રથમ સાક્ષાત્કાર પારસી લેખકોમાં જહાંગીર તાલિયારખાને કરાવ્યો. ઈ. ૧૮૮૧માં 'રત્નલક્ષ્મી' અને ઇ. ૧૮૮૪માં 'મુંદ્રા અને કુલોન' એ બે 'ઇતિહાસના સૂક્ષ્મ પ્રોક્ષણવાળી' (મણિભાઈ તંત્રી) નવલકથાઓ તેમણે પ્રકટ કરી. 'રત્નલક્ષ્મી'માં તેમણે ૧૮૫૭ના સંગ્રામની અને 'મુંદ્રા અને કુલીન'માં હૈદર તથા ટીપુ સુલતાનના રાજ્યઅમલની ભૂમિકા લીધી છે. ઘટના-વિષયની બાબતમાં સામ્ય ધરાવતી આ બંને નવલકથાઓ રચવા પાછળ લેખકનો હેતુ અંગ્રેજી રાજ્યઅમલની પ્રશસ્તિ ગાવાનો છે. અંગ્રેજ લેખક કર્નલ મૅડોઝ ટેલરની વાર્તાઓ લક્ષમાં રાખીને રચાયેલી આ બંને નવલકથાઓ વિશાળ વાચકવર્ગને આકર્ષક લાગે તેવી તેમાંની ઘટનાને કારણે એ જમાનામાં લોકપ્રિય નીવડી હતી. પારસી વાર્તાકારે આ બંને કથાઓમાં હિંદુ ગુજરાતી સમાજનાં ચિત્રો આલેખ્યાં છે તેમાં તેમનો હિંદુ સમાજ સાથેના નિકટનો પરિચય વરતાય છે. વાર્તાકારની રાજભક્તિ આ બંને કથાઓમાં નજરે પડે તેવી છે. તેમ છતાં તે સંસારસુધારક પણ છે. અને એ પણ આ બંને કૃતિઓનું પ્રયોજન છે. 'રત્નલક્ષ્મી' નવલકથામાં તેમણે હિંદુ ગુજરાતી કન્યા રતનનાં તેનાં બચપણના ભેરુ પારસી માણેકશા સાથે સ્નેહલગ્ન પ્રયોજ્યાં છે. મુંદ્રા અને કુલીનમાં પણ મુંદ્રા અને કુલીન બંને સ્નેહલગ્ન કરી શકે છે. લેખકને એમાં રૂડા પ્રતાપ અંગ્રેજી રાજ્યઅમલના દેખાય છે. અભિવ્યક્તિની કશી ખાસ મુશ્કેલી વિના શિષ્ટ ગુજરાતીની લગોલગ બેસે તેવી ભાષામાં આ પારસી નવલકથાઓનું આલેખન થયું છે.

કેખુશરૂ નવરોજી કાબરાજી

(નવલકથાકાર)

જહાંગીર તાલિયારખાન પછી ગુજરાતી નવલકથા-સાહિત્યને સમૃદ્ધ કરનાર, પારસી સમાજમાં 'ડિકન્સ'નું બિરુદ પામનાર નવલકથાકાર કેખુશરૂ કાબરાજી છે. તેમની અનેક નવલકથાઓ અંગ્રેજી લેખિકા મિસિસ હેન્રી વૂડની નવલકથાઓને આધારે રચાઈ છે. પરંતુ તેમણે માત્ર અંગ્રેજી કૃતિનાં ખોખાં લઈ તેમનું એવું સરસ રૂપાંતર કર્યું છે કે તેમની કૃતિઓ મૌલિકતાનો ભાસ કરાવે છે. નવલકથામાં તેમણે શિષ્ટ ગુજરાતી ભાષાનો આગ્રહ સેવ્યો પરિણામે તેમની નવલકથાઓ હિંદુ સમાજમાં પણ રસપૂર્વક વંચાઈ. કાબરાજીની નોંધપાત્ર ગણાયેલી નવલકથાઓમાં 'દુખિયારી બચુ' (ઈ. ૧૮૮૬), 'ગુલીગરીબ' (ઈ. ૧૯૯૦) 'વેચાયેલો વર' (ઈ. ૧૮૯૨), 'હોશંગબાગ' (ઈ. ૧૮૯૪) વગેરેનો સમાવેશ થાય છે.

દાદી એદલજી તારાપોરવાલા

(ઈ. ૧૮૫૨ – ઈ. ૧૯૧૪)

અંગ્રેજી ઉપરથી રૂપાંતર કરનાર જ નહિ, પણ સત્ય ઘટનાત્મક મૌલિક નવલકથાકાર અને કવિ જીવ તરીકે દાદી તારાપોરવાલા ખ્યાતનામ છે. તેમની નવલકથાઓમાં એમના સમાજનું વાસ્તવિક ચિત્ર મળે છે. હાસ્ય અને કરુણ બંને રસની જમાવટ કરવામાં તેમની કુશળતા છે. એમના સમાજનાં વ્યાપક દૂષણો પર તેમણે ઠીકઠીક કટાક્ષ કર્યા છે. એમની નવલકથામાં કથારસ ઉપરાંત કવિત્વમય શૈલીનો ચમકાર પણ વરતાય છે. તેમણે પણ કાબરાજીની જેમ સંખ્યાબંધ નવલકથાઓ લખી છે. તેમાં 'દુઃખી દાદીબા' (ઈ. ૧૯૧૩) નવલકથા 'માસિક મજાહ'માં કટકેકટકે પ્રગટ થતી હતી ત્યારે એના તંત્રીને ઘેર લેખકના કહેવા પ્રમાણે 'વનના ભેસ્પતિ' બેઠા હતા. સમગ્ર ગુજરાતી નવલકથા સાહિત્યમાં 'દુઃખી દાદીબા' એક મહત્ત્વનો ઉમેરો કરે છે અને ગુજરાતની થોડીક કરુણરસિક નવલકથાઓમાં તેનું સ્થાન છે. એમની અન્ય ગણનાપાત્ર નવલકથાઓમાં 'તાલેવંતની તહેમી' (ઈ. ૧૯૨૪), 'શીરીનની કહાણી' (ઈ. ૧૯૩૦) વગેરેનો સમાવેશ થાય છે.

જહાંગીર મર્ઝબાન

(૧૮૪૮ – ઈ. ૧૯૨૦)

પચાસેક વર્ષના દીર્ઘ સમયપટ પર જેમની સાહિત્ય-પ્રવૃત્તિ પ્રસરેલી છે તેવા જહાંગીર મર્ઝબાન એક સફળ હાસ્યકાર, પત્રકાર અને પ્રસિદ્ધ નવલકથાકાર છે. તેમણે ટુચકા, પ્રવાસનાં પુસ્તકો તેમજ નવલકથા દ્વારા હાસ્યરસ ખેડ્યો છે. ચાર્લ્સ ડિકન્સના 'પિકવિક પેપર્સ' પરથી રૂપાંતર–'અક્કલના સમુંદર' (ઈ. ૧૯૯૦), 'માંકી ચવીત્રી'

(ઈ. ૧૯૧૫) 'ચોરીયાંમાર' (ઇ. ૧૯૨૩) વગેરે તેમની સાદ્યંત હાસ્યરસિક નવલકથાઓ છે. 'અક્કલના સમુંદર'માં લેખકે મૂળ કૃતિને અન્યાય કરીને પણ પોતાના સમાજને પથ્ય નીવડે તેવી ઘટનાઓ નિરૂપી છે.

'માંઝી ચત્રીત્રી' તેમની બીજી એક સફળ મનોરંજક કથા છે. એમાં વિનોદી શબ્દચિત્રો આલેખવાની લેખકની સમર્થ શક્તિનું ઉદાહરણ ઈબાઈજીના વર્ણનમાં જોઈ શકાય.

'દોરાબજીની બચારાની મને દયા આવતી. પણ ઈબાઇજીને તો જાણે છરી ભોંકું. તેવણ પચાસેક વરસનાં હશે પણ પંદર વરસની છોકરીની પેઠે કપડાં સજવામાં મોજ લેતાં હતાં. હાથની કોણી સુધીના ટુંકી બાંહેના ગળાં આગળથી ઉઘાડા કાપના બ્લાઉસીઝ, બાલના પફ અને પાઉડરના સણગાર તેવણને જરૂરના હતા. ચાહેમાં એક ચમચી દુધ નાખ્યું હોય તેવો તેવણના ચેહરાનો રંગ હતો. કોઈ બી તેમાં ધરખમ રાથ ભેળાવાંની મતલબ હોય તો ઉથલાઈ પુથલાઇ જઈ ઘટ પર ટોકું ન રાખતાં ને કોટાકોટીનો સોદો હમેશ ગરમ રહેતો, પણ કોઈ બચારી, બચારો અથવા બીચારૂં જો એવણની બત્રીસીમાં આવતું તો તેના ખીલા ખસતાન કરી નાખવાની જબાં ગજ લાંબી હતી. મુંબઈમાં અડધી નિંદા ફેલાતી તેની શરૂઆત આપણી ઈબાઈજી પટેલને આભારી હતી એમ કહું તો કોઈના પાપમાં જઈશ નહિ. ટકા ચહડાવવામાં બાહદર ઘેર ઘેર ફરીને બધું સાંભળી લઈને પછી મોહના મટાકા સાથે એકની ચાર વાત કરવામાં તેવણ એવાં ઉસતાદ હતાં કે ઘણાંઓએ તેવણને 'વાર્કીંગ ગેઝેટ'નું નામ આપ્યું હતું અને જેઓ શેહારા હતાં તેઓ આ બાઈથી એક ગાઉ નાહાસતાં. (પૃ. ૪-૫)

તેમની 'તારાબાઈ' (ઈ. ૧૮૮૬) નવલકથા કર્નલ મૅડોઝ ટેલરની Tara a Tale ઉપરથી શિષ્ટ ગુજરાતીમાં રચાઈ છે. એ મૂળ કૃતિનો સંક્ષિપ્ત અનુવાદ છે.

ફિરોજ જહાંગીર મર્ઝબાન – 'પિજ્તમ'

(ઈ. ૧૮૭૬-ઈ. ૧૯૩૩)

જહાંગીર મર્ઝબાનના પુત્ર પિજ્તમે પણ પિતાને પગલે ચાલીને અંગ્રેજી ઉપરથી અને કેટલીકવાર એક કરતાં વધારે અંગ્રેજી નવલકથાઓની સામગ્રીમાંથી કૃતિઓ ઉપજાવી છે. પિતાની હાસ્યકટાક્ષ વૃત્તિનો વારસો પણ તેમનામાં જળવાયો છે. તેમની નવલકથાઓમા ઘટનાતત્ત્વ સભર અને સામાજિક પ્રશ્નોની માર્મિક ચર્ચા હોય છે. મૌલિક કૃતિ રચવાની પોતાની પ્રતિભા જ નથી એવી દૃઢ માન્યતાવાળા આ લેખક કોમેડીના જ હિમાયતી હતા. ટ્રેજેડી લખનાર પર ઈશ્વરના શાપ વરસે છે એવું વિધાન પણ તેમણે 'મહોબત કે મુશીબત' નવલકથાની પ્રસ્તાવનામાં કર્યું છે. 'પિજ્તમ' પ્રગતિશીલ વિચાર ધરાવનારા નવલકથાકાર છે. એમની અનેક નવલકથામાં પારસી યુવકયુવતીઓનાં આંતરકોમી લગ્નોની ઘટનાનું નિરૂપણ થયેલું છે. આ અંગે તેમણે રૂઢિચુસ્ત વર્ગની ટીકાઓ પણ વેઠી છે. 'નસીબની લીલી' (ઈ. ૧૯૧૩) 'આફતા પર કોઈતું' (ઇ. ૧૯૨૧), મહોબત કે મુશીબત' (ઇ. ૧૯૨૨) ઈત્યાદિ તેમની નવલકથાઓ છે. એમની કૃતિઓમાં અનેક અંગ્રેજી નવલકથાઓમાંથી લીધેલી ઘટનાઓનું મિશ્રણ ઘણી વાર સુભગ કે પ્રતીતિકર નીવડતું નથી. એમણે કરેલાં રૂપાંતરો પણ કેટલીક વાર પારસીસમાજને અનુરૂપ બનતાં નથી એવી પારસી સાહિત્યના વિવેચકોએ ટીકા કરી છે. પિજ્તમે પોતાની વાર્તાઓ આગ્રહપૂર્વક પારસીશાઈ ભાષામાં લખવાનું મુનાસિબ ધાર્યું છે.

બમનજી કાબરાજી

(નવલકથાકાર)

નવલકથાકાર, નાટ્યકાર તેમ જ 'ફુરસદ' અને 'નવરાશ'ના તંત્રી બમનજી કાબરાજી (કેખુશરૂ કાબરાજીના નાનાભાઈ) રેનોલ્ડ્ઝની 'Soldier's wife' પરથી રૂપાંતરરિત નવલકથા 'સિપાહી બચ્ચાની સજ્જની'ના પ્રકાશનથી (ઈ. ૧૮૮૫) લોકપ્રિય બની ગયા. એમને ઊર્મિલ પરિસ્થિતિઓ આલેખવાનું વિશેષ ફાવે છે. એમણે વિપુલ સંખ્યામાં રૂપાંતરિત નવલકથાઓ પારસી ગુજરાતી બોલીમાં રચી છે. તેમની નવલકથાઓમાં 'સંસાર' (ઈ. ૧૮૯૩), 'પડતી પર પચાસ' (ઈ. ૧૯૦૯), 'કુમીકુલાંટ' (ઈ. ૧૯૨૨) વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગૌણ નવલકથાકારોમાં જહાંગીર પટેલ-'ગુલફામ', રૂસ્તમજી મસાણી, જરબાનુ કોઠાવાળાં, ઝીણી પેમાસ્તર, રૂસ્તમજી મીસ્ત્રી, પેસ્તનજી કાપડિયા 'હયરત', પેસ્તનજી સત્થા, ધનજીભાઈ પટેલ વગેરેનાં નામ નિર્દેશપાત્ર છે.

પારસી લેખકોની નવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન

ઓગણીસમી સદીના છેલ્લા બે દાયકામાં અને વીસમી સદીના પહેલા ત્રણેક દાયકા સુધીમાં પારસી લેખકોએ વિપુલ સંખ્યામાં નવલકથાઓ લખી છે. એમાં મૌલિક કહી શકાય તેવી રચનાઓ અલ્પ છે, અનુવાદો પણ ગણ્યાગાંઠ્યા છે, મલબખ જથ્થો રૂપાંતરોનો છે.

વીસમી સદી પૂર્વેનાં છેલ્લાં વીસેક વર્ષમાં એક તરફ ગુજરાતી નવલકથા-સાહિત્યનો પ્રવાહ અને બીજી તરફ પારસી નવલકથાસાહિત્યનો પ્રવાહ, બંને ધ્યાન ખેંચી રહે છે. પારસી નવલકથાકારોએ ગુજરાતી ભાષાને કે સાહિત્યને વિકસાવવાના હેતુથી કે નવલકથા સ્વરૂપની અનેકાનેક શક્યતાઓ પ્રગટ કરવા નવલકથા રચી નહોતી. એમનું મુખ્ય ધ્યાન પોતાના વાચક-સમાજની ભૂખ સંતોષવા તરફ હતું પણ બંને પ્રવાહો સર્વથા ભિન્ન જ રહ્યા હોય એવું બન્યું નથી. બંને પ્રવાહોએ એકબીજા પર અસર કરી છે.

અલબત્ત, નિરપેક્ષ ધોરણે પારસી લેખકોની નવલકથાઓની સાહિત્યિક ગુણવત્તા મૂલવવાનો પ્રયત્ન કરીએ તો ખાસ સફળતા મળે તેમ નથી. એક કારણ તો એ જ કે એમની મોટા ભાગની નવલકથાઓ પરાવલંબી છે. તેમ છતાં પારસી નવલકથાકારોએ પોતાની કાલીઘેલી ભાષામાં પણ પ્રજાની વાચનભૂખ ઊઘડતી જતી હતી તેવે સમયે મનોરંજન અને સમાજ-સુધારાની દૃષ્ટિએ પ્રેરક નવલકથાઓ આપી અને કેખુશરૂ કાબરાજી, તાલિયારખાન, તારાપોરવાલા જેવા લેખકોની કૃતિઓ પારસી સમાજના નાનકડા વર્તુલમાંથી બહાર નીકળીને ગુજરાતભરમાં સત્કાર પામી એ તેમનો ફાળો ભૂલી શકાય નહિ.

અનુસંધાન] **બ્રિટનનો પચરંગી સમાજ** [પૃ. ૧૫૯થી

તથા ઇંગ્લિશ મિડલૅન્ડ્ઝનાં કેટલાંક ગામોમાં એશિયનો વિશેષ છે.

મોટે ભાગે આ લોકો કેટલીક મર્યાદાઓ છતાં, પોતાના દેશમાં પામી શકે તે કરતાં વધુ સ્વતંત્રતા તથા અન્ય લાભોની આશાથી અહીં સ્થાયી થવા ઈચ્છે છે, અને એમની એ આશા ફળે પણ છે. વળી, એમની સંસ્કૃતિથી બ્રિટિશ સમાજ પણ સમૃદ્ધ બને છે. બ્રિટનની ધાર્મિક સહિષ્ણુતાના પ્રણાલિકા પણ એક મોટું આકર્ષણ છે. લંડન આવીને વસેલા મુસ્લિમો ઘણી આબાદી પામતા રહ્યા છે. લંડનના પ્રખ્યાત રીજન્ટ પાર્કમાં એમની સુવર્ણમય ઘુમ્મટવાળી ભવ્ય મસ્જિદ સહિત બીજી ઘણી મસ્જિદો તેની ગવાહી પૂરે છે. આ જ રીતે હિન્દુ મંદિરો પણ અહીં બન્યાં છે, અને એ જ રીતે અન્ય ધર્મસ્થાનો પણ. સ્કોટલૅન્ડમાં એડિનબર્ગ યુનિવર્સિટીમાં તો સો કરતાં યે વધુ વર્ષથી ઇસ્લામિક અભ્યાસના સગવડ છે. અન્ય અનેક યુનિવર્સિટીઓમાં યે અરેબિક અને ઇસ્લામિક અભ્યાસના વિભાગો છે. ભારતીય ધર્મો અને સંપ્રદાયોનો પ્રચાર પણ વધતો જાય છે. આમ, વિવિધ જાતિઓના સંમિલનમાંથી ઉદ્ભવેલો બ્રિટનનો આજનો સમાજ પૂરા અર્થમાં પચરંગી બની રહ્યો છે. □

મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર-પારિતોષિક

મે અંક માટે 'શંકરદેવ વિદ્યાલંકાર'નાં લેખિકા પ્રા. જ્યોતિબેન જે. થાનકીને મળે છે.

અનુસંધાન] **દોસ્તી** [પૃ. ૧૫૦થી

બન્યું સમજવું એ ઈડ જાણતો હોવો જોઇએ, એટલે એણે પાણીમાં અંદર જ સીધી ડૂબકી મારી અને જેમતેમ કરી બેનીને એના કોલરથી પકડ્યો. બેનીને માથે લાંબા વાળ તો હતા નહિ, એટલે કોલરેથી પકડવો સારો એમ માની પોતાના તથા બેનીના ભારને પાણીની સપાટી ઉપર લાવ્યો. હવે ન્યૂ યૉર્કનો કિનારો આમ તો બહુ દૂર નહિ, પણ ફેરીમાંથી બે દાગીના ઓછા થાય છે તે ફેરીના માલમને ગણવાની યે પડી નહોતી. કારણ એ બંનેની ટિકિટના પૈસા તો એની પાસે આવી ગયા હતા. પરંતુ કિનારા પાસે નાનાંમોટાં હોડકાં ને ટગ-બોટો ફર્યાં કરે, એમાંની એકાદ ટગ-બોટના માલમે આ બે જીવડાને જીવ માટે જીવ સટોસટની લડાઈ આપતા જોયા, એટલે એ ભલા કપ્તાને દોરડાં-ચકરડાં નાખી એમને તરાવી, ઘડી બે ઘડીમાં તારવીને બોટના તુતક ઉપર ખેંચી આણ્યા અને બેતાળીસ નંબરના મહોલ્લાને છેડે એમને જમીન ભેગા કર્યાં તે પહેલાં બંનેના ગળામાં પોતાના ભંડકમાંથી ગરમ જિનના બેચાર ઘૂંટડા ગળાવ્યા, અને થાકેલા ઈડે તુરત ટૅક્સી બોલાવીને બેનીને ઇસ્પિતાલ ભેગો કરવા નક્કી કર્યું.

હવે ઇસ્પિતાલમાં બંનેની સારવારમાં ઇડ તુરત ઠેકાણે આવી ગયો, એટલે લાગતાં-વળગતાંમાં સૌ પહેલાં એણે મેરી મારબલને બોલાવી તેને બેનીનો હવાલો સોંપી દીધો. મંડળીઓમાં થોડી ચર્ચા પણ થઈ, એમાં સ.થી વધારે તો મેરી મારબલ ઊકળી, 'આમ એ કેવી રીતે પડી જાય? ઇડે એને બોલાવ્યો તો એણે જોયું-સાંભળ્યું કેમ નહિ? ફેરીનું બારણું ખુલ્લું કેવી રીતે હોય? કેવળ બેદરકારી જ, બધાંની જ બેદરકારી, ચોક્કસ બેદરકારી, માફ ન થઇ શકે એવી બેદરકારી, અને પેલી ટગબોટનો કપ્તાન શરીરમાં ગરમાવો લાવવા ગમે તે પીવા આપે? દરિયામાં પીવાનો જિન પીવા દેવાય? અને તે યે નીતર્યો ને ખાસ્સો... છીછી...' એમ એણે તો બહુ બબડાટ મચાવી દીધો.

ટૂંકમાં પથારીમાં પડેલા બેનીને ઊભો કરતાં બહુ તકલીફ પડી. એક તો એના પેટમાં દરિયાનું પાણી ગએલું એ કાઢ્યું. પછી જલદ જિનની સારવાર કરી. થાક ઉતારવા આરામ કરાવ્યો. એ તો મેરી મારબલની માવજત અને દાક્તરની કાળજી, તે ફરી બેની બેઠો થયો.

પણ ઇડ હવે ભારે ઉદાસ દેખાવા લાગ્યો, એના મનને જાણે કોઇ કીડો કોતરી રહ્યો હતો એવું લાગતું. એક દિવસ એ બેનીની બાજુમાં બેસી કહે છે, 'બેની! જરા મારી વાત સાંભળ. મને બહુ પશ્ચાત્તાપ થાય છે, એટલે હું તને હવે સાચી હકીકતથી વાકેફ કરવા માગું છું. આ કહ્યા બાદ હું ક્યાંક ચાલ્યો જઇશ. બેની! ખરું કહું, તું ફેરીબોટમાંથી પાણીમાં ગબડી પડે એવો તાગડો મેં જ જાણી જોઇને ગોઠવ્યો હતો. ફેરીને દરવાજો પણ મેં ખોલી નાખ્યો હતો અને એ ખોલીને ત્યાંથી જ મેં તને બૂમ પાડી હતી, એટલે કે તું આવે અને જરા આગળ વધે કે ખુલ્લા બારણામાંથી પાણીમાં પડે. આ માટે હું તારી માફી માગું છું. પણ આમ કરવાનું ખરું કારણ મેં કોઇને કહ્યું નથી કે કહેવાનો ય નથી. મિસ મેરી મારબલને હું ચાહું છું. મારી લાગણી એને માટે ઘણી વધી ગઇ હતી, પણ એ સાથે હું એ પણ જાણતો હતો કે તું એને ચાહે છે, અને એ પણ તને એટલો જ ચાહે છે. હવે મને એવો વિચાર આવ્યો કે જો તું વચ્ચેથી ખસી જાય કે આમ હું તારો કાંટો કાઢી શકું તો પછી મેરી મૂને એકલાને જ ચાહે. એટલે મેં જાણીજોઇને ફેરીબોટનો દરવાજો ખોલી, તને ત્યાં બોલાવીને હું જરા આઘો ખસી ગયો, અને તું પાણીમાં. પણ તેં જ્યારે ત્રીજી વાર પાણીની ઉપર આવી 'ગુડ બાય ઈડ' કહ્યું ત્યારે મારું હૈયું ભરાઇ આવ્યું, મને એકાએક પસ્તાવો થયો, અને હું તને બચાવવા કૂદી પડ્યો. અને હવે...હવે હું હમણાં જ અહીંથી ક્યાંક ચાલ્યો જઇશ. કોઇની પાસેથી રીવૉલ્વર માગી લઇ મારા મગજ સામે ધરી દઇ સદાની વિદાય લઇ લઇશ.'

મોટા લખોટા જેવડાં આંસુ સારતાંસારતાં ઇડે આ કહ્યું. બેની એનાં આંસુ તો નહોતો જોઇ શકતો, પણ એના અવાજમાં એણે ઇડનાં આંસુ છલકાતાં જરૂર જાણ્યાં હશે. ઇડની આ કરુણ કથની સાંભળી બેની ધ બ્લાઇન્ડ કહે છે, 'અરે ઇડ! મારા દોસ્ત! આમાં તું શું મને વળી નવી વાત કહે છે? હું જેવો સીધો ચાલ્યો અને પાણીમાં પછડાયો ત્યારે જ મારા મનમાં થયું કે તું બાજુમાં હોવો જ જોઇએ, પણ જાણી જોઇને તેં મને પડવા દીધો હશે, અને તેં કોઇ મોટા કારણસર જ એવું પગલું ભર્યું હશે એની પણ મને મનમાં ખાતરી થઇ ગઇ હતી. ફેરી-બોટના દરવાજાની જાણે મને જાણ નહિ એવું તો નહોતું, પણ તેં કંઇક ખાસ કારણને લઇને આ પગલું ભર્યું હોવું જોઇએ એવો મને પાકો વિશ્વાસ, અને હવે જ્યારે તું મને વિગતવાર કારણ કહે છે, ત્યારે હવે વાત પૂરી સમજાય છે. પણ એમાં શું? આવું તો બને. આ કિસ્સો આપણે હવે ભૂલી જઇએ અને નવેસરથી વાતો કરીએ.'

'ખરેખર, બેની! તું આ ઘટના ભૂલી જવા માગે છે? તને મારા ઉપર રોષ કે રીસ કશું કહેવા...'

પણ તુરત બેનીએ ઇડનો હાથ શોધી લઇને પકડી લીધો અને એને ચૂપ કરતાં કહ્યું: 'જો ઇડ, તું મને એટલો વહાલો છે કે હું તારે ખાતર ફરી મરી જવા તૈયાર છું. મારી કહેવાની મતલબ એટલી જ કે પાણીમાં ગુંગળાઇને ડૂબી મરવું મને હવે નહિ ગમે, પણ બીજી કોઇ રીત હોય તો તે તારે ખાતર હજી મને માન્ય છે. કહે ઈડ, હું ક્યારે અને કઇ રીતે વિદાય લઉં?

'બસ, બેની! હવે હિસાબ ચોકખો થઇ જાય છે. સાંભળ, જો તું મારે ખાતર મરી જવા તૈયાર હો તો હું મિસ મેરી મારબલને હવે તું જ પરણે એ વાત સ્વીકારવા તૈયાર છું. તું જિંદગીનો ભોગ આપવા તૈયાર તો આટલો મારો ભોગ. અને બેની અમે રહ્યા જ્યૂ, આ મેરીને પરણું તો કદીક અમારા ઘરમાં તકરાર પણ થાય, એટલે હવે તું જ એને પરણ. તમને બંનેને ભારે લાગણી પણ છે, અને એ તારી દેખસંભાળ પણ સારી રાખશે, મારા તને અંતરના આશિર્વાદ!

અને પછી મિસ મેરી મારબલ મિસિસ બેની બની. એ બંને પરણ્યાં. બંને સુખી થયાં. હું પણ માનું છું કે સુખી જ હશે. ઇડ એના ટોપી બનાવવાના કારખાનામાં હવે વધારે ઉત્સાહથી કામે જવા લાગ્યો છે અને બધું ઠીક ઠેકાણે પડી ગયું છે.

પણ માળા, બ્રોડવેના લોક, બધા જ સારું બોલ્યા, પણ અમારો રની રીગ્રેટ, કોયલામોંનો, એ કદી કોઇનું સારું જોઇ જ ન શકે એવો પાજી. તે કહે, 'ઠીક છે, સેક્રિફાઇસ-બેક્રિફાઇસ. બાકી મને તો ખાતરી છે કે ઇડે આ મિસ મેરી મારબલનું ઝોડ બેનીને વળગાડી દીધું અને પોતે તેનાથી છૂટો થઇ ગયો.' □

કલાવાર્તા

ચિત્રકળામાં પાત્રાલેખન

ચિત્રની અસર કે તેનો પ્રભાવ ચિત્રના વિષય પર આધારિત નથી. આ સાથે દર્શાવેલા ચિત્ર ૧માંની યુવતી જુઓ. એ ખરેખર સુંદર છે. ચિત્રકારે તેના ચહેરાની મધુર નજાકતને સારામાં સારી રીતે દર્શાવવા માટે પૂરેપૂરી મહેનત લીધી છે. એથી ઊલટું ચિત્ર ૨ જુઓ. ભારે જડબાવાળા આદમીની આ છબિ બનાવવામાં એ પુરુષના અરૂપ ચહેરાને સુંદર દેખાડવાનો ચિત્રકારે પ્રયાસ કર્યો જ નથી. જો આ બંને ચિત્રોમાં ચિત્રિત વ્યક્તિઓ આપણને રૂબરૂ ભેટી જાય તો એ બેમાંથી આપણે કોને પસંદ કરીએ એ અંગે શંકાને જરાય સ્થાન નથી. પણ કલાકૃતિ તરીકે આ બંને ચિત્રો એક સરખી ઊંચાઈએ છે, અને એ બંનેમાંથી એક ચૂંટવાનું હોય તો કદાચ આપણે પુરુષ પાત્રનું ચિત્ર પસંદ કરીએ. કારણ તેમાં પાત્રની લાક્ષણિકતા, એના મુખભાવ આપણને પેલી સુંદરીના ચિત્રમાંની મીનાકારી કરવા જેવી ચીવટભરી સંપૂર્ણતા કરતાં વધુ પસંદ પડે એવું બને.





△ ચિત્ર ૧ ચિત્ર ૨ ▷

▽ ચિત્ર ૩ ચિત્ર ૪ ▷





ચિત્ર ૧ : ઈ. ૧૪૫૦ના અરસાનું એક અજાણ ફ્લોરેન્ટાઈન કલાકારનું ચિત્ર. ચિત્ર ૨ : ઈ. ૧૪૩૫ના સમયનું ફ્લેમિશ કલાકાર રૉજર વાન ડર વેઈડનનું એક ચિત્ર. ચિત્ર ૩ : કલાકાર વિન્સેન્ટ વાન ગોઘે ઈ. ૧૮૮૮–'૮૯ના કાળમાં કરેલું એક નાટ્યકલાકારનું પાત્રાલેખન અને ચિત્ર ૪ : એડુઆર્ડ માનેતનું એક બ્રશ-ડ્રૉઇંગ (ઈ. ૧૮૭૫).

વિગતની બહુ ચોકસાઈપૂર્વક આ બંને ચિત્રો આલેખાયાં છે. પણ ચિત્રમાં વિગત-સભરતા એ જ એનો ગુણ નથી. ઓછી શક્તિ-વાળા ચિત્રકારના હાથે આવી જ મહેનત કરવા છતાં આરસ અને નિર્જીવ પરિણામ આવ્યું હોત. બીજી રીતે કહીએ તો, પ્રભાવક બનાવવા માટે ચિત્રમાં વધુ મહેનત બતાવવાની જરૂર નથી.

ચિત્ર ૩ અને ચિત્ર ૪માં પણ એક સુંદર યુવતી અને અસુંદર પુરુષ ચીતર્યાં છે. બંને ચિત્રો જુદાજુદા કારણસર તદ્દન મુક્તપણે ત્વરાથી ચીતરેલાં છે. એક જ દૃષ્ટિપાતે જોએલી સ્ત્રી–એ એક જ નજરમાં થએલી અનુભૂતિની સીધી ઊતારેલી નોંધ જેવું આ ચિત્ર ૩ એક સચોટ દૃષ્ટાંત છે. ચિત્ર ૧માંની સુંદરીની છબી-ની જેમ આ ચિત્રના ચિત્રકારે મસ્તકના આકારને છૂટો પાડચો નથી, પણ તેને હવા અને પ્રકાશથી વિંટળાએલો નિરૂપ્યો છે. અને આમ કરવા માટે 'અપૂર્ણ' લાગે તેવી ટેકનિક-એ પ્રકારનું આલેખન જ જાણે વધુ યોગ્ય લાગે છે.

જ્યારે ચિત્ર ૪માં કલાકારે માનવ લાક્ષણિકતા પર પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું છે. પોતાના આ પાત્રના આંતરિક વ્યક્તિત્વને આપણે યાદ રાખીએ એમ જાણે ઇચ્છયું છે. પાત્રના બાહ્ય દેખાવની વિગતો પર એણે એટલું લક્ષ આપ્યું નથી. એની પીંછીના એકએક ઝટકામાં ચહેરાને મરડી-મચડી નાખવાની શક્તિ છે. છતાં આપણે આ વિકૃતિને યે બિલકુલ સ્વાભાવિક તરીકે સ્વીકારીએ છીએ. કારણ, આ સિવાય બીજી કોઈ રીતે કલાકાર પોતાના લક્ષ્યને સિદ્ધ કરી શક્યો ન હોત તે આપણે સમજીએ છીએ.

પણ ચિત્ર ૫ વિષે કદાચ આપણે એમ ન કહીએ. ચિત્ર ૩માંના પાત્રાલેખન સાથે તો આ આલેખન કંઈક રમૂજી વિરોધાભાસ કરે છે. કારણ, અહીં ફરી એક હૅટ પહેરેલી સ્ત્રી જોઇએ છીએ. આ ચિત્રનું મૂળ શીર્ષક છે 'ધ હૅટ ડઝ ઈટ'. ચિત્રના અર્થને તે પ્રકટ કરે છે. મોટા ભાગનાં શીર્ષકો, ખાસ કરીને આધુનિક ચિત્રોનાં શીર્ષકો તો માત્ર અનુકૂળ લૅબલોથી સહેજ જ કંઈક વધુ ગરજ સારે છે. પણ અહીં આ શીર્ષક તો ખુદ કલાકારે જ આપેલું છે. એટલે એ ખરેખર આ ચિત્ર વિષે જ છે–જાણે એ ચિત્રના જ એક અંગરૂપ છે. આપણે એને આ રીતે મૂકી શકીએ: 'હૅટનો જ આ પ્રતાપ છે'. આનાથી ચિત્રકારને જે કહેવું છે તેનું કંઈક સારી રીતે સૂચન મળે છે. બહુ સફળતાથી ને સચોટતાથી એણે ફેશનેબલપણાના ભાવને ચિત્રિત કર્યો છે. પોતાની નવી હૅટને લીધે જ આ ઝટિયાંવાળી છોકરીને જાણે કે એક પ્રકાર-



ચિત્ર ૫. સ્વિસ કલાકાર પૉલ ક્લીનું એક આલેખન (ઈ. ૧૯૨૮)

નો મદ ચડ્યો છે. પળભરને માટે એનામાં આત્મગૌરવનો એક ઊભરો ચડી આવ્યો છે. છેલ્લામાં છેલ્લી ફૅશનમાં સજ્જ થઈ ઘૂમતી સ્ત્રીઓમાં હું પણ કંઈક છું એવો ભાવ જાણે એ માણી રહી છે. ચિત્રકારે ઓછામાં ઓછી છતાં ચોક્કસ રેખાઓ દ્વારા તેને આલેખનમાં ઉતારી-ને આ ચિત્રને વ્યંગચિત્ર કરતાં ઘણી ઊંચી કક્ષા-એ મૂકી દીધું છે. અલબત્ત, આમાં એક રમૂજ છે, છતાં સાથોસાથ સ્ત્રીના મનોભાવનું એક નવું જ આંતરદર્શન પણ તેમાં ચિત્રકારે કરાવ્યું છે.

ચિત્રોને–અહીં વિવિધ પાત્રનાં ચિત્રોને માણવા માટેનો આ એક પ્રયાસ છે. જો કે કોઈ કલાકૃતિનો ન્યાય તોળવા બેસીએ ત્યારે તેમાં કોઈનો ય અભિપ્રાય આખરી ન ગણાય. પણ એથી નિરાશ થવાની જરૂર નથી. ચિત્ર માણવામાં આપણો પોતાનો અભિપ્રાય પણ હોઈ શકે. છતાં ચિત્રકળાના ક્ષેત્રમાં આપણે જેટલું જાણી શકીએ તેટલું શીખીએ, ખુલ્લા મનથી આપણે ચિત્રો જોવા કોશિશ કરીએ તો તે ચિત્ર પણ, ચિત્રકારે ઇચ્છ્યું હોય તે રીતે આપણી સાથે વાત કરશે. અને પછી આપણા અભિપ્રાયના ખરા કે ખોટાપણા વિષે ચિંતા કરવા જેવું નથી. આપણાથી ભિન્ન એવા અનુભવ અને અભિપ્રાયવાળા લોકો પણ હોય અને ચિત્ર વિષેના એમના ખયાલો અલગ પણ હોય. બધા જ કાળ અને સ્થળની કળા વિષે કોઇ પ્રમાણભૂત સત્ય શોધવાનું આપણું ગજું ન હોય, પણ ઓછામાં ઓછું આપણે આપણા પોતાના માટે અને આપણા કાળમાં કંઇક સત્ય શોધવાની આશા તો રાખી શકીએ અને તે યે કંઇ ઓછી ઉપલબ્ધિ નથી. આ અંકના મુખચિત્ર સહિત આ સાથે આપેલાં ચિત્રોમાં વિવિધ ઢબે રજૂ થએલું પાત્રાલેખન હવે આ દૃષ્ટિએ જોવામાણવા જેવું જણાશે. □

બાજુમાં દર્શાવેલી યુનાઇટેડ સ્ટેટ્સની દસ ટિકિટો પર ત્યાંની ટપાલસેવાનું કાર્ય ચિત્રાંકિત કરેલું છે. તે દરેક ટિકિટની પાછળ આપેલી વિગત અનુસાર ત્યાં વર્ષ ભરમાં ૨૭૦૦ કરોડ ટપાલટિકિટો (માણસ દીઠ ૧૭૫)નો ઉપયોગ થાય છે. રજાના દિવસો બાદ કરતાં ત્યાં વર્ષે ૮૭૦૦ કરોડ, એટલે કે રોજનાં ૩૦ કરોડ કાર્ડ-કવરો વગેરે વહેંચાય છે. આ ઉપરાંત પારસલો તો જુદાં. આ વિશાળ કાર્યને પહોંચી વળવા દેશમાં લગભગ સાડા ત્રણ લાખ ટપાલપેટીઓ તથા ઘરખાનગી ટપાલપેટીઓમાંથી દિવસમાં વારંવાર ટપાલ એકઠી કરવામાં આવે છે. વળી, આ ટપાલસેવા અવિરત ચાલુ રાખવા આપમેળે કામ કરતાં હજારો યંત્રો, મકાનો અને વાહનો ઉપયોગમાં લેવાય છે, અને છતાં હજી યે ત્યાં ટપાલની તારવણી માટે માણસોની પણ મદદ લેવી પડે છે. આ રીતે લગભગ ૯૦ લાખ ટન જેટલી ટપાલની હેરફેર ત્યાં થાય છે. અને આ માટે ટપાલકર્મચારીઓ રોજ ૪૦૦ લાખ માઈલનો કુલ પ્રવાસ ખેડે છે.



યુનાઇટેડ સ્ટેટ્સની ટપાલસેવા દુનિયામાં મોટામાં મોટી ગણાય છે. ઝડપી વહેંચણી એ એમનો મુદ્રાલેખ છે. 'પીપલ સર્વિંગ યુ'-આપની સેવા કરતા લોકો એ શીર્ષક તળે ત્યાં દસ ટિકિટોની આ એક ટિકિટમાળા બહાર પડેલી, જેમાં ટિકિટ ખરીદવાથી માંડી લોકોનાં ઘર સુધી ટપાલ પહોંચાડવાની પોસ્ટ ઑફિસની કામગીરી દર્શાવી છે. (પ્રેષક: કિશોર મીઠાઈવાળા - દ્વારકા)

△ ટપાલટિકિટ પર પોસ્ટની કામગીરી

શબ્દકથા : શર્વ 'શિકારી'

શિવનાં વિવિધ નામોમાં એક નામ **શર્વ** છે. **શર્વાણી** એટલે પાર્વતી. પુત્રોના વિવાહ કરીને અયોધ્યામાં પ્રવેશતા દશરથનું વર્ણન કરતાં કાલિદાસે તેને **શર્વકલ્પ** 'શિવ સમો' કહ્યો છે (મુખ્યત્વે તો પૂર્વવર્તી **શર્વરીઃ** સાથે વર્ણસંવાદ સાધવા.)

શર્વ એ શિવનું રુદ્ર, ભયાનક સ્વરૂપ છે. પરંતુ તે શબ્દના મૂળ **અર્થ** સ્પષ્ટ નથી. **શર્વ્** 'મારી નાખવું' એવો ધાતુ છે ખરો, પણ તે આ **શર્વ** ઉપરથી જ બનાવી કાઢેલો **જણાય છે.** હમણાં એક વિદ્વાને (બેયૂલીએ) બતાવ્યું કે સંસ્કૃતની ભગિની ભાષાસમી **મધ્ય એશિયાની પ્રાચીન તુષારી ભાષાની એક બોલીમાં શેર્વેનો અર્થ 'શિકારી' છે. શર્વનો આ જ મૂળ અર્થ હોવાનું આપણને તરત સમજાઈ જાય છે.** ઋગ્વેદમાં મરુતોને **વ્યાઘ** **અને શર્વ કહ્યા છે,** કિરાતવેશે શિવના **અર્જુન સાથે થએલા યુદ્ધનો** પ્રસંગ મહાભારત અને કિરાતાર્જુનીય **મહાકાવ્યથી જાણીતો છે, અને** ભીલડી રૂપે પાર્વતી શિવને **ભોળવતી હોવાની** કથા આખ્યાનરૂપે પણ આપણને **જાણીતી છે. શર્વનો** મૂળ **અર્થ** **વ્યાઘ** લેતાં આ **બધાનો મેળ બેસી જાય છે.** અવધૂત રૂપ, સ્મશાનવાસ વગેરે શિવના **સ્વરૂપનાં પ્રાચીનતમ લક્ષણો જણાય છે.**

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

સર્જનાત્મક નિબંધો

ધીરુ પરીખ

નંદ સામવેદીની સહીથી ઈસુના આઠમા દાયકા દરમિયાન મુખ્યત્વે 'નિરીક્ષક' સાપ્તાહિકમાં કેટલાંક લઘુ ગદ્યલખાણો પ્રકટ થતાં હતાં ત્યારે એ લખાણોમાંના સર્જનાત્મક અંશે ઘણાનું ધ્યાન ખેંચ્યું હતું, અને આ 'નંદ સામવેદી' કોણ એના તર્કવિતર્કો ચાલ્યા હતા. તે લખાણો હવે 'નંદ સામવેદી'[1] નામક ગ્રંથસ્વરૂપે પ્રકટ થયાં છે ત્યારે લેખક-નામ ગ્રંથનામ બને છે અને લેખક ચંદ્રકાન્ત શેઠ છે એ હકીકત આમ અનાવૃત્ત થાય છે. અત્ર સંગૃહીત કેટલાક નિબંધોમાંની સર્જકતા આસ્વાદતાં આંગ્લ નિબંધકાર ચાર્લ્સ લૅમ્બનું સ્મરણ થાય છે.

આ સંગ્રહમાં ૪૭ લખાણો છે, જેમાં લેખકની સર્જકતાનો સ્પર્શ વિવિધ સ્તરે અનુભવી શકાય છે. ક્યાંક એ ભાષાના સ્તરે છે, તો ક્યાંક કલ્પના-તરંગના સ્તરે છે; ક્યાંક એની ભાવસામગ્રીના સ્તરે છે તો ક્યાંક સમગ્ર આકારના સ્તરે છે. આ નિબંધોમાં અનેક સ્થાનો એવાં છે કે જે 'કાવ્યગંધી'—'કાવ્યાભાસી' નહિ—લાગ્યા વગર રહેતાં નથી. એકાદ ઉત્પ્રેક્ષા જુઓ : 'મારા વાળમાં હાથ ફેરવું છું. મને ભય લાગે છે : રખેને મારા વાળમાંથી પણ અંધકાર ખરીને ખંડના અંધકારને વધુ ગાઢ કરે.' (પૃ. ૬). હૃદયસ્પંદમાંથી સંકોરાએલી કલ્પનાવલી કેવું કાવ્યમય વાતાવરણ રચી દે છે તેનું પણ એક ઉદાહરણ આસ્વાદવા જેવું છે: '...કપડાં સૂકવવાના તાર પર વળગેલા જલબિંદુમાં ઝૂલતી આકાશકણિકા. બારીના વાંસા પર પવનની હળવીક ટપલી. આકાશમાંથી ઢોળાઈ ગયેલા તડકાના રેલાનું પેલી રાતી પાની તરફ ધસવું. આ બધું હવે અત્યંત અર્થસભર જણાય છે.'(પૃ.૧૫૯).

આ નિબંધો હળવી રીતે લખાયા છે તો કેટલાક ગંભીર રીતે પણ લખાયા છે. 'નાથાલાલનું નામદાર નાક' જેવામાં હાસ્યકટાક્ષ સુપેરે સિદ્ધ થયા છે, તો એમાંની તરંગલીલા પણ આસ્વાદ્ય બની છે. 'ક્યાં છે કૃષ્ણ?' જેવામાં સમસામયિક ઘટનાને અવલંબીને મનુષ્ય અને મનુષ્ય-સમાજની સનાતન જરૂરિયાતની વાત ગંભીર રીતે મંડાઈ છે. આ પ્રકારની રચનાઓ કદાચ સંગ્રહની અન્ય રચનાઓની રફતારમાંથી અલગ પડી જતી પણ લાગે. તો વળી 'બાલસૂર્યનું સ્વાગત', 'આંતરતીર્થની યાત્રા' અને 'ખૂલવાનો આનંદ' જેવામાં મુદ્દાની છણાવટ રસિકગંભીર રીતે થયેલી જોવા મળે છે. એમાંના રસિક અંશને લઇને ગંભીર કથયિતવ્ય શુષ્કતામાંથી ઊગરી ગયેલું પ્રતીત થાય છે. ક્યારેક તો એમ પણ લાગે છે કે લેખક વાચકો સાથે ગોષ્ઠિએ વળ્યા છે. કેટલાક નિબંધોની નિરૂપણ-શૈલી અને રજૂઆતથી આમ એક પ્રકારની આત્મીયતા સ્થપાઈ છે. વાક્યરચનાઓ ભાગ્યે જ સંકુલ છે. ટૂંકાંટૂંકાં ધારદાર અને રમતિયાળ વાક્યો, ભાષાનો યથેચ્છ પણ સમુચિત વિનિયોગ, ક્યારેક બાળવાર્તાના લયટુકડા કે બોલચાલના લયલહેકા શૈલીને સ્વાભાવિકતા ભણી દોરી ગયા છે. વિનાસંકોચે લેખક એક જ વાક્યમાં તત્સમની સાથે અરબી શબ્દ પણ આસાનીથી ગોઠવી દે છે: 'પ્રિયતમાની આંખોની-નિમીલિત આંખોની-પણ એક આગવી નજાકત હોય છે.' (પૃ. ૧૨). તો બોલચાલની છટા જુઓ : 'તારું ભાગવું અને ન ભાગવું એ એક જ ઘટનાના બે અર્થ—બે નામ-છે ત્યાં લખીલખીને મેં છેવટે ન લખવા જેવું જ કર્યું છે ને! એ જ તો આનંદ છે નંદજી મારા!' (પૃ. ૪૧). આ બીજા ઉદાહરણમાં કલ્પના, કટાક્ષ, બાલવાર્તા-લય, વિનોદ આદિનો કેવો યુગપત્ આસ્વાદ અનુભવાય છે: 'નાથાલાલનું તે દીથી નાક વધવા માંડ્યું! પેલું ચારોળી જેવું* નાક તો ફુગ્ગાની જેમ વધતું જ ગયું—વધતું જ ગયું! રાતે ન વધે એટલું દહાડે ને દહાડે ના વધે એટલું રાતે, ભારતની વસ્તીની રીતે બેફામ વધવા જ માંડ્યું!' (પૃ. ૧૨૮). તો ક્યારેક પૅરડીનો આશ્રય લેવો હોય તેમ ન્હાનાલાલીય શૈલીછાંટ પણ લખાણમાં ખેંચાઈ આવે છે: '...માટે હવે હજાર હજાર ઘંટા વગડાવો ને હજાર હજાર આરતીઓ ઉતરાવો! પૃથ્વીના પગથારે નરવીર નાથાલાલ વર્યા છે વિજયની વરમાળા; એમનાં ચરણમાં ઝૂલી ગયા છે દિક્પાળ...' (પૃ. ૧૩૩)+

રોજબરોજના અનેક નાનામોટા વ્યષ્ટિગત અનુભવો કે સમષ્ટિગત અનુભવોને અહીં રસળતી રીતે રજૂ કરવામાં આવ્યા છે. એમાં વિનોદ છે, કટાક્ષ છે, ઉપહાસ છે, કલ્પના-વૈભવ છે, આત્મનિર્ભર્ત્સના છે તો આત્મરતિ પણ છે. મહદંશે અભિગમ અને અભિવ્યક્તિ રોમૅન્ટિક છે. 'માણસની શોધ—માણસની શ્રદ્ધા' જેવી કૃતિમાં તો ભૂતકાળના ગ્રામ-અનુભવનું આકર્ષણ—એક પ્રકારનો નૉસ્ટૅલ્જિઆ, પણ તીવ્રપણે પ્રકટ થતું જોવા મળે છે. પૃષ્ઠ ૬૫ પર શરૂ થતો આખો પરિચ્છેદ આની ગવાહી પૂરશે. આ લખાણો વાંચતાં એમ લાગે છે કે લેખકે આખો ચિત્તકોશ ખુલ્લો મૂકી દીધો છે. પુસ્તકને અંતે 'પ્રિય વાચકને' નામક કેફિયતના આરંભમાં લેખક જણાવે છે: 'તો અહીં જ આપણે અલ્પવિરામ મૂકીએ, ફરીથી કોઇક બીજી રીતે ને બીજા રૂપે મળવા માટે.' એમના આ 'અલ્પવિરામ' પછી 'બીજી રીતે' અને 'બીજા રૂપે' એ આપણને જલદી મળે એવો લોભ આ પુસ્તક વાચ્યા પછી જરૂર જાગે છે.

---

[1] 'નંદ સામવેદી', લે. ચંદ્રકાન્ત શેઠ, પ્ર૦ આર. આર. શેઠની કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૧૯૨ રૂ. ૧૬.

* અહીં 'જેવડું' શબ્દ વધુ ઉચિત ન રહેત?

\+ સરખાવો ન્હાનાલાલના કાવ્ય 'ગુજરાતનો તપસ્વી'નો આરંભ.

નવાં પ્રકાશનો

પરિચયના દીવા સાવ ઝાંખા: આજના સામાજિક વાતાવરણમાં નેકદિલ યુવતી સુધાને અનુક્રમે સુધીર, તુષાર અને મયંકના સંબંધમાં આવવાનું બને છે. પરન્તુ એ પ્રેમ નથી; કાં તો પ્રેમી યુવાન વાસનાનો કીડો નીકળે છે યા તો સમાજની રીતરસમમાં સબડતો મામૂલી માનવી નીકળે છે. સુધા આ બધા જ વતનયુવાનોના પરિચયથી વાજ આવી જઈ, સૂરતના પલસાણા ગામનું વાતાવરણ છોડી નોકરી માટે મુંબઈ જાય છે. ત્યાં વળી જુદી બલા. મામા-મામીએ આ ભાણીનું પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે પોતપોતાની રીતે ચોકઠું ગોઠવવાનો પ્રયત્ન આરંભી દીધો છે એ પામી જતાં સુધા આખરે મુંબઈની એક 'ગર્લ્સ હોસ્ટેલ'માં ગૃહપાલિકા તરીકે જોડાઈ જઈ પ્રણયના જૂના દિવસોને ભૂલીને મુગ્ધ કિશોરીઓની વચ્ચે કિશોરી બની જઈ જાણે નવું જ જીવન પ્રાપ્ત કરે છે. લેખક અશ્વિન દેસાઈ, સૂરત અને મુંબઈનું વાતાવરણ આબેહૂબ ઉપસાવી શક્યા છે. તો પાત્રોને પણ ઓછા અને આછા શબ્દલિસોટાથી યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જીવંતરૂપે રજૂ કરી શક્યા છે. શૈલી સુવાચ્ય અને અભિવ્યક્તિ આસ્વાદ્ય છે.(પ્રકા. લોકપ્રિય પ્રકાશન, મુંબઈ-૨. ૨૪૭, પાકું પૂઠું, રૂ. ૧૮)

અમથાનુભવ: મેઘનાદ હ. ભટ્ટની આ પ્રથમ લઘુનવલકથા છે. પાત્રરૂપે રજૂ થએલી આ નવલકથામાં અમથાલાલ, રીટા કે રોઝી સહુને સમાજની કુત્સિતતાનો અનુભવ થાય છે. ભાવના અને આદર્શની વાતો જ્યારે અમલમાં મૂકવાની આવે છે ત્યારે સમાજ કેવો પોકળ અને દંભી છે તે ખુલ્લું પડી જાય છે. માટે જ આ 'અમથાનુભવ' છે ગરીબાઈ ગુનો હોય તો પણ એ સમાજની વાસ્તવિક્તા છે અને એ લાચારીથી અનેક કરુણ ગુનાઓની હારમાળા વ્યક્તિઓના જીવનને ધૂળધાણી કરી મૂકે છે તો એનો ઉપાય શો ? પ્રેમ, કેવળ પ્રેમ! આ સત્ય અને સૂત્ર પર અહીં બધું અવલંબે છે. કાવ્યમય ભાષાશૈલીમાં લેખકે આ સામાજિક પ્રતિબદ્ધતાની નવલકથાનો કલાઘાટ ઉતારવા ઠીકઠીક પુરુષાર્થ ખેડ્યો છે. વાતાવરણ મુંબઈનું છે, પણ આ પરિસ્થિતિ આજના કોઈ પણ મહાનગરની હોઈ શકે અને એથી ત્યાં જીવતા કોઇ પણ અમથાલાલની અનુભૂતિ હોઈ શકે એ એનો વ્યંગ્યાર્થ છે. અભિવ્યક્તિની દૃષ્ટિએ આ પ્રયોગાત્મક નવલકથા વાચનક્ષમ જરૂર બની શકી છે. (પ્રકા. રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ૪/૭૭૩, ટાવર રોડ, સૂરત, કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૫.૫૦)

આદિવાસીઓનો કલાવારસો સર્વશ્રી રેવાબહેન તડવી અને શંકરભાઇ તડવીએ ગુજરાતના આદિવાસીઓની કલા વિષે તૈયાર કરેલું આ પુસ્તક તેમાંની અક્ષર-સામગ્રી અને અને આલેખન-છબી સમૃદ્ધિને જોતાં લેખકોના શ્રમનું દ્યોતક બની રહે છે. નૃત્ય, નાટ્ય, વેશભૂષા, વાદ્યો, ગૃહરચના, ભીંતશણગાર આદિમાં જે આદિવાસી કલાનો વારસો સચવાયો છે તે અહીં સરળ ભાષાશૈલીમાં રજૂ થયો છે ને વધુ અભ્યાસ માટે દિશાસૂચક અને પ્રેરક બની રહે તેવો છે. (પ્રકા. રેવાબહેન તડવી, પાવીજેતપુર, પાકું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૩૦)

આદિવાસી લોકનૃત્ય: ગુજરાતના લોકસમાજમાં સર્વશ્રી રેવાબહેન તડવી અને શંકરભાઇ તડવીના લખેલા આ પુસ્તકમાં આદિવાસીઓની નૃત્યકલાનો સવિગત અને સચિત્ર પરિચય કરાવવામાં આવ્યો છે તેમાં લેખકોનો તે કલાનો પ્રત્યક્ષ પરિચય, તેને સમજવાની નૈસર્ગિક સૂઝ અને તેને રજૂ કરવાની નિરાડંબરી શૈલીનો એકસાથે પરિચય થઇ રહે છે. લોકજીવનમાં, આદિવાસીઓના જીવનમાં રસ ધરાવનારાઓને આ પુસ્તક ઉપયોગી થઇ પડશે તે સ્વયંસ્પષ્ટ છે. (પ્રકા. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૧૬)


તિતરબિતર: આધુનિક સમાજમાં જીવી રહેલા મનુષ્યોની આધુનિક સંવેદનાને આધુનિક ટૅક્નિક દ્વારા નિરૂપતી જનક નાયકની નવલકથાનો આ સંગ્રહ સુવાચ્ય બની શક્યો છે. લેખકની વાર્તાનિષ્ઠા અહીં અછતી રહેતી નથી. માનવસમસ્યા અને કલાસમસ્યાના સંઘર્ષ વચ્ચે કલમ અહીં ટકી રહેવા મથતી લાગે છે. (પ્રકા. સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સુરત; કાચું પૂઠું. પૃ. ૮૯, રૂ. ૬)

દૂર મંઝિલ દૂર કિનારા: અપાર આશાઓ માટે જીવતાં, નીના, સ્મૃતિ, કોશા, આકાશ જેવાં આ નવલકથાનાં પાત્રો આ સમાજમાં આશાભંગ પરિસ્થિતિમાં સમસ્યાઓ અને સંઘર્ષો સાથે આગળ ધપતાં નીતિ-અનીતિનાં મૂલ્યોને અવગણીને પણ આગળ વધતાં અનેક જીવંત માનવીઓની પ્રતિછવિઓ છે. આ પ્રતિછવિઓનું પ્રિયકાન્ત પરીખે સુવાચ્ય શૈલીમાં અહીં નવલકથારૂપે આલેખન કર્યું છે (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. ૪૦૦૦૦૨. પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૬)

મંગલા: જેઠાલાલ ત્રિવેદીના સાહિત્ય અને સંશોધન વિષયક ૨૦ લેખોના આ સંગ્રહમાં 'ભારતી કાવ્યમીમાંસાની રૂપરેખા', વિવેચના આદિ સાહિત્ય વિષયને લગતા લેખો

શતરંજના કોયડા

H. W. Bettmann



સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું

H. W. Bettmannના આ કોયડામાં ચાવીની ચાલ પછી કાળાનું **KP** તેની બીજી હરોળ પર હોઈ, ચાર વિકલ્પમાં પ્યાદાની શક્ય ચારે ય ચાલ ચાલે છે અને તેના જવાબમાં સફેદ ચાર જુદીજુદી રીતે મ્હાત કરે છે. પ્યાદાની ચારેય ચાલ દર્શાવતા કોયડાના મધ્યવર્તી વિચારને Pickaninny Theme કહે છે. આ કોયડો તેનું એક સુંદર દૃષ્ટાંત છે.

ચાવીની ચાલ : **1 N×P ! - waiting move**

ધમકી : નથી

વિકલ્પો :

1..., P-K3; 2 R-N7 મ્હાત

1..., P-K4; N-K8 મ્હાત.

1...,P×B; 2 N-N7 મ્હાત.

1..., P×N; 2 Q-KB2 મ્હાત.

આ કોયડામાં બહુ જ ઓછાં મ્હોરાંનો ઉપયોગ કરીને મધ્યવર્તી વિચારને આકર્ષક રીતે દર્શાવ્યો છે. **સુરેશ મોદી**

છે, તો 'પુરાણોમાં ઇતિહાસ અને ભૂવિદ્યા' કે 'ધર્મારણ્યનાં પંચાવન ગામો' જેવા પુરાણવિષયક લેખો, 'પ્લવંગમ છંદ' અને 'ગુજરાતી કારકો' જેવા છંદ-વ્યાકરણને લગતા ટૅકનિકલ લેખો કે 'બહુચરાજીની પ્રાચીનતા' અને 'નરસિંહ મહેતાનાં વ્રજભાષાનાં પદ' જેવા સંશોધન વિષયક લેખો સમાવિષ્ટ છે. લેખકના ઊંડાણ કરતાં અહીં સપાટી પરના વ્યાપનો વધુ પરિચય થઇ રહે છે. ભાષાશૈલીમાં સુશ્લિષ્ટતાનો અને લેખનના આકારમાં સુગ્રથિતતાનો અભાવ ખટકે તેવો છે. (પ્રકા. લેખક પોતે જ, કવિકુટિર, પોસ્ટ-રાંધેજા. પાકું પૂઠું, પૃ. ૩૧૦, રૂ. ૧૫) —ધી. પ.



હિરણ્યાક્ષના વધ પછી એના ભાઈ હિરણ્યકશિપુએ તપ કરીને અવધ્યનું વરદાન મેળવ્યું અને પોતાના વિષ્ણુભક્ત પુત્ર પ્રહ્લાદને અપાર દુઃખ આપતાં વિષ્ણુ ભગવાને એક સંધ્યા કાળે વિકરાળ એવા અર્ધમાનુષી-અર્ધપાશવિક નૃસિંહાવતાર લઈને હિરણ્યકશિપુને માર્યો.

ઋગ્વેદમાં સિંહની ઉપમા પામેલા વિષ્ણુએ નૃસિંહાવતારનો પ્રાચીન નિર્દેશ મનાય છે. ભાસ કૃત 'કર્ણભારમ્'ના પ્રારંભમાં નૃસિંહાવતારની સ્તુતિ છે. કવિ જયદેવે 'ગીતગોવિંદ'માં તેનું સ્તવન કર્યું છે. વિ.સં ૧૦૦૫ના પરમાર સીયકના દાનપત્રમાં તેની સ્તુતિ છે.

સિંહ જેવી વિકરાળતાથી હિરણ્યકશિપુના વધના સંદર્ભમાં નૃસિંહાવતારનો અર્ધમાનુષી અર્ધપાશવિક ખયાલ રૂઢ બન્યો છે. વાસ્તવમાં એ ઐતિહાસિક વ્યક્તિ જ હતા. હિરણ્યકશિપુ અને નૃસિંહ બંને દક્ષના વંશજો જ હતા. દક્ષપુત્રી અદિતિની પ્રજા આદિત્ય, ને દિતિની પ્રજા દૈત્ય. દિતિના પુત્ર હિરણ્યાક્ષનો વધ વરાહાવતારરૂપ મનાતા આઠમા આદિત્ય સૂર્ય વિષ્ણુએ કરેલો. હિરણ્યકશિપુને સૂર્યવિષ્ણુના પૌત્ર નૃસિંહે મારેલો. આ નૃસિંહ જ કાળક્રમે અવતાર રૂપે ઓળખાયો. પ્રાચીન ઈરાનિયન વંશાવલીમાં પણ 'નરી' કે 'નરસિંહ' નામે જેનો ઉલ્લેખ છે તે આ નૃસિંહનો છે. એ ચીનનો રાજા હોવાનું સ્વ. ડોલરરાય માંકડે અનુમાન્યું છે.

નૃસિંહની પ્રતિમાના ગિરિજા, સ્થાણુ, પાનક અને લક્ષ્મીનૃસિંહ એમ ચાર પ્રકાર 'અગ્નિપુરાણ'માં દર્શાવ્યા છે. ઉત્તર કલકત્તાના ચિતપોરમાં હિરણ્યકશિપુનો વધ કરતા નૃસિંહનું એક સુંદર કાષ્ઠશિલ્પ છે. ગુજરાતમાં બહુધા શોભન રૂપ નૃસિંહમૂર્તિ મળે છે.

—પ્રફુલ્લ રાવળ



માધુકરી

ચાલ, ચાલ, પડિયે પગ રસ્તે, નવું નવું જોવાશે,
ઊભી લાગતી ધરા તે ય ખેંચાતી ને ખેંચાશે!
ખેંચાતાં પણ જવું જ તો તો જવું ન શીદ ખુશીથી!
ચાલ, ચાલ, ઊડિયે જ અગાડી, આનંદે વણ ભીતિ!

—ગોવર્ધનરામ

સ્વ. બી. કે. મજમુદાર

બાળપણની કપરી સ્થિતિમાંથી પુરુષાર્થ અને પ્રતિભાના બળે પાર આવી, ગુજરાતની બબ્બે પેઢીના તરુણોના પ્રેરણાસ્રોત બની રહેલા બલ્લુભાઈ મજમુદારનું ગઈ ૨૦ મેના રોજ અવસાન થતાં કુનેહભરી દીર્ઘદૃષ્ટિ, અવિરત કર્મશીલતા અને અજોડ આયોજન-શક્તિ ધરાવનાર એક અનેકમુખી પ્રતિભાની બહુ મોટી ખોટ પડી છે.

એમનું પૂરું નામ તો હતું બલ્લુભાઈ કૃષ્ણલાલ મજમુદાર. બી. કે.ના હુલામણા નામે તેઓ આપ્ત વર્તુળોમાં માનીતા હતા. બારડોલી નજીક મહુવા ગામમાં ઈ. ૧૯૦૨ની ૨૨ સપ્ટેમ્બરે એમનો જન્મ. પિતા કૃષ્ણલાલ ગાયકવાડી નોંધણીખાતામાં જમીનનો રેકૉર્ડ રાખતા. આછી-પાતળી ખેતી પણ ખરી. પરંતુ બી. કે.એ બચપણમાં જ માતાપિતાની છત્રછાયા ગુમાવી હતી અને કુટુંબનાં એક વિધવા ફોઈને આશરે પોતાની બે બહેનો સાથે ઊછર્યા હતા. નાના બલ્લુભાઈ ભણવામાં બહુ તેજસ્વી હોઈ એ સમયના અંગ્રેજી છઠ્ઠા ધોરણમાંથી જ સીધી મૅટ્રિકની પરીક્ષા આપીને ઊંચે નંબરે તેમાં ઉત્તીર્ણ થયા હતા. એ પછી એક સ્નેહી રામરાય મુનશીની સહાયથી એમણે અમદાવાદમાં ઈન્ટર આર્ટ્સ સુધી અભ્યાસ કર્યો ને પછી ગાંધીપ્રવૃત્તિના પ્રભાવથી અંજાઈ સરકારી કૉલેજ છોડીને બનારસ હિંદુ યુનિવર્સિટિમાં ભણવા ગયા. ત્યાં પ્રો-વાઈસ ચાન્સેલર આચાર્ય આનંદશંકર ધ્રુવ ઉપરાંત એ કાળના અનેક નામી પ્રાધ્યાપકોના ગાઢ સંપર્કે એમનું આંતરકલેવર ઘડાયું. બનારસ ત્યારે થીઓસૉફીનું કેન્દ્ર હતું. એની સત્ત્વશીલ અને સાંસ્કારિક છાપ પણ તેમના પર પડી. અભ્યાસેતર વાચન વધારીને સમકાલીન યુરોપી સાહિત્યનો પણ એમણે ઊંડો પરિચય મેળવ્યો, અને સાહિત્ય તથા અર્થશાસ્ત્ર એ બંને વિષયોમાં ઑનર્સ સાથે પ્રથમ વર્ગમાં એમ. એ. થયા.

એ અરસામાં યુનિવર્સિટી કૉમર્સ કૉલેજ શરૂ કરવા વિચારતી હતી. તેમાં બલ્લુભાઈ જેવા અત્યંત તેજસ્વી પ્રાધ્યાપક મળે એ ખયાલથી યુનિવર્સિટીએ તેમને 'લંડન સ્કૂલ ઑવ ઈકોનૉમિક્સ'માં અભ્યાસ કરવા મોકલ્યા. ૧૯૨૮ થી '૩૦, બે વર્ષ ત્યાં રહી એમણે અર્થશાસ્ત્રની ઉચ્ચ ઉપાધિ મેળવવા સાથે ઈંગ્લૅન્ડના જીવન અને સાહિત્યનો પણ પૂરો પરિચય મેળવ્યો. પણ પાછા ફર્યા ત્યારે સરકારી ગ્રાન્ટ ન મળતાં કૉમર્સ કૉલેજ ઊભી ન થઈ શકી અને બલ્લુભાઈને બનારસ હિંદુ યુનિવસિટી સમાવી શકી નહિ તેથી તેઓ અમદાવાદ આવતા રહ્યા.



અહીં શેઠ શ્રી કસ્તૂરભાઈએ એમની શક્તિ પારખી લઈ ૧૯૩૧માં તેમને અરવિંદ મિલ્સમાં સેક્રેટરી તરીકે રાખી લીધા. તે પછી ૧૯૪૨ સુધી એ સ્થાને રહીને બી. કે.એ પોતાની બુદ્ધિ-પ્રતિભા અને અજોડ આયોજન-શક્તિનો

અચ્છો પરિચય કરાવ્યો. દરમિયાન એમની શિક્ષણપ્રીતિ, વ્યવહાર-રીતિ, અને વહીવટનીતિનો પણ પરિચય મળ્યો. અમદાવાદ એજ્યુકેશન સોસાએટીની એચ. એલ. કૉમર્સ કૉલેજ અને એલ. ડી. આર્ટ્સ કૉલેજના વિપદમાં પડેલા સંચાલનને પણ એ સોસાએટીનું મંત્રીપદ એમને સોંપાયા પછી એમણે ઉગારી લઈને ત્યાંના વહીવટને ગૌરવાંક્તિ કરી વિકાસ સાધી બતાવ્યો.

ઈ. ૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે'ની સ્વાતંત્ર્યની લડત વખતે તેઓ પણ 'કૉંગ્રેસ સોશ્યાલિસ્ટ' જૂથમાં જોડાયા હતા અને તેની ભૂગર્ભ પ્રવૃત્તિઓ સાથેના એમના જોડાણથી અંગ્રેજ સરકારની નજરે પણ ચડી ચૂકેલા. એ ભૂગર્ભ પ્રવૃત્તિઓ માટે તેઓ મુંબઈ જઈ રહેલા. એ વખતમાં બિહારની જેલમાંથી નાસી આવેલા શ્રી જયપ્રકાશ નારાયણને ગુપ્ત રીતે કલકત્તા પહોંચડવામાં એમણે અજબ કુનેહ વાપરીને એ સાહસ પાર પાડેલું. અંતે અમદાવાદના એમના અન્ય સાથીઓ, કે જેમના પર સરકારની અત્યંત કડક નજર હતી, તેઓની સાથે, એક પોલીસ અધિકારીની સલાહ તથા તેઓમાંના કોઇનો વાળ વાંકો ન થવાની ખાતરી મેળવી તેઓ સૌએ સામે ચાલીની ધરપકડ વહોરી લીધી અને સવા વર્ષની કેદ ભોગવી.

જેલમાંથી છૂટીને આવ્યા તે પછી અમદાવાદ જિલ્લા સ્કૂલ બોર્ડ-ના ચૅરમૅન તરીકે એમની નિમણૂક થઈ હતી, પણ તેમાં એમની સર્જક પ્રતિભાને રસ ન પડતાં એ પદ છોડી દીધું. એ પછી તુરત ગુજરાતની પોતાની યુનિવર્સિટી સ્થાપવાના હેતુથી રચાએલા 'યુનિ-વર્સિટી કમિશન'ના મંત્રી તરીકે એમની નિયુક્તિ થઈ, અને પોતાના બહોળા અનુભવે એ યોજના એમણે બહુ સફળતાપૂર્વક સાકાર કરી બતાવી. આજના યુનિવર્સિટીના વિકાસમાં અને ત્યાંના વિસ્તારના મધ-મધતા પર્યાવરણના સર્જનમાં એમની જ પ્રતિભાની ફોરમ મહેકે છે.

એ જ વર્ષોમાં શેઠ શ્રી કસ્તૂરભાઇએ એક કૅમિકલ પ્લાન્ટ નાખવા વિચાર્યું. એમણે એ આયોગની તમામ જવાબદારી બી. કે. ને સોંપી. અને એમણે પણ આ પ્લાન્ટ માટેના સ્થળની પસંદગીથી માંડીને દેશ વિદેશમાં ગુજરાતને ગૌરવ અપાવનાર એ ભવ્ય પ્લાન્ટ ઊભો કરી આપ્યો. 'અતુલ'ના નામે સુપ્રસિદ્ધ એ પ્લાન્ટ એમની કુનેહભરી દીર્ઘદૃષ્ટિ, અપાર હિંમત, સમુચિત સાહસશક્તિ અને બેનમૂન વહીવટી દક્ષતાનું ગૌરવવંતુ સ્મારક બની રહ્યો છે.

પણ ઉદ્યોગના શુષ્ક ક્ષેત્રે બંધાઈ ન રહેતાં તેઓ રાજકારણમાં પણ સક્રિય રસ લેતા અને કલા, સાહિત્ય, સમાજશાસ્ત્ર વગેરેનું વાચન પણ સતત જારી રાખવા સાથે તે ક્ષેત્રોમાં પણ શક્ય તેટલા ક્રિયાશીલ રહીને એમણે એ બધા વિષયોમાં એક આરૂઢ વિદ્વાન જેટલી સજ્જતા કેળવી હતી. એમનું અંગત પુસ્તકાલય પણ એમના જ્ઞાનનિધિના વ્યાપનું દ્યોતક છે. આવા રસિક જીવ અતુલ વિસ્તારમાં એક લાખથી એ વધુ વૃક્ષો પણ ઉગાડે એ તદ્દન સ્વાભાવિક છે. અતુલ ઉપરાંત, વાપીની ઔદ્યોગિક વસાહત પણ દક્ષિણ ગુજરાત પર એમણે કરેલું મોટું ઋણ છે.

ઈ. ૧૯૭૦માં નિવૃત્ત થઈ તેઓ અમદાવાદ આવ્યા, અને લોકનેતા શ્રી જયપ્રકાશ નારાયણની ઝુંબેશમાં જોડાયા. ૧૯૭૫માં રચાએલી લોકસંઘર્ષ સમિતિના તેઓ પ્રથમ કન્વીનર વરાયા હતા. કટોકટીકાળમાં લોકપ્રતિકારના આયોજનમાં એમણે દાખવેલી સક્રિયતાના કારણે સૂરતની જેલમાં અને પછી નાદુરસ્ત તબિયતના કારણે નજરકેદ જેવી સ્થિતિમાં કેટલાક મહિના રહેવું પડેલું અને કટોકટી પછીયે એમણે ન તો કાર્યરતતામાંથી નિવૃત્તિ લીધી કે ન તો સરકારી પદનો સ્વીકાર કર્યો.

પોતાના પુરુષાર્થ અને તેજસ્વી મેધાથી જીવનની પ્રારંભિક વિકટતાઓને મ્હાત કરીને ઉચ્ચોચ્ચ કારકિર્દીનું સ્વયં ઘડતર કરી આજની પેઢીને માટે એમણે અજોડ પ્રેરણા પૂરી પાડી છે. □

જાતિ ન પૂછો સાધકી, પૂછ લીજિયે જ્ઞાન;
મોલ કરો તલવાર કા, પડા રહન દો મ્યાન.
—કબીર

એક યોગી ગુરુ પાસે જઈ કહેવા લાગ્યો કે 'મેં ચૌદ વર્ષની આકરી તપસ્યા કરીને પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.'

તેને ઉત્તર આપતાં ગુરુએ કહ્યું : 'નદીપાર તો હોડીવાળો માત્ર ચાર આનામાં મૂકી આવી શકે. આ હિસાબે તારી સાધનાની કિંમત ચાર આનાથી વધુ શી થઈ?'

કહેવતોના અર્થ: 'મરણ તરણને શાખવે'—સંકટ પડ્યે બધું સૂઝે, અથવા 'નેસેસિટી ઈઝ ધ મધર ઑવ ઈન્વેન્શન' એ અંગ્રેજી કહેવતનો ભાવ પ્રબોધતી આ કહેવતનો અર્થ સૂચવે છે તેમ, પાણીમાં પડી ગયેલો માણસ મરણ આવી પડેલું જોઈ જેમ આપમેળે તરવાનો પ્રયત્ન કરતો થઈ જાય છે, તેમ સંકટને વખતે માણસ જો જરા સ્થિર બુદ્ધિ ને હિંમતથી પ્રયત્ન કરે તો તેને બચવાનો માર્ગ મળી જ આવે છે.

અનેકાર્થી શબ્દ : **ઠાર**=શીતળતા કે ટાઢી હવા; વધ; કતલ; ઠેકાણું; ઠરેલી વસ્તુ; તળિયે બેસતો કચરો કે મેલ; ખબર, પત્તો; ઝાકળ; નિશ્ચય; વખત; ઢીલ; નિઃશેષ; સંપૂર્ણ-રીતે; જલદી કે તુરત; છેક જ નુકસાનીમાં આવી ગએલું; સજ્જડ, નિરુપાય.

પોણા ઈંચ જેટલી કાચની લખોટીમાંથી ૧૫૦ માઈલ લાંબો તાર નીકળી શકે.

સૂતરની દોરી સૂકી કરતાં ભીની હોય ત્યારે વધુ મજબૂત હોય છે.



यदमी दशन्ति दशना
रसना तत् स्वादु सौख्यमनुभवति।
प्रकृतिरियं विमलानां
क्लिश्यन्ति यदन्य-कार्येषु ॥

સ્વાદના આનંદનો અનુભવ તો જીભ કરે છે: પરન્તુ દાંત ભોજનને ચાવી આપવાનું કામ કરે છે, આમ કષ્ટ સહન કરીને પણ બીજાનાં કાર્યો કરી આપવાં, એ નિર્મળ અને ઉત્તમ મનુષ્યોનો સ્વભાવ છે.



ટિકિટકથા: પ. જર્મનીના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ થીઓડોર હ્યુસનાં પત્ની ફ્રાઉ હ્યુસ-ક્નાપની જન્મ શતાબ્દી નિમિત્તની આ ૬૦ ફેનિંગ્સની ત્યાંની ટિકિટ ઉપર તેમની છબિ આપી છે. સ્ત્રીઓ ને બાળકોની ઉન્નતિ એ એમનો જીવન-રસ. કામદાર સ્ત્રીઓની હાલત સુધારવા ૧૯૫૦માં એમણે એક સંસ્થા પણ સ્થાપેલી. ૧૯૫૨માં એમનું અવસાન થયું.

કલાકણિકા : **શાહ** અબ્બાસના સમય (ઈ. ૧૫૮૬ થી ૧૬૨૫)માં ઇરાનની કળા તેની ટોચે પહોંચી હતી. એ અરસાના ત્યાંનાં માટીનાં પાત્રો, ધાતુકામ, કાપડ ઉપરની ભાત અને હસ્તલિખિત ગ્રંથોના ચિત્રો તથા શોભનોમાં એ કળાનું જોમ, સૌંદર્ય ને વિગત-પ્રચુરતાની સાથે તેના શોભનાત્મક અંકનનો આગવો પ્રભાવ જોવા મળે છે. અહીં એ કાળની માટીની એક ઓપવાળી તાસક પરના શોભન-આલેખનનો નમૂનો આપ્યો છે, જેમાં સફેદ પશ્ચાદભૂ ઉપર લાલ પુષ્પો, લીલાં પાન અને ઈરાનના વિશિષ્ટ ભૂરા રંગમાં કરેલી સુંદર ભાત છે.

લવાજમ-વધારો

કાગળ અને મુદ્રણસામગ્રીના થતા રહેલા એકધારા ભાવવધારાને કારણે ઑક્ટોબર-૧૯૮૧થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩૦ અને પરદેશમાં રૂ. ૬૦ અથવા પાઉન્ડ ૩–૫૦ યા ડૉલર ૭ રહેશે. અને ખાસ અંક સિવાયના છૂટક અંકની કિંમત રૂ. ૩ રહેશે.

સાત વર્ષ બાદ ન છૂટકે કરવો પડેલો માસિક માત્ર ૫૦ પૈસા, એટલે કે રોજના બે પૈસાથી યે ઓછો આ લવાજમ વધારો, પરિસ્થિતિ પ્રમાણીને સુજ્ઞ ગ્રાહકો નિભાવી લેશે તેવી આશા છે.

આમ છતાં, ૩૦ સપ્ટેમ્બર સુધીમાં અમને મળી જાય એ રીતે ચાલુ વર્ષના ગ્રાહકો રૂ. ૨૪ પ્રમાણે આવતા વર્ષનું આગોતરું લવાજમ ભરી શકશે.

નવા ગ્રાહકો પણ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં રૂ. ૨૪ના દરે લવાજમ ભરી શકાશે. આ રાહત ૧ ઑક્ટોબરથી મળી શકશે નહિ.

આવતા ઑક્ટોબર ('૮૧)નો અંક, આજીવન 'કુમાર'નું ઘડતર કરનાર **સ્વ. શ્રી બચુભાઈ રાવતની** સ્મૃતિમાં પ્રકટ થશે, જેમાં એમના સચિત્ર વિસ્તૃત પરિચય સાથે એમના જીવનકાર્યનાં વિવિધ પાસાંની ઝાંખી વગેરે સહિત ચાલુ બધી વાચનસામગ્રીનો પણ સમાવેશ હશે.

અને સુજ્ઞ વાચકોને એ પણ ખયાલમાં હશે કે આવતા એપ્રિલ ('૮૨)નો અંક એ 'કુમાર'ની આગવી પ્રણાલિ પ્રમાણે તેનો ૭૦૦મો ખાસ અંક હશે.

લોકકલા શ્રેણી – ૯ – પુરી



રંગાઈનો કસબ અને આપણો સાંસ્કૃતિક વારસો

પુરી તો ભગવાન જગન્નાથના તીર્થધામની પ્રખ્યાત પ્રાચીન પાવન નગરી.
આ જગન્નાથપુરીમાં પોતાની અનોખી લોક-ચિત્રકલાનો વારસો જળવાઈ રહેલો છે. ૧૯ મી સદીમાં તે ખીલેલી, પરંતુ એ શૈલીના અવશેષો આજે પણ એ નગરીમાં મળી શકે છે.

આ ચિત્રો મોટેભાગે કાપડપર દોરવામાં આવતાં, જો કે પાછળનાં વર્ષોમાં તે માટે કાગળ પણ વપરાતો ખરો. કાપડ ઉપર કાળી માટી અને છાણનું મિશ્રણ લગાડવામાં આવતું. તેની ઉપર લાખનું પડ લગાડાતું. આ કડક સપાટી ઉપર જગન્નાથ, સુભદ્રા અને બળરામની દૈવી ત્રિપુટી, જુદીજુદી મુદ્રામાં અંકિત કરવામાં આવતી. મંદિરમાંની આ દૈવી ત્રિમૂર્તિની સાથે આ ચિત્રાંકિત આકૃતિઓનું ઘણું સામ્ય રહેતું. તેમનાં મસ્તક અદ્દભુત વિકૃતિવાળાં લાગતાં; એમને ધડ, જંઘા અને પગ નહોતા. હાથ પણ ખુઠ્ઠા ડંડા જેવા જ દોરવામાં આવતા.
આ ચિત્રોમાં વપરાયેલા રંગોમાં માટીની પ્રાણવાન રંગછટાઓ શોભે છે. તેમાં દેશી ઘટ્ટ લાલ, આછો ભૂરો, મુલાયમ લીલો અને ભભકદાર પીળો રંગ હોય છે. એ બધાયનો ઉદ્દભવ પ્રાકૃતિક છે.

ત્યારપછી તો ભારતીય રંગદ્રવ્યોએ ઘણી પ્રગતિ કરી છે.

આજે, અતુલમાં તરેહ-તરેહનાં રંગદ્રવ્યો (ડાઇઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમ જ માનવસર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળપર સુંદર રંગકામ કરી શકાય છે.
આ ઉપરાંત, અતુલ ડાઈઇન્ટરમીડિએટ્સનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઇઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઑપ્ટિકલ વ્હાઇટનીંગ એજંટ બનાવી શકાય છે.

**"રંગે રાસાયણિક, આધુનિક સૌ ચીજો સોહાય,
અતુલના સર્વોત્તમ રંગે, સૌ કોઇ મોહાય."**

ધી અતુલ પ્રૉડક્ટ્સ લિ.

અતુલ-વિરાટ રાસાયણિક સંકુલ

પો. ઑ. અતુલ,
જિલ્લો : વલસાડ-૩૯૬૦૨૦
ગુજરાત (ભારત)
ફોન : ૬૧ તાર : "TULA" અતુલ
ટેલેક્સ : "૦૧૭૩-૨૩૨ અતુલ ઇન"

Adroit-1979-GUJ